ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 • ISSUE : 10 • JANUARY 2018 • PAGES 52 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૫ (કુલ વર્ષ ૬૫) અંક-૧૦ • જાન્યુઆરી ૨૦૧૮ • પાનાં - ૫૨ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

जिणवयणे अणुरत्ता जिणवयणं जे करंति भावेणं।
अमला असंकिलिट्ठा ते होंति परित्तसंसारी।।

Those who have love for and faith in the teachings of the Jina, who practise them with devotion, who ara free from the dirt of Mithyatva and also free from the tortures of passions, limit their Samsara i.e. the cycle of birth and death.

सजो जिनवचन में अनुरक्त हैं तथा जिनवचनों का आचरण भावपूर्वक करते हैं और जो मिथ्यात्व के मल से और संक्लेश से रहित हैं वे अल्प संसार – (जन्म-मरण) वाले हो जाते हैं।

જેઓ જિનવચનમાં અનુરક્ત (શ્રદ્ધાવાળા) છે, જેઓ જિનવચન અનુસાર ક્રિયાઓ ભાવપૂર્વક કરે છે, જેઓ મિથ્યાત્વના મલથી રહિત છે તથા જેઓ રાગદ્વેષના સંકલેશથી રહિત છે, તેઓ મર્યાદિત સંસાર (ભવ્ભ્રમણ)વાળા બને છે.

ડૉ. રમણલાલ ચી. શાહ 'जिन वचन' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
 ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
 ૧૯૩૨ થી ૧૯૩૩
 બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
 ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
 ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
 ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

# આચમન

## રચનાત્મક ચિંતન - સ્વીકારભાવ

બ્હેન વિદેહા હિન્દીના પ્રોફેસર અને તેઓના પતિ હાઈકોર્ટમાં ન્યાયાધિશ, બે બાળકો કૉલેજમાં અભ્યાસ કરે. વિદેહાબેન ચિંતનશીલ અને સારા લેખિકા પરંતુ સ્વભાવે આનંદી નહીં. ભવિષ્યની બાબતોમાં કાયમ વિચારશીલ અને હતાશાવાદી એક દિવસ આવા વિચારોમાં પોતાની જાત પર ગુસ્સો અને કંટાળો આવતા આત્મહત્યાના વિચારોમાં ઘરની બહાર નીકળી ગયા અને તળાવના કિનારે તળાવમાં ડૂબી જઈને આત્મહત્યા કરવાના વિચારોમાં બેઠા હતા. થોડી વારમાં બોધિસત્ત્વનું ત્યાં આવવું થયું અને વિદેહાને તેમના દર્શન થતાંજ પૂજ્યભાવ ઉત્પન્ન થયો. કુદરતી વિહેદાને પોતાની માનસિક સ્થિતિ તેઓને જણાવવાનું અને કંઈક સલાહ મેળવવાનું મન થયું. બોધિસત્ત્વએ વિદેહા સાથે ચર્ચા કરી જણાવ્યું કે આ જન્મમાં તને તારા વિચારોથી છૂટકારો મળશે પરંતુ બીજા ભવમાં પણ તારૂં જીવન અને વિચારો બદલાઈ જશે તેની ખાતરી છે? દરેક જન્મે પરેશાનીઓ તો આવેજ માટે આત્મહત્યા એ જ એનો ઉપાય નથી.

વિદેહા સમજુ હોવાથી તેના મનમાં બોધિસત્ત્વની સલાહ અને તેમના વિચારોની સારી અસર થઈ અને આત્મહત્યાનો વિચાર માંડીવાળી જીવનમાં આવતી પરેશાનીઓનો સ્વીકાર કરી જીવન વિતાવવાનો નિર્ધાર કરી સ્વગૃહે સિધાવી. બોધિસત્ત્વના સંપર્કે તેનું જીવન ઉત્સાહપૂર્ણ બનાવી દીધું. વિધાયક ચિંતન અને સ્વીકારભાવની કેવી અસર થાય તે તેને શીખવા મળ્યું.

હિંદી : સંત અમિતાભ     અનુ. : પુષ્પાબેન પરીખ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શોધ ભીડમાં ખોવાયેલાં આપણાં સહુની! (તંત્રી સ્થાનેથી) | સેજલ શાહ | ૩ |
| ૨. | શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યમાં આધ્યાત્મિક મૂલ્યો | ગુણવંત બરવાળિયા | ૯ |
| ૩. | ભાષાનો જન્મ અને જોડણીકોશની ગતિ-પ્રગતિ | પ્રમોદ શાહ | ૧૩ |
| ૪. | ઉપનિષદમાં વસુધાન કોશ વિદ્યા | ડૉ. નરેશ વેદ | ૧૬ |
| ૫. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૪ | કિશોરસિંહ સોલંકી | ૧૯ |
| ૬. | 'મા' | નટવરભાઈ દેસાઈ | ૨૧ |
| ૭. | શું તમે તમારી બેગ તૈયાર રાખી છે? | જાદવજી કાનજી વોરા | ૨૩ |
| ૮. | અમેરિકા એક ઓળખ | મેધા ત્રિવેદી | ૨૫ |
| ૯. | મારાં મનમાં રાજ કરતી અને દિલમાં કાયમ વાસ કરતી વિભૂતિ... | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૨૭ |
| ૧૦. | અભ્યંતર તપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૨૮ |
| ૧૧. | મહાત્મા ગાંધીના અંતિમ દિવસો, હત્યા, તપાસ અને કેસની તવારીખ : 'લેટ્સ કિલ ગાંધી' | સોનલ પરીખ | ૩૧ |
| ૧૨. | જૈન હસ્તપ્રતોના મહાન સંશોધક અને પ્રકાંડ વિદ્વાન મુનિશ્રી જંબુવિજયજી | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૩ |
| ૧૩. | ભાવ-પ્રતિભાવ | - | ૩૪ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૬ |
| ૧૫. | જ્ઞાન-સંવાદ | - | ૩૯ |
| ૧૬. | Jain Concept of Aparigraha | Prof. Sagarmal Jain | ૪૧ |
| ૧૭. | Legitimate Dialect and Virtuous Speech! | Prachi Dhanvant Shah | ૪૬ |
| ૧૮. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૪૮ |
| ૧૯. | જો હોય મારો અંતિમ પત્ર તો... | યોગેશ જોષી | ૫૨ |





नमस्ते शारदे देवि वीणापुस्तकधारिणि।
विद्यारम्भं करिष्यामि प्रसन्ना भव सर्वदा।।

धरी कुंदकांती शिरीं घे किरीट। करीं दिव्य वीणा मुखीं गोड गीत।।
करी ज्या कृपा त्या शिरीं हस्त ठेवी। नमूं शारदा ज्ञानविज्ञानदेवी।।

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • પોષ વદ -૧૪

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

### તંત્રી સ્થાનેથી...

## શોધ ભીડમાં ખોવાયેલાં આપણાં સહુની !

અંધકાર છેવટે શું છે ?

અંધકારને છેદવા માટે બત્તીને ચાલુ કરીએ છીએ અને જે છેદાય છે, તે અંધકાર અને પ્રાપ્ત થાય તે ઉજાશ છે ?

તો પછી મારો પ્રવાસ કેમ, આ ક્ષણિક ઉજાશ પછી થંભી જાય છે ?

એમ પણ ન જ કહી શકાય કે મારો પડાવ મને સુખ નથી આપતો, ચોક્કસ આપે છે.

આનંદ અને સુખ, સંતોષ અને પ્રાપ્તિ વચ્ચેનો ભેદ શું છે ?

પ્રબુદ્ધ જીવનના વાચકો તમારી સાથે શું વાત કરું ? દર મહિને તમારી સાથે થતી વાતો અને વાતોના અર્થની શોધ. અને ક્યારેક સમજાય અને અઘરી લાગે એવી ચર્ચાઓ !!

આપણી વાતો કોઈ જીવન પ્રશ્નોના ઉત્તર આપવા માટે લખાતો નિબંધ નથી. મારા પ્રિય વાચકો, તમે એક વૈચારિક સામયિકના વાચકો છો, જેમને હું કોઈ માર્ગદર્શિકા આપવાની નાદાન ન ભૂલ કરું. પણ મારી આપની સાથેની વાતો તો સંવાદ છે. તમારા અને મારા વિચારનો પ્રવાસ, ઘણી વાર થાય કે મારાં મનનાં આ તોફાનોને હું કેમ તમારી સાથે વહેંચુ છું ? કારણ મને શ્રધ્ધા છે કે બહુ મુશ્કેલીથી આજના વિશ્વમાં, આવા સજ્જ સમાંતરે વિચારો કરનાર મળે છે. પ્રબુદ્ધજીવનના વાચકો પાસે હૃદય ખોલવાની ચેષ્ટા એટલે જ કરી શકાય કારણ અહીં ઓપન હાર્ટ સર્જરીમાં પણ કોઈ વિટંબણાની સંભાવના નથી. જ્યારે તમારા વાચકો પણ તમારી સમાંતરે ચાલતાં હોય ત્યારે શબ્દો અંતરના ઊંડાણમાંથી પારદર્શક બનીને પ્રગટતા હોય છે, જે સીધા સામેના મનમાં ઊતરીને સંચલનો પ્રગટાવે છે. આ તોફાન જીવવા માટે આવશ્યક છે. થીજી ગયેલાં આકારો બનીને, આ શહેરમાં જીવવા કરતાં તોફાનોને સંઘરીને મંથન કરતાં રહેવું સારું. જ્યારે અંદર બધું થીજી જાય છે ત્યારે જીવિત અને મૃત્યુ પામેલા, આકારો વચ્ચે બહુ ફરક નથી રહેતો.

આવી જ કેટલીક તોફાની વાતો આપણે કરતાં રહીએ છીએ, અને આપણી સ્થિરતાને પામવાનો પ્રયત્ન કરીએ. સ્થિરતા આમ તો ભ્રામિક જ છે, પરંતુ તે મંજિલ માટે આવશ્યક છે. તેને માટે કોઈક માધ્યમ આવશ્યક છે. પણ માધ્યમ જ મોટે ભાગે મંજિલમાં બદલાઈ જાય, ત્યારે પ્રવાસ વિફળતામાં પરિણામે છે. રામકૃષ્ણ પરમહંસ કહે છે કે ગ્રંથોમાંથી તો માત્ર ખ્યાલ મળશે કે કેવી રીતે પ્રભુને પામી શકાય. પરંતુ આ જ્ઞાન

આ અંકના સૌજન્યદાતા
સોનગઢ (સૌરાષ્ટ્ર) જૈન ચારિત્રરત્નાશ્રમના
તેજસ્વી વિદ્યાર્થી
**ડૉ. ધનવંત ટી. શાહ**
(પ્રબુદ્ધ જીવનના પૂર્વ તંત્રીશ્રી)
(પૂ. કલ્યાણચંદજી બાપા અને કચ્છના મેઘાણી
કારાણી સાહેબ તથા અમારા ધનુભા)ની
સ્મૃત્યર્થે સૌજન્ય - લાભાર્થી
સ્વ. શતાધિકાયુષી માતુશ્રી કંચનબેન અ. શાહ
હ. સ્વ. ઊર્મીલા રસિકભાઈ અ. શાહ
શ્રી રસિકભાઈ અ. શાહ
અમરેલીની મોટી પ્રસિદ્ધ કમાણી ફોરવર્ડ
હાઈ-હાયર સેકન્ડરી સ્કૂલના પૂર્વ આચાર્યશ્રી -
શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા.
(ઉક્ત જૈન આશ્રમમાં દસેક વર્ષ સેવા આપેલી)

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
● Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

મેળવ્યા પછી, તમારે તેનો ઉપયોગ કરવાનો છે અને એ જ્ઞાનને કાર્યમાં પરિવર્તિત કરવાનું છે, માત્ર ત્યારે જ ધ્યેયની પ્રાપ્તિ કરી શકાશે. વીસ વરસની ઊંમરે અવિરત સાધના કરતાં કરતાં પરમ દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું. એમનાં પ્રિય શિષ્ય વિવેકાનંદજીએ એક વાર એમને પૂછ્યું - 'મહાશય! શું આપે ઈશ્વરને જોયા છે?' મહાન સાધક રામકૃષ્ણે જવાબ આપ્યો - 'હા, જોયા છે, જે રીતે તમને જોઈ રહ્યો છું, ઠીક એ જ રીતે નહીં, પણ એનાથી કયાંય વધુ સ્પષ્ટતાથી. તેઓ સ્વયંની અનુભૂતિથી ઈશ્વરના અસ્તિત્વનો વિશ્વાસ કરાવતા હતા. આધ્યાત્મિક સત્ય, જ્ઞાનના પ્રખર તેજ વડે રામકૃષ્ણ પરમહંસ ભક્તિ જ્ઞાનના પથ-પ્રદર્શક બન્યા હતા. કાલીમાતાની ભક્તિમાં તરબોળ થઈ, તેઓ ભક્તોને માનવતાનો પાઠ ભણાવતા હતાં. પોતાની અનુભૂતિ પરનો વિશ્વાસ માત્ર **શ્રધ્ધાથી** નથી કેળવાતો. એ માટે **યાત્રા** કરાય છે. પ્રવાસની સ્થિરતા, મન સુધી પહોંચે છે અને એ સ્થિતિ સુધી અથવા એની નજીક પહોંચાય છે. જેમ ગાંઠ (અધરોધ) માર્ગમાં આવે, તેમ પ્રવાહને આડખીલી બને. એમ જીવનમાં પણ અને ગાંઠો આવે છે. કેટલીક આરંભની ગાંઠો ભૌતિક સ્વપ્નની છે, જે નાની છે, પરંતુ તે મારગને જુદી દિશામાં ફંટાવે છે. કેટલીક ગાંઠો લોકપ્રિયતા અને સત્તાની છે, જે વધારે ગંભીર છે અને એ ચોક્કસ પ્રવાહને રોકે છે. આ ગાંઠો સતત આવતાં નવાં વિચારોની સામે પડકાર બનીને ઊભી રહે છે, આ પડકાર અતિ શુલ્લક છે પરંતુ તેમાં તણાઈ જવાય છે. એક વાર બધું આવડે છે એવો ગર્વ, જ્ઞાનનો ગર્વ, લોકપ્રિય હોવાનો ગર્વ છવાઈ જાય છે, પછી આગળના બધા જ દરવાજા બંધ થઈ જાય છે. હવે બધુ, બંધ કરીને કિલ્લામાં પ્રવેશ કરી લેવાય છે. હવે અવકાશ, ખુલ્લું આકાશ અને વિસ્તારની શક્યતા બંધ થઈ જાય છે. પરંતુ અહીં મજાની વાત તો એ છે કે આવી શક્યતાનો પણ છેદ ઊડાવી દેવાયો છે, અર્થાત આ સ્થિતિ વધુ ગંભીર અને દુઃખદ છે. મોટા ભાગે આ અવસ્થા જીવનમાં જ્યારે બધું જ પ્રાપ્ત કરી લીધું હોય ત્યારે આવે છે અને એટલે એમાં ગર્વ, અહંકાર હોય છે, જ્યાંથી પાછું વળવું અઘરું હોય છે. હવે આપણી ગતિ, આપણે જ નિશ્ચિત કરવાની છે. તો આપણે સંવાદ સાધીને જ જુદાં જુદાં મારગને તપાસીએ. મૂળ તો એવું છે કે જ્યારે ગમતાં શબ્દો સાંભળવા ન મળે ત્યારે અવરોધ નડે પરંતુ જે એને ઓળંગી શકે, તેના પ્રવાસની દોર તેના જ હાથમાં હોય છે.

એ દોરને હાથમાં રાખીને, જાત સાથે જાતે જ વલોવાઈને પોતાના અંધકારને શોધીને, સમજીને છેદવાનો છે.

અંધકાર છેદ્યા પછીના ઊજાસને પામવાનો છે.

પણ ત્યાં સુધી આપણે આપણો ક્રોસ ઉપાડીને ચાલવાનું છે અને તમારી સાથે વાતો કરતાં રહેવું છે, કદાચ શબ્દોનો ભેદ મને સત્ય સુધી પહોંચાડે.

★★★

આટલી વાતો પછી મનની ભૂમિ સ્નિગ્ધ થઈ ચૂકી છે, આહ્લાદક મોસમ અને મનભાવન વાતાવરણ છવાયેલું લાગે છે. એવે સમયે શ્રધ્ધાભર્યા સમૂહ સાથે બે વાત માંડવાની છે. પણ એ પહેલા હુકમાવાલાની પંક્તિથી મારી વાત શરૂ કરીશ,

*ધ્યાન દઈને સાંભળ મનવા, ખાલીપાએ સાદ કર્યો છે.*
*તું ચાલે તો, જઈએ મળવા, ખાલીપાએ સાદ કર્યો છે.*

*કંઈક અધૂરી કંઈક અધીરી, કંઈક અદીઠી ઘટના સાથે*
*ભીતર દ્વારો લાગ્યાં ખૂલવા, ખાલીપાએ સાદ કર્યો છે.*

*તળિયે બેઠો સન્નાટો પણ, હાલક ડોલક થાવા લાગ્યો*
*મૌન કશું લાગ્યું ગણગણવા, ખાલીપાએ સાદ કર્યો છે.*

*લાખ મુખોટો ભેદી મારો, અસલી ચહેરો શોધી કાઢી*
*હળવે હળવે સામે ધરવા, ખાલીપાએ સાદ કર્યો છે.*

*કેમ કરું એની અવગણના, કેમ કહો જાકારો આપું?*
*પળ પળ મુજને ભેટી પડવા ખાલીપાએ સાદ કર્યો છે.*

*'વંચિત' એના સાથ વગરનો, ખુદને મળવું શક્ય નથી*
*જેવી જેની શ્રધ્ધા ક્ષમતા, ખાલીપાએ સાદ કર્યો છે.*

**'મન'** જ્યારે જાતને શોધે છે ત્યારે **ખાલીપો** સાદ કરે છે, અવાજ ભીતરથી ઉઠયો છે. જાતને પામવાની ઈચ્છા છે, આ જાતે આજ સુધી અનેક સંવાદો સાધ્યા છે, ક્યારેક એ ગમતાં, ક્યારેક અણગમતાં, પણ જાત સાથે વાત કરવાની એટલે પોતાના આત્માને ઓળખવાની વાત છે.

જાતનો ખાલીપો સાદ કરે છે, તે 'હે મનુષ્ય તું પણ હવે તો પ્રમાદ છોડ અને મારી વાત સાંભળ,' 'પ્રમાદ છોડવાની વાત નથી.' મહાવીરે ગૌતમ મુનિને ઉપદેશ આપતા કરી હતી. જૈન ધર્મ અને જૈન ફિલસૂફી એ બે ભિન્ન રસ્તા છે. જૈન ધર્મ એ માત્ર ધર્મ નથી, પરંતુ એક પધ્ધતિ છે, જીવવાની, જીવનના આધ્યાત્મિક સંદર્ભોને સમજવાની રીત છે. આ ધર્મને અનેક મહાપુરૂષોએ વખાણ્યો છે, માણ્યો છે અને સ્વીકાર્યો છે. કારણ એના મૂળમાં ક્ષમાપના અને અપરિગ્રહનો ભાવ રહેલો છે.

સતયુગથી લઈ આજના કળયુગ સુધી આ ધર્મની પ્રસ્તુતા અંગે આપણને શંકા નથી થઈ કારણ આ ધર્મનો સંબંધ વિજ્ઞાન સાથે છે, logic સાથે છે, કર્મકારણ સાથે છે. આ સૃષ્ટિનું શ્રેષ્ઠતમ સર્જન મનુષ્ય છે અને મનુષ્યમાં સૌથી વધુ કુતુહલરૂપ જો કોઈ હોય તો તે તેનું **'મન'** છે. માણસનું મન એક દિવસમાં સરેરાશ સાઈઠ હજાર વિચારો કરે છે. તન વિહાર કરે છે ને મન વિચાર કરે છે, મન વિચરે છે અને પરિણામે વિચારો જન્મ લે છે. સતત વિચારો કરવા એ મનનો સ્વભાવ છે આપણાં સમગ્ર જીવનનું સુકાન આપણાં **મનના હાથમાં** છે. મન ચંચળ છે અને આપણા ચિતતંત્ર પર મન એક મહાસત્તાની જેમ રાજ કરે છે. મનને અંકુશમાં રાખવાનું

કોઈ રીમોટ કંટ્રોલ હજી સુધી શોધાયું નથી કે જેની સ્વીચ દબાવો ને મન કાબૂમાં રહે. પરંતુ જૈન દર્શનમાં તેની ઉત્તમ ચાવી બનાવી છે. જૈન ધર્મના મોટા ભાગના સિધ્ધાંતો અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ, સત્ય, તપ વગેરે સાથે સ્વ પરનો કાબૂ જોડાયેલો છે. મનને જે કાબૂમાં રાખે છે, તે આપોઆપ ભવપાર પામે છે.

***મુજે બિંદુ બનકર તેરે સિંધુ મેં એકરૂપ હોના હૈ,***
***અબ સોંપ દિયા જીવન કા કરતાર તેરે હાથો મેં,***
***અબ જીત તેરે હાથો મેં, અબ હાર તેરે હાથો મેં,***
***અબ જગ મેં રહું તો એસે રહું, જૈસે કમલ તાલાબ મેં.***

એકવાર એક મહાન હસ્તીને સવાલ પૂછ્યામાં આવ્યો કે તમારે જો ફરી જીવવાનું આવે તો તમે તમારા જીવનની કઈ ભૂલોને સુધારવાનો પ્રયત્ન કરો. એ વ્યક્તિએ બહુ સરસ જવાબ આપ્યો કે હું તો એનો એ જ રહેવાનો છું, અને મારી ભૂલો પણ એ જ થતી રહેશે, મારાથી મારી જાતને બદલાવવાનું તો શક્ય નહી બને, કદાચ જો પાછું જીવન મળે તો હું ફરી એવી જ ભૂલો કરું, અને તમે મને પાછો સવાલ પૂછો અને પાછો આ જ ઉત્તર આપું.

આપણે તો એના એ જ રહેતા હોઈએ છીએ અને એટલે જ દરેક વ્યક્તિનો વૈયક્તિક ધર્મ ભિન્ન હોય છે. પોતાના કર્મ પ્રમાણે દરેક વ્યક્તિ પોતાના ધર્મને પામે છે.

આમ જોઈએ તો કર્મની બે ગતિ છે negative અને positive એમાં negative ગતિમાં ચાર તબક્કા હોય છે.

પહેલી - ભૂલ થવી.

બીજી -ભૂલ થયા પછી સાહજિક રીતે પશ્ચાતાપ થાય. કલાપીએ પણ ગાયું છે કે 'હા, પશ્ચાતાપનું વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું, આ બહુ મહત્વનો ભાવ છે. આપણે I am sorry કહીએ છીએ, પણ એમાં sorry નો ભાવ નથી હોતો. એક રીતે તો આપણે sorry કહીને આપણી જવાબદારીમાંથી મુકત થઈ જતાં હોઈએ છીએ.

ત્રીજો તબક્કો - જાતને ભૂલતી જવાબદારીમાંથી મુક્ત કરી દેવી. પરિણામે ક્ષમાનું મહત્વ રહેતું નથી.

ધર્મની વાતો આપણે અનેક ભારેખમ શબ્દો સાથે કરી જ શકીએ, પરંતુ એ વાતો એક કાનેથી સાંભળી બીજા કાને નીકળી જાય છે. આત્માના બે extreme હોય શકે. અને દરેક વ્યક્તિ પોતાની રીતે ધર્મને વ્યાખ્યાબદ્ધ કરી શકે.

હવે કર્મની positive ગતિની વાત. એનાં પહેલો તબક્કો છે સારું કામ કરવું. સારા વિચારો દ્વારા સતકાર્ય કરવું. આ કાર્ય કર્યા પછી કોઈપણ વખાણ કે ફળની અપેક્ષા વગર એ કાર્યથી જાતને detech કરવી. એટલે કે જ્યારે વ્યક્તિ દાન કરે છે અને પછી પોતાના નામના વખાણ કે પ્રશસ્તિની અપેક્ષા રાખે છે. ત્યારે એ દાનનું મૂલ્ય શૂન્ય થઈ જાય છે. ગાલીબનો એક શેર છે,

***આત હૈ ગેલ સે, એ મજામી ખ્યાલ મેં***
***ગાલિબ શરીર પામા, ગુંજન ફરીસ્તો કા.***

અર્થાત્ જ્યારે સર્જકને સારા વિચાર આવે છે ત્યારે એ વિચારો અલૌકિક પ્રદેશમાંથી આવેલા હોય છે, હું એમ ન વિચારી શકું કે આ તો મારા છે, આ તો કાગળ ઉપર જે કંઈ લખાય છે, તે તો ફકીરોનું ગુંજન છે. અખાનું પદ યાદ કરીયે તો,

***'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,***
***શકટનો ભાર જેમ શ્વાન તાણે.'***

Self Realisation આત્મજ્ઞાન - મારે આ જીંદગીમાં શું કરવું છે, આજે આત્મજ્ઞાન અંગે અનેક ભારેખમ પદાવલી અને એ માટે સાધના કરવી પડે એવું ઠસાવવામાં આવે છે. પણ એવું નથી. મનુષ્યે પોતે સમજવાનું છે કે પોતાને શું જોઈએ છે?

જ્યારે પોતાની ઈચ્છિત વસ્તુ મળી જાય છે, ત્યારે જીવનમાં એક તબક્કો આવે છે. fulfilment સમુચિત આનંદ - પ્રસન્નતા. હવે જીવનમાં જે કંઈ નથી મળ્યું તેનો અભાવ ખટકતો નથી અને ફરિયાદ નથી રહેતી. અને આ પછી જે સમજાય છે તે છે 'મોક્ષ' મોક્ષની વ્યાખ્યા, અનેકવાર સાંભળી છે, પણ એકવાર પણ પમાઈ નથી. ગાંધીજીના શબ્દોને અહીં પાદ કરીએ તો **'મારે મન મોક્ષ એટલે પરમશાંતિ'** ભગવદ્ ગીતાનો અનુવાદ લખતાં-લખતાં ગાંધીજીને આ સૂઝે છે.

જે અત્યારે પણ અહીં બેઠા બેઠા પરમશાંતિનો અનુભવ થાય તો એ મોક્ષ જ છે. જૈન ધર્મની ખાસ બાબત એ છે કે તમે ધર્મને અહીં જીવન સાથે સાંકળી શકો છો. સંસારમાં વ્યાપક ક્ષેત્ર ધર્મનું છે. અને સૌથી વધુ ડહોળાયેલું ક્ષેત્ર પણ ધર્મનું જ છે. જ્યાં સુધી જીવનની કેટલીક સમસ્યાઓને ઉકેલ નથી આવતો ત્યાં સુધી એને મૂંઝવણ તો રહેવાની જ. જે જીવન ઉદ્ભવે છે, એ કયાંથી ઉદ્ભવે છે અને કયાં જ્યાં છે, એ દરેક પ્રશ્નોનો ઉત્તર મળવો શક્ય નથી. ધર્મ પણ જીવનના પ્રત્યેક પ્રશ્નનો ૧૦૦% ઉત્તર આપી શકે તેમ નથી. પણ આ બધાની વચ્ચે જીવવું કઈ રીતે એ મહત્વનું છે. જૈન ધર્મ દરેકને પોતાના અંગે વિચારવાની તક આપે છે. આ ધર્મમાં જેટલું મહત્વ પરમાત્મા અને સાધુનું છે એટલું જ મહત્વ શ્રાવકનું પણ છે. શ્રાવક પોતાના કર્તવ્ય અંગે વિચારે અને એ સ્વીકારી પોતાના જીવનને એ રીતે આકાર આપે એવી અપેક્ષા રાખવામાં આવે છે. દરેક સિધ્ધાંત પાછળ જીવનનું સત્ય છુપાયેલું છે.

જૈન દર્શનના આધારે જીવનના સાત પગથિયા બહુ મહત્વનાં છે, આ પગથિયાઓ:

**(૧) અહિંસા (૨) સત્ય (૩) અપરિગ્રહ (૪) અચોર્ય (૫) બ્રહ્મચર્ય (૬) અનેકાંતવાદ (૭) ક્ષમાપના**

આ જૈન ધર્મનો સાર તો છે, પણ મનુષ્ય જીવનને અલૌકિક બનાવનાર સત્ય છે. હવે આ પગલાંને જરા વિસ્તારથી જોઈએ તો પ્રથમ છે **અહિંસા :** 'આપ સૌ જાણોજ છો કે જ્યારે આઈન્ટાઈનને

પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે ત્રીજા વિશ્વયુદ્ધમાં મનુષ્ય કેવા શસ્ત્રો વાપરશે' ત્યારે એમને જવાબ આપ્યો હતો કે ત્રીજા વિશ્વયુધ્ધ વિશે તો મને ખબર નથી પણ ચોથા વિશ્વયુદ્ધમાં માનવો પથ્થરના શસ્ત્રો વાપરશે. આનો અર્થ એવો થયો કે ત્રીજા વિશ્વયુદ્ધમાં આખી માનવજાત નાશ પામશે. આજે સંહાર ઘણો જ સામાન્ય બની રહ્યો છે. આજે મનુષ્યના મનનો ચહેરો જો એ પોતે પણ સાંભળે, તો કદાચ, પોતાને ધિક્કારે, એટલા ખતરનાક વિચારો કરતાં આપણે થઈ ગયા છીએ. બોમ્બ ફૂટે કે હિંસક ઘટનાઓ પછી આપણું સ્વકેન્દ્ર મન એમ વિચારે છે કે 'આપણા પરિવારજનો તો બચી ગયાને, હાશ, અને ફરી પાછા નોર્મલ બનવાનો પ્રયત્ન કરીએ છીએ. કારણ બીજાનું દુઃખ આપણને સ્પર્શતું નથી. જ્યારે જૈન ધર્મ સૂક્ષ્માદિસૂક્ષ્મ હિંસા માટેની કાળજી લે છે. મહાવીરની હિંસા તો બીજાને પારકો માનવો એને પણ હિંસા કહી છે અને એટલે મહાવીર પ્રભુ સાત મહિના થયા ત્યારે માતાની કૂખમાં છે છતાં માતાને તકલીફ ન પડે માટે હલનચલન સ્થિર કરે છે ત્યારે માતાને શંકા થાય છે, અંદર હલનચલન કેમ નથી અને પછી માતાના મનની શાંતિ માટે જરાક હલે છે, આમ અહિંસા અંગેની ઘણી સૂક્ષ્મ સમજ આ ધર્મે આપણને આપી છે, આજે આપણે અહિંસાનો પ્રચાર કરીએ તો જગતને ૩૦% તો ચોક્કસ સુધારી જ શકીશું, 'જીવદયા'નો સંસ્કાર આ ધર્મ આપે છે. આજે આપણી અનેક સંસ્થાઓ કતલખાને જતી ગાયોને બચાવે છે, પોતાના સ્વાર્થ માટે આંધળા બની ગયેલા લોકો જે આડેધડ હિંસાચાર કરે છે, એને બચાવવા, એ પશુઓને છોડાવવા અને એને છોડયા પછી એની જવાબદારી ઉપાડવા અનેક સંસ્થાઓ આગળ આવી છે. આ છે જૈન ધર્મ જે પોતાને ઓળંગી અન્ય સુધી પહોંચવાની વાત કરે છે.

***હું મારાપણામાંથી મુક્ત થઈ શકુ તો ઘણું,***
***હું મારા સિવાય અન્યને જોઈ શકુ તો ઘણું,***
***મને માત્ર મારો જ અવાજ સંભળાય છે,***
***હું હવે બીજાના હૃદય સુધી પહોંચી શકુ તો ઘણું.***

આજે બીજું પગલું છે **સત્ય** છે. આપણે તો સત્યનો ચહેરો જ બદલાવી નાખ્યો છે. દરેક વ્યક્તિ પોતાની સગવડતા પ્રમાણે 'સત્ય'ને સ્વીકારે છે પણ આજ અસત્ય તમને રંજાડશે એક દિવસ.

ત્રીજુ પગલું છે **અપરિગ્રહ.** આજે સમાજમાં બે વર્ગ પડી ગયા છે. એક વર્ગ એવો છે કે જેની પાસે સર્વસ્વ છે અને ડોક્ટરને કહે છે કે 'સાહેબ ભૂખ નથી લાગતી, ઉંઘ નથી આવતી, ગોળી આપો,' પોતાની પાસે બધી જ સમૃધ્ધિ છે અને એને ભોગવવાની એમને ગોળી જોઈએ છે જ્યારે બીજો વર્ગ એવો છે જેની પાસે ખાવા માટે પૈસા જ નથી એથી જ *કરસનદાસ માણેકે લખ્યું હશે,*

***'મને એજ સમજાતું નથી કે આવું તો' શાને થાય છે?***
***આ ફૂલડાં ડૂબી જતાં***
***ને પથ્થરો તરી જાય છે...***
***છે ગરીબોના ટીપામાં એક ટીપુ એ દોહ્યાલું છે***
***અને શ્રીમંતોની કબરો પર ઘીના દીવા થાય છે***
***મને એજ સમજાતું નથી કે આવું તો શાને થાય છે?***
***કામધેનુને મળે ના એક સુકું તણખલું***
***અને લીલાછમ ખેતરો આખલાઓ ચરી જાય છે,***
***મને એજ સમજાતું નથી કે આવું તો શાને થાય છે?***

આજે આ સ્થિતિ છે આપણે મહાવીર પ્રભુના **અપરિગ્રહ** સિધ્ધાંતને સ્વીકારી શકતા નથી, આપણે આપણી સાત-સાત પેઢીઓની ચિંતા કરીએ છીએ!

મહાવીરપ્રભુના આ સિધ્ધાંતને ગાંધીજીએ ૧૯૨૦માં પોતાના હરિજનબંધુ સામાયિકમાં પણ લખ્યાં હતાં. એમાં લખ્યું હતું કે સ્વમાનપૂર્વક જીવવા માટે જેટલી સંપત્તિની જરૂર હોય એટલી મનુષ્ય રાખે બાકીની સંપત્તિનું ટ્રસ્ટ બનાવે. એમને કહ્યું કે મારા 'સ્વપ્નના ભારતમાં' મહેલો અને ઝૂપડપટ્ટીઓ જેવું અંતર નથી જોઈતું, મારા ભારતમાં એક દિવસ પણ કોઈ ભૂખ્યું નહી સૂવે. પણ આપણે એ શક્ય ન બનાવ્યું અને પરિણામે આ વર્ગો વચ્ચેની અસમાનતા વધતી ગઈ, જેને ભ્રષ્ટાચારને જન્મ આપ્યો અને આજે એ જ 'ભ્રષ્ટાચાર નાબૂદી' માટે આપણે 'લોકપાલ બિલ'ની માંગણી કરીએ છીએ. પણ મૂળમાં સિધ્ધાંત ન સ્વીકાર્યો એટલે આજે આપણે એના પરિણામાંથી ઊભા થયેલા દૂષણોથી ભાગવા ઈચ્છીએ છીએ. કુટુંબજીવનની વ્યાખ્યા, 'અસંતોષે' બદલાવી દીધી છે. માણસ પોતાના સ્વજન સાથે સમય વિતાવવાને બદલે મશીનો સાથે વધુ સમય વીતાવે છે, તેની આંખો કમ્પ્યુટર સ્ક્રીન પર વધારે અને સ્વજનો પર ઓછી હોય છે, તેને પોતાના સ્વજન વિશે ઓછી ખબર હોય છે અને નવી ગેમ અને સોફ્ટવેર વિશે વધુ ખબર હોય છે! શું અર્થ છે આ સંપત્તિનો? શું આ સંપત્તિ સુખ આપશે? સાથે રહેવાનું સુખ આપણે ગુમાવી ચૂક્યા છીએ, માટે અપરિગ્રહના સિદ્ધાંતને શક્યતમ એટલો સ્વીકારીને આપણે એ સ્વજનો સાથે રહીએ જેના માટે આપણે કમાવાનો દાવો કરીએ છીએ.

ચોથું પગલું છે **અચોર્ય**. જે વસ્તુ પર મારો અધિકાર નથી એ તો ન જ લેવું પણ આગળ વધીને જૈન ધર્મ કહે છે કે જે વસ્તુ માટે મારી લાયકાત નથી, એ હું ન સ્વીકારું, આપણે શ્રાવક છીએ અને શ્રાવકનો અર્થ આપણે એવો કરીએ કે

*શ્ર એટલે શ્રવણ કરે સાત્વિક વિચારોનું*
*વ એટલે વિત્ત વાપરે સતકાર્યને માટે*
*ક કર્મની નિર્જરા કરે તે*

હવે પાંચમું પગલું છે **બ્રહ્મચર્ય.** બ્રહ્મમાં જે રમમાણ રહે છે તે છે બ્રહ્મચર્ય અને જે મન, વચન, કર્મથી સ્ખલન ન થાય તે.

છઠ્ઠું પગલું છે **અનેકાંતવાદ**. આજે વિશ્વના પ્રત્યેક ઘર્ષણનો અંત છે અનેકાંતવાદમાં. એક જ સત્યતા અનેક દૃષ્ટિકોણો છે. તે છે અનેકાંતવાદ. કોઈના સત્યને ખોટું ન માનવું. મારી વાતને

સ્પષ્ટ કરવા એક નાનકડું ઉદાહરણ આપું તો દક્ષિણ ભારતમાં એક અદ્ભૂત મંદિર, જેમાં બે પ્રવેશદ્વારો હતા, જો એક પ્રવેશદ્વારમાંથી જોઈએ તો સામે સરસ્વતી દેખાય, જ્યારે બીજા પ્રવેશદ્વારમાંથી જોઈએ તો સામે લક્ષ્મીજી દેખાય, એક વખત બે ભાવિક ભક્તો, વાક્પટુ અને બોલવે બાહોશ, મંદિરમાં દાખલ થયા અલગ અલગ પ્રવેશદ્વારથી. એક ભાઈ એક પ્રવેશદ્વારથી અંદર આવ્યા અને સામે સરસ્વતીદેવીને જોયા એટલે આનંદિત થઈને બોલ્યા કે 'વાહ, દેવી સરસ્વતી, આપના મુખમંડળમાંથી જ્ઞાનનું તેજ ટપકે છે,' એટલે બીજા ભાઈ જે બીજા પ્રવેશદ્વારથી પ્રવેશ્યાં હતાં એમણે શરૂઆત કરી કે, 'વાહ દેવી લક્ષ્મી, તમારા મુખમંડળમાંથી ઐશ્વર્ય અને વૈભવ ટપકે છે.' એટલે પેલા ભાઈએ ફરી શરૂ કર્યું, 'વાહ દેવી સરસ્વતી, તમારી બાજુમાં મોર છે તો બીજા વધુ ભાઈને પોરસ ચઢયો એટલે બોલ્યા, 'વાહ દેવી લક્ષ્મી, તમારી બાજુમાં હાથી છે, વાહ દેવી લક્ષ્મી તમારા હાથમાં કમળનું ફૂલ છે, હવે પેલા ભાઈને થયું કે 'આ ભાઈ આમ કેમ બોલતા હશે', એટલે એમણે બીજા ભાઈને કહ્યું કે, 'ભાઈ આ દેવીમાનું મંદિર છે, અહીં 'પી'ને ન અવાય', જ્યારે બીજા ભાઈને થયું કે આ ભાઈ પોતે પીને આવ્યા છે અને મને કહે છે. પછી તો સામસામે બોલાચાલી થઈ ગઈ, આ બધી ચર્ચામાં બંને ભાવિકોને ગુસ્સો આવ્યો અને બંનેએ દસ પેઢીનો ઉધ્ધાર કર્યો, અને પછી તો વાત હાથ પર આવી ગઈ. ઝપાઝપી થઈ અને પછી આ મારામારીમાં એક બિંદુ એવું આવ્યું કે અહીંનો ભાઈ ત્યાં અને ત્યાંના ભાઈ અહીં આવીને પડ્યાં. બંનેએ ત્યારે જોયું કે પેલા ભાઈ તો સાચું કહેતા હતા. પણ હવે શું થાય, ત્યારે એક પૂજારી બહાર આવ્યો અને કહ્યું કે તમે દસ પેઢીઓનો જે શબ્દો દ્વારા ઉધ્ધાર કર્યો એને બદલે પોતાની જગ્યા બદલાવીને જોયું હોત તો. અર્થાત માત્ર અહીંથી જોઈને સરસ્વતી દેખાય એ અર્ધસત્ય છે, માત્ર અહીંથી જોઈને લક્ષ્મી દેખાય છે, તે પણ અર્ધસત્ય છે, પણ અનેકાંતવાદનું પૂર્ણ સત્ય એ છે કે દરેક સત્યને અનેક રીતે જોયું અને અન્યનાં દૃષ્ટિકોણથી જોઈ, સંપૂર્ણ પામવાનો પ્રયત્ન કરવો.

હવે અંતિમ પગલું છે **ક્ષમાપના**, કાયા અને કાળજામાંથી દ્વેષ અને ફરિયાદને કાઢવાની ચાવી છે. ક્ષમાપના. **'મિચ્છામી દુક્કડમ'** એ માત્ર વ્યવહાર નથી. એ માત્ર ફરજ નથી પણ એ જાત સાથે confess કરવાની વાત છે. આ માફી, મિત્રો અને સ્વજનોની નથી માંગવાની, આ માફી એ દરેક જીવોની માંગવાની છે, જેના પ્રત્યે આપણા મનમાં દ્વેષ ભાવના છે.

***વ્યથાની વાટને સીમાડા નથી હોતા,***
***આંસુ પકવવાને નિભાડા નથી હોતા,***
***માટે જ દુનિયા નથી સમજી શકતી,***
***કે દિલ બળે ત્યારે ધુમાડા નથી હોતા'***

તમામ રેખાઓને ઓળંગીને, જાત સુધી, સામા સુધી પહોંચવાનું આ પગથિયું છે. મૈત્રીના ભાવને વહાવવાનું આ પગથિયું છે, કદાચ તમારી કાયા એ હૈયે પહોંચે કે ન પહોંચે તમારા હૃદયમાંથી, એ ગ્રહણ શમાવવાનું આ પગથિયું છે.

સાત પગથિયા જીવનનો સાક્ષાત્કાર કરાવે છે. એના માટે રાહ જોવાની જરૂર નથી મધ્યકાલીન સાહિત્યના યોગીકવિ આનંદઘન કહે છે,

***'બેહેર બેહેર નહીં આવે, અવસર બેહેર બેહેર નહીં આવે,***
***જ્યું જાણે, ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે,***
***તન ધન જોબન સબ હી જૂઠે, પ્રાણ પલક મેં જાવે,***
***તન છૂટે ધન કૌન કામ કો ? કાયકું કૃપણ કહાવે ?***
***જાકે દિલ મેં સારા બસત હૈ, તાકું જૂઠ ન ભાવે'***
***આનંદઘન પ્રભુ ચલત પંથ મેં, સમરી સમરી ગુણ ગાવે.***

જીવન એ પ્રસંગ નથી, ઘટના નથી, જન્મ-મરણ વચ્ચેનો કાલખંડ નથી. જીવન એ તો આત્માને ગમતાનો ગુલાલ કરાવવાનો અવસર છે, ઉત્સવ છે. મનુષ્યભવની પ્રાપ્તિ અત્યંત દુર્લભ હોવાથી ભલાઈ કરીને જન્મોજન્મ સુખ પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. શરીર, પૈસો, અને યુવાની એ ક્ષણિક છે અને પ્રાણ તો પળવારમાં ઊડી જાય છે. આનંદઘન કહે છે કે 'એ અવસરને બરાબર ઓળખીને, આનંદપુંજ એવા પ્રભુને સ્મરીને, આંતરવિકાસ સાધતા રહો.'

ઘણીવાર કુમતિને કારણે અનાદિકાળના અજ્ઞાનની નિદ્રા ભોગવતા માનવીની દુર્દશા દર્શાવતાં આનંદઘન કહે છે,

*'સુપન કો રાજ સાચ કી માચત, રાહત છાંહ ગગન બદરીરી,*
*આઈ અચાનક કાલ તોપચી, ગહેગી જ્વું નાહર બકરીરી*

*અર્થાત,*

'સ્વપ્નમાં રાજ્યને સાચું માને છે અને આકાશના વાદળની છાંયડીમાં આનંદથી બેસે છે, પણ ઓચિંતો કાળ-તોપચી આવીને જેમ નાહર બકરીને પકડે છે, તેમ તને પકડી લેશે'

અહી કવિએ મોહગ્રસ્ત માનવીનાં જીવનમાં સહસા મૃત્યુથી સર્જાતી દશાનું હદયભેદક ચિત્રણ કર્યું છે. સ્વપ્નમાં રાજવૈભવ ભોગવનારની, સ્વપ્ન ઊડી જતાં કેવી દશા થાય ? આકાશમાં એકાદ વાદળી આવતાં, થોડીવાર છાંયડો. લાગે પરંતુ એ વાદળી થોડા સમયમાં ચાલી જતાં, બળબળતાં તાપમાં શેકાવાનું રહે છે. આનંદઘન વારંવાર ચેતવે છે કે માનવજીવન તો 'પાની તેરા બુંદ બુંદ દેખત હી છીપ જાયેગા અર્થાત્ પાણીના પરપોટા જેવું થોડીવારમાં ફૂટી જનારું આ જીવન છે. આવો માનવી-હીરાને છોડી દઈ, માયારૂપ કાંકરા પર મોહ પામે છે. એ હારિલ પક્ષી જેવો છે. આ હારિલ પક્ષી પાંજરામાં હોય ત્યારે નીમની લાકડીને પકડી રાખે છે, પછી પગ આડાઅવડા ચાલતા લાકડી નમી જાય છે, અને પક્ષી ઊંધે માથે લટકી પડે છે, ત્યારે ચીસાચીસ કરી મૂકે છે પણ લાકડાને છોડતો નથી. જે માનવી પુદ્ગલ ભાવથી પારાવાર હાનિ અનુભવતો

હોવા છતાં, એને છોડી શકે નહિ, તેની સ્થિતિ હારિલ પક્ષી જેવી છે. મધ્યકાલીન સાહિત્યમાં આનંદઘનના પદોમાં લાલિત્ય વિષયપ્રભુત્વ અને વિશિષ્ટ શબ્દ પસંદગીને કારણે સ્વાનુભૂતિ અનુભવાય છે.'

આનંદઘનજી એટલે અલગારી અવધૂન મહાન યોગી, એમણે ૧૦૮ જેટલાં પદો અને ચોવીસીની રચના કરી, જે અતિ-ગહન, તત્વજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાનથી છલોછલ છે.

***'મેરે ઘટ જ્ઞાન ભાનુ ભયો ભોર***
***ચેતન ચકવા ચેતના ચકવી, ભાગો વિરહ કો સોર.'***

અનાદિકાળથી જે અજ્ઞાનની નિદ્રા આવી હતી તે આપોઆપ દૂર થઈ ગઈ અને હદયમંદિરમાં અનુભવજ્ઞાનનો પ્રકાશ થવાથી 'સહજ સુજ્યોતિ સ્વરૂપ' અનુભવજ્ઞાન પ્રગટ થયું છે. એક સ્થળે કહે છે,

***'તુમ જ્ઞાન વિભો ફૂલી વસંત, મનમધુકર હી સુખસો વસંત'***

અર્થાત, હે પ્રભુ તમારી જ્ઞાનરૂપ વસંતઋતુ પૂરબહાર ખીલી છે અને તેથી તેમાં મનરૂપ ભ્રમર સુખે વસે છે. વૈરાગ્યરૂપી દિવસ મોટો થતો જાય છે અને દુર્ગતિરૂપ રાત્રિ ઘટતાં જતાં ધીરે ધીરે નાની થતી જાય છે. સુરુચિની વેલ વૃધ્ધિ પામીને ફળવતી બની છે. આવી આનંદરૂપ સૃષ્ટિ આનંદઘનની છે.

આનંદઘનજીની યોગમસ્ત દશાનું વર્ણન એમના **'અવધૂ સો જોગીગુરૂ મેરા'** પદમાં થાય છે. અહીં એ વૃક્ષની વાત કરે છે. આ એક એવું વૃક્ષ છે કે જેને મૂળ કે છાયા નથી, ડાળી કે પાંદડાં નથી, વગર ફૂલે એના પર ફળ બેઠાં છે અને એનું અમરફળ આકાશને લાગીને રહેલું છે. આનો અર્થ એ કે આ વૃક્ષ ચેતન છે, એ અનાદિ છે, એ મૂળિયામાંથી પ્રગટેલું વૃક્ષ નથી. એનો પોતે જાતે સ્વયં ખીલેલું છે. આ વૃક્ષના ફળ તે માનવે પામવાનાં છે. પણ એ માટે એને પોતાના મૂળિયા ધરતીથી મુક્તિ પામી ઊપરની તરફ ગતિ કરવાની છે. આનંદઘનની કવિતામાં સુંદર કલ્પનાઓ આવે છે, તેઓ કહે છે,

***'ગગન મંડલ મેં ગઉઆ વિહાની, ધરતી દૂધ જમાયા***
***માચન થા સો વિરલા પાયા, છો જગ ભરમાયા'***

અર્થાત આકાશમંડળની વચ્ચે ગાય વિયાણી છે, એનું દૂધ પૃથ્વી પર જમાવવામાં આવ્યું છે. એ દૂધનું માખણ થોડાકને પ્રાપ્ત થયું, બાકી જગતનો મોટો ભાગ તો છાશથી છેતરાઈ રહ્યો અને તેમાં રાજી રાજી થઈ ગયો. જગતના મોટાભાગના લોકો તો વિષય-કષાયના ભોગમાં જ આનંદ સમજતા હોય છે અને જ્યારે ખબર પડે છે કે પોતાને મળ્યું તે યોગ્ય ન્હોતું, ત્યારે બહું મોડું થઈ ગયું હોય છે. એમના જીવન વિશે એક કિંવદંતી છે કે આનંદઘન (લાભાનંદ) મહારાજ એક શહેરમાં ચાતુર્માસ માટે રહ્યા હતા. અહીંના ઉપાશ્રયના શેઠ એમની ખૂબ વૈયાવચ્ચ (સેવા) કરતા હતા. આ ઉપાશ્રયના શેઠને એક દિવસ પર્યુષણ પર્વ દરમિયાન પૂજામાં વધુ સમય રોકાઈ જતાં વ્યાખ્યાનમાં સમયસર આવવામાં વિલંબ થયો. એ સમયે આનંદઘનજીને કોઈએ કહ્યું કે 'હજુ શેઠ પૂજા કરતાં હોવાથી વાર થશે, માટે થોડી વાર પછી વ્યાખ્યાનનો પ્રારંભ કરો.' પણ આનંદઘનજીએ નિશ્ચિત સમયે પોતાના વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. શેઠ પા કલાક મોડા આવ્યા. પર્યુષણ પર્વના વ્યાખ્યાનો અખંડ સાંભળવાની ઈચ્છા હોવાથી એમના ચિત્તમાં ગ્લાનિ થઈ.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ આનંદઘનને શેઠે કહ્યું : 'સેવક પર જરા દયા કરીને થોડો સમય વ્યાખ્યાન થોભાવવું હતું ને!' આનંદઘનજીએ કશો ઊત્તર આપ્યો નહિ. શેઠે પુનઃ એ વાત કરતાં કહ્યું, 'સાહેબ હું આપનું કેટલું ધ્યાન રાખું છું, આપ મારું ધ્યાન ન રાખી શકો? મેં હંમેશા મુનિજનોની કપડાં, આહાર વહોરાવી સેવા કરી છે, ગુરુજન મને એના બદલામાં જ્ઞાન ન આપી શકે? મારી રાહ ન જોઈ શકે?'

મસ્તયોગી આનંદઘનજીએ કહ્યું, 'ભાઈ આહાર તો ખાઈ ગયા અને લે આ તારાં કપડાં' એમ કહી કપડાં ઉતારી શેઠનો ઉપાશ્રય છોડી દીધો અને આ પદની રચના કરી.

***'આશા ઓરન કી કયા કીજે? જ્ઞાન સુધારસ પીજે***
***ભટકે દ્વાર દ્વાર લોકન કે, કૂકર આશાધારી,***
***આતમ અનુભવ રસ કે રસિયા, ઉતરે ન કબહૂ ખુમારી'***

પારકાની આશા કરવાને બદલે જ્ઞાનામૃત રસનું પાન કરવું, આશાવશ શ્વાન, લોકોને બારણે-બારણે ભટકે છે, જ્યારે આત્માનુભવના રસમાં રત, જીવોનો કેફ કદી ઊતરતો જ નથી. મારા જેવા મુનિને આહાર અને વસ્ત્રની ચિંતા નથી, જે મળશે એને માણશું અને જે નહીં મળે એને પણ માણશું.

આનંદઘન મસ્તીના કવિ છે, એમને સાંપ્રદાયિકતાને ઓળંગી છે, એમનું એક ભજન ગાંધીજીને અતિ પ્રિય હતું, જે 'આશ્રમ ભજનાવલિ'માં પણ સ્થાન પામ્યું છે. એમાં કહે છે કે

***'અબ હમ અમર ભયે ન મરેંગે,***
***યા કારણ મિથ્યાત દીયો તજે, કયું કર દેહ ધરેંગે?***
***રાગ દોસ જગ બવધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે,***
***મર્યો અનંત કાલ તે પ્રાણી, સો હમ કાલ હરેંગે..***
***દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે,***
***નાસી જાસી હમ થીરવાસી, ચોખેં વ્હૈં નિખરેંગે***
***મર્યો અનંતવાર બિનસમજ્યો, અબ સુખ-દુઃખ વિસરેંગે***
***આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે...***

❑ **ડૉ. સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

# શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યમાં આધ્યાત્મિક મૂલ્યો

ડૉ. ગુણવંત બરવાળિયા

શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્ય સર્જનમાં આધ્યાત્મિક મૂલ્યોની વાત કરીએ ત્યારે એમનાં વ્યક્તિત્વની એક વંદનીય છબી આપણી સામે આવે અને આપણને અનુભૂતિ થાય કે શ્રીમદ્‌ના સમગ્ર વ્યક્તિત્વમાંથી સતત અધ્યાત્મ પ્રગટ થાય છે. જાણે અધ્યાત્મ અને શ્રીમદ્ એકબીજાના પર્યાય છે, માટે તેમના જીવન કવનના આધ્યાત્મિક મૂલ્યાંકની વિવેચના ના થઈ શકે, પરંતુ આપણી આકંઠ સરસ્વતીને પાવન કરવા તેમના સર્જનની અભિવંદના-પરિકમ્મા જ કરી શકાય.

તેમના સર્જનમાં ઘણું જ વૈવિધ્ય છે, જેમાં મુખ્યત્વે, તેમનું એક વિપુલ કાવ્યસર્જન, બીજું મુમુક્ષુ પર લખાયેલા પત્રો, ત્રીજું ઉપદેશ નોંધ, હાથનોંધ, વેદાંત અને જૈન દર્શન સંબંધી નોંધો ઉપરાંત અન્ય સર્જનોનો સમાવેશ થાય છે.

તેમણે નોંધ્યું છે કે, ''કાવ્ય સાહિત્ય કે સંગીત આદિકલા એ આત્મશ્રેયાર્થે ન હોય તો કલ્પિત એટલે કે નિરર્થક, સાર્થક નહીં, જીવનની કલ્પના માત્ર ભક્તિ પ્રયોજનરૂપ ન હોય કે આત્માર્થે ન હોય તો બધું જ કલ્પિત.''

કાવ્ય સાહિત્ય કે સંગીત, આદિ કળા જો આત્માર્થે ન હોય તો કલ્પિત એટલે નિરર્થક-સાર્થ નહીં તે - જીવનની કલ્પના માત્ર. ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થે ન હોય તો બધું જ કલ્પિત.

શ્રીમદ્‌જીએ આ એક વાક્યમાં ખૂબ જ ગહન વાત કહી છે. ગાગરમાં સાગર જેવા આ મહત્ત્વનાં એક વાક્ય ઉપર ચિંતન કરીએ તો, કલા અને સાહત્યિસર્જનને એક નવી દિશા મળશે.

પરમકૃપાળુ શ્રીમદ્‌જીના કહેવાનું તાત્પર્ય છે કે, કાવ્ય, સાહિત્ય કે સંગીત વગેરે કલાઓમાં જો આત્મશ્રેયનું ધ્યેય ભળે, તે સર્જનને આત્મકલ્યાણનું કારણ મળે તો તે કલા સાર્થક બને. કલાનું અંતિમ ધ્યેય, પરમ સમીપે પહોંચવાનું, હેતુ રૂપ હોય તો જ કલા, સાધના બની શકે અને તે સ્વ-પરને કલ્યાણકારી બની શકે.

સંગીત, કલા કે સાહિત્યજગતના સાધકો કદાચ આ વાત સંપૂર્ણ રીતે ન પણ સ્વીકારે પરંતુ અનેકાંત દૃષ્ટિએ વિચારતા આ તથ્યનો સ્વીકાર થઈ શકે.

સાંપ્રત સમાજજીવનનો પ્રવાહ, માનવમનની કલ્પનાશક્તિ અને વિવિધ કલાઓના અનેક પાસાઓને લક્ષમાં લઈને જ આ વિધાનનો યથાર્થ સ્વીકાર થઈ શકે. કલાકારને સર્જન સ્વાતંત્ર્યનો અધિકાર છે, સ્વચ્છંદતાનો નહિ. સદ્‌આચરણમાંથી પરાવર્તિત થયેલી કલામાં સાત્ત્વિકતા આવશે, માટે જ ગાંધીજી કહેતા કે **શીલ એવું સર્જન.**

અહીં એ વાતનું પણ સ્મરણ રાખવું પડશે કે આ વિધાન શ્રીમદ્‌જી કહે છે અને શ્રીમદ્‌જીની દરેક વાત કે વિચાર આત્મલક્ષી જ હોય. અધ્યાત્મ અભિપ્રેત હોય જ.

કોઈ કલાકાર કે સર્જકને કલાકૃતિના સર્જનનું આપણે કારણ પૂછીએ તો મહદ્‌અંશે એ જવાબ દેશે કે, હું મારા નિજાનંદ માટે કલાકૃતિનું સર્જન કરું છું. મારા આત્માના આનંદ માટે રચના કરું છું, તો કલાકારની આ નિજાનંદની વાત અને શ્રીમદ્‌જીની આત્મશ્રેયાર્થની વાત તદ્દન સમીપ છે.

સાહિત્ય સંગીત અને લલિતકથાઓથી માનવજીવન સભર બને છે, મધુર બને છે માટે અહીં જીવનમાં કલાની આવશ્યકતા જ નહીં પરંતુ અનિવાર્યતા સ્વીકારી છે. પરંતુ જીવનની સભરતા અને મધુરતા શું ? માત્ર કલ્પનામાં વિહાર કરવાથી જીવનમાં સભરતા અને મધુરતા આવી શકે ? સર્જનશક્તિને ખિલવવા માટે કલ્પનાના વિકાસની એક નિશ્ચિત હદ છે એ સરહદ પાર કર્યા પછીની કલ્પના નિરર્થક છે.

કાવ્ય, સાહિત્ય કે સંગીત વગેરે કલાઓ માત્ર ભક્તિ પ્રયોજનરૂપ ન હોય તો તે માત્ર કલ્પિત અને નિરર્થક બની રહેશે. જે કલા દ્વારા આત્મગુણોનો વિકાસ થાય તે કલા જ સાર્થક. જે સર્જનમાં નિજસ્વરૂપને પામવાની ઝંખના નથી તે કૃતિ ઈન્દ્રિયોના મનોરંજન કરનારી નિવડે છે, જેનું પરિણામ ભોગઉપભોગ અને તૃષ્ણા વધારનારું, રાગ-દ્વેષ અને સંસાર વધારનારું હોય છે. સૂરદાસ, તુલસીદાસ, મીરાં, નરસિંહ, કબીર કે અવધૂત આનંદઘનજીનું સંગીત કે કાવ્યસાહિત્ય, ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થે હોવાથી, ચિરંજીવ બની અમરત્વને પામ્યું.

જાણે ઉપર ઉપરથી છીછરા પાણીમાં છબછબિયાં કરાવતી કલા અને સાહિત્ય કૃતિઓ ક્ષણિક આનંદ આપે અને તેનું આયુષ્ય માત્ર પરપોટા જેટલું હોઈ, કાળના પ્રવાહમાં વિસ્મૃત બની જાય, પરંતુ શ્રીમદ્‌જી જેવા સર્જકની કૃતિઓ સ્વ-પરની કલ્યાણકારી બની ગઈ. કારણ કે તેમાં આત્મત્વના ઊંડાણમાં ડૂબકી લગાવ્યા પછીની નિજી ભાવ કે ઉત્કટ સંવેદના વ્યક્ત થઈ છે. શુદ્ધ આચરણમાં પરાવર્તિત થયેલી સર્જકતાએ આત્માની અમરતાનું ગાન પ્રગટ કર્યું છે. સાધનાની પગદંડી પર ચાલતા પરમતત્ત્વની અનુભૂતિ માટે જે કૃતિઓની રચના સહજભાવે થઈ તે ચિરંતન બની અમર બની ગઈ.

અશ્લીલ કલા કે સાહિત્ય ઈન્દ્રિયોને બહેકાવવાનું કે નૈતિક અધઃપતન કરાવનાર છે. ધર્મ કે નીતિશાસ્ત્રોએ આવી કલા કે સાહિત્યનો નિષેધ કર્યો છે, કે જેનાં દર્શન, શ્રવણ કે વાંચનથી વિકાર અને દ્વેષભાવ વધે, હિંસા, ઝનૂન, વેરની વસુલાત, બળાત્કાર, છેતરપિંડી, ચોરી, લૂંટ, જીવનમાં વિલાસતા અને

વ્યસનો વધે. આવી સાહિત્ય કે કલાકૃતિઓ જીવનના મૂળભૂત સંસ્કારોનું ધોવાણ કરી નાખશે.

જ્યારે સત્ત્વશીલ કલા કે સાહિત્યથી તો જીવન સંસ્કારથી સભર બનશે. નીતિમત્તાઓનું ધોરણ ઊંચું આવશે અને માનવજીવન ઊર્ધ્વગામી બનશે રાષ્ટ્રભાવના અને કુટુંબપ્રેમની રચના, કર્તવ્યાભિમુખ કરાવનારી છે. તો પ્રકૃતિગાન જીવનનો નિર્દોષ આનંદ છે, જે આત્મક્ષેયના અંતિમ ધ્યેય તરફ લઈ જશે.

સાહિત્યનો ઉદ્દેશ માત્ર ધર્મોપદેશ કે નીતિના પ્રસાર પ્રચારનો જ નથી પરંતુ સાહિત્યસર્જનનો મૂળ ઉદ્દેશ તો શુભતત્ત્વોના દર્શનનો જ હોવો જોઈએ. માટે જ સદ્સાહિત્યને જીવનનો અમૃતકુંભ કહ્યો છે.

પ્રેમ અને સ્નેહ કવિતાનું પ્રથમ પગથિયું છે, સર્જનને સાત્ત્વિકતાની એ ઊંચાઈએ પહોંચાડવાનું છે, જ્યાં સ્પંદનો પ્રેમની દિવાલોને અતિક્રમી વીતરાગભાવનું દર્શન કરે.

સાંપ્રત જીવનશૈલીમાં સંવેદના જ્યાં બુઠ્ઠી થઈ ગઈ હોય, ત્યાં સત્ત્વશીલ સાહિત્ય ઊર્મિતંત્રને રણઝણતું કરી લાગણીને સંસ્પર્શ કરશે જેથી સંવેદનશીલતા જાગૃત થશે.

કવિતાસર્જનની પ્રાથમિક દશા કદાચ પ્રેમ અને વિરહની હોય. પ્રિયતમના અંગલાલિત્યના વર્ણનથી શરૂ થતી કવિની યાત્રા પ્રભુના વિવિધ રૂપ અને ગુણના વર્ણનમાં જ પહોંચવાના ધ્યેયયુક્ત હોવી જોઈએ. પ્રાથમિક દશાથી શરૂ થયેલી કવિની યાત્રાએ પરમાર્થદશા સુધી પહોંચવાનું છે.

પ્રભુની પ્રતિમા કે મંદિરના શિલ્પો, ભક્તિસંગીત, પ્રેરણાદાયક જીવનચરિત્રો, દૃષ્ટાંતકથાઓ, આત્મકથાઓ, લેખ, કાવ્યો, નિબંધ કે કલાના વિવિધ સ્વરૂપોના સર્જનનું અંતિમ લક્ષ્ય આત્મશ્રેય હોય તો જ કલ્યાણકારક બની શકે.

આ અંગેના કાર્યક્રમોની વિચારણા વખતે શ્રીમદ્જીની સાહિત્ય, સંગીત કે કલા આત્માર્થે જ હોય તે વાત દીવાદાંડી સમાન બની રહેશે કારણ કે વિવિધ કલાઓ એ સાહિત્ય જીવનનું એક અંગ છે. જીવનને ઘડવામાં જીવનને સુસંસ્કૃત બનાવવામાં તેનું ઘણું મોટું યોગદાન છે. માટે તે ક્ષેત્રની વિશુદ્ધિ માનવજીવનને ઊંચાઈ પર લઈ જશે.

આપણે જોયું કે શ્રીમદ્જીની આ નાનકડી નોંધમાં અધ્યાત્મ અમૃત છલોછલ ભરેલું છે.

શ્રીમદ્જીના વિપુલ કાવ્યસર્જનમાં આત્મસિદ્ધિ શાસ્ત્ર, અમૂલ્ય તત્ત્વવિચાર, અપૂર્વ અવસર સહિત અનેક કાવ્યોની રચનામાં આત્મચિંતનનું નિરૂપણ થયું છે.

કાવ્યની એક-એક ગાથા એક-એક ગ્રંથની રચના થાય કે એક-એક ગાથા પર એક-એક પ્રવચન શ્રેણી યોજી શકાય એવા અધ્યાત્મ રહસ્યો ભરેલાં પડ્યાં છે.

શ્રીમદ્જીના વિચારમંથન પછી જે નવનીત પ્રગટ થયું તેનું આ સર્જન શાસ્ત્ર બની ગયું.

આત્મસિદ્ધિની ૨૮ મી ગાથામાં કહ્યું,

*લહ્યું સ્વરૂપન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,*
*ગ્રહી નહિ પરમાર્થને લેવા લૌકિક માન.*

આત્મગુણો પ્રગટ કરવા કર્મોની નિર્જરા કરવાના આ રહસ્યને સમજાવવા માટે શ્રીમદ્જીએ ગાથાના પૂર્વ પક્ષમાં એક માર્મિક શબ્દ મૂક્યો એ છે 'વૃત્તિ', 'લહ્યું સ્વરૂપન વૃત્તિનું', વૃત્તિને ઓળખવાની છે. કર્મ સહિત આત્મામાં બે પ્રકારની વૃત્તિઓ વહી રહી છે. એક સ્વાભાવિક વૃત્તિ અને બીજી વૈભાવિક વૃત્તિ.

જ્ઞાનાદિ મૌલિક ગુણો, ક્ષમા, સત્ય, સરળતા, નિર્લોભતા, સમતા, વિવેકનું પરિણામ ધારામાં પ્રગટ થવું તે સ્વાભાવિક વૃત્તિ અને ક્રોધાદિ રૂપ આત્મામાં પરિણમી જવું અને પછી તે રૂપ પ્રગટ થવું તે વૈભાવિક વૃત્તિ છે.

૧૭ અક્ષરની હાઈકુ કવિતામાં આ વાતને સુંદર રીતે રજૂ કરી છે -

*''મનમાં રામ*
*ને મનમાં રાવણ*
*રામને સીંચો.''*

પ્રત્યેક માનવીના મનમાં રામ નામના શુભ વિચારોની એક વેલ ઊગે છે અને રાવણ જેવા દુષ્ટ વિચારોની પણ એક વેલ ઊગે છે. કવિએ અહીં શુભ ચિંતનને પોષવાની, સદ્વિચારની વેલને ઉછેરવાની વાત કરી છે.

શ્રીમદ્જીએ અહીં વૃત્તિના સ્વરૂપનું આત્મનિરીક્ષણ કરવાની વાત કરી છે. આપણી પોતાની વૃત્તિનું પ્રવૃત્તિ અને આસક્તિ સાથે અનુસંધાન છે તેનું આપણે ઑબ્ઝર્વેશન નહીં પરંતુ ઈન્ટ્રોસ્પેક્શન પણ કરવાનું છે.

વળી પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલી અને તેમની સાથેના આસક્તિના અનુબંધને પણ તોડવું પડશે.

આ વાતને સરળ રીતે સમજીએ.

એક સંતે તેના ભક્તજનને કહ્યું, તમને ચા-તમાકુનું વ્યસન છે તે સારું નથી. તેને છોડી દ્યો. થોડા દિવસ પછી પેલો ભક્તજન સંતના દર્શન આવ્યો ને કહ્યું - બાપજી, ચા-તમાકુ છોડી દીધાં છે. સંત કહે, સારું કર્યું. પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે ત્યારે શું કરો? ચા યાદ આવે ત્યારે કોફી પી લઉં અને તમાકુ યાદ આવે ત્યારે ગુટકા ખાઈ લઉં! પ્રવૃત્તિ બદલી, વૃત્તિ નહીં.

એક મુનિની પ્રેરણાથી શિક્ષણસંકુલની સ્થાપના થઈ. મુનિના દસ વર્ષના પ્રચંડ પુરુષાર્થ બાદ સંસ્થા એક આદર્શ સંસ્કારધામ બની. કેટલીક સૈદ્ધાંતિક બાબતોમાં સંચાલકો અને ટ્રસ્ટીઓ સાથે એ મુનિને મતભેદ થયો. મુનિનું આર્તધ્યાન જોઈ તેમના ગુરુએ કહ્યું કે, આ સંસ્થામાં તું આસક્ત થયો છે. તારું આર્તધ્યાન, રૌદ્રધ્યાન તરફ ઝડપથી જઈ રહ્યું છે. આ સંજોગોમાં તું મૃત્યુ પામે

તો આ શિક્ષણસંકુલમાં સાપ તરીકે જ જન્મે. મુનિને ઝટકો લાગ્યો. પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ પર નિરીક્ષણ કર્યું. આલોચના કરી. આખી રાતના મનોમંથન બાદ ચિત્તમાંથી પહેલા સંસ્થાને અને તેના સંચાલકોને દૂર કર્યા. વહેલી સવારે સંસ્થાના સ્થાનકમાંથી વિહાર કર્યો. મુનિની જાગૃત ચેતનાના સમ્યક્ પરાક્રમે અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઈ ગઈ. સંસ્થામાંથી મુનિનું મહાભિનિષ્ક્રમણ નિજી સંયમજીવનનો મર્યાદા મહોત્સવ હતો.

નગરમાં એક સંન્યાસી આવ્યા. સંન્યાસીની જીવનચર્યા જોઈ રાજાએ સંન્યાસી બનવાનું નક્કી કર્યું. રાજપાટ, વૈભવ છોડી રાજા સંન્યાસી પાસે આવ્યા અને કહ્યું કે મને સન્યસ્ત દીક્ષા આપો.

સંન્યાસીએ રાજાને દીક્ષા આપી. રાજા તો જંગલમાં કુટિર બનાવી રહેવા લાગ્યા. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલી ગયા. સંન્યાસી બનેલા રાજા માત્ર કુટિરને સ્વચ્છ સુઘડ જ નથી રાખતા, ધીરે ધીરે કુટિરને વિશાળ બનાવે છે. વિવિધ વૃક્ષોના રંગીન લાકડાંઓને કલાકૃતિ બનાવી, વાંસની કમાનો બનાવી તે શણગારે છે. વિવિધ રંગીન ફૂલો અને પર્ણોથી કુટિરનું સુશોભન કરે છે. કુટિરના વિશાલ આંગણમાં કેટલાંક પશુ-પંખીને પાળે છે.

એક વર્ષ પછી રાજાને દીક્ષા આપનાર સંન્યાસી ગુરુ તે જંગલના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રાજાએ ગુરુ સંન્યાસીને પોતાની કુટિરમાં પધારવા આમંત્રણ આપ્યું. રાજાએ કુટિર, આંગણ, પશુ-પંખી અને સુશોભન બતાવી પૂછ્યું,

ગુરુજી, મારી કુટિર કેવી લાગે છે?

ગુરુજીએ કહ્યું, કુટિર તો મહેલ જેવી સોહાય છે. ગુરુ દ્વારા કુટિરના વખાણ સાંભળી સન્યસ્ત થયેલા રાજાના મુખ પર અહમ્ અને ખુશીના ભાવ જોઈ ગુરુ વિચારે છે.

રાજા મહેલમાંથી તો બહાર નીકળી ગયા, પરંતુ રાજામાંથી મહેલ નથી ગયો. ચિત્તમાં મહેલ મોજૂદ છે જ.

ગુરુ કહે -

પહેલા મહેલ અને રાજ્યનો વિસ્તાર અને શણગાર કરતા હતા, હવે કુટિરનો. પહેલા મહેલ, રાણી, કુંવરો, સેવકો પ્રત્યે મોહ તો હતો. હવે કુટિર, ફૂલ, ઝાડ, પાન, પશુ - પંખી પ્રત્યે મોહ. આમાં પરિગ્રહ પ્રત્યેની આસક્તિ કેમ છૂટશે? પ્રવૃત્તિ જરૂર બદલાઈ, વૃત્તિ નથી બદલાઈ. રાજામાંથી રાજર્ષિ થવું હોય તો પ્રવૃત્તિ સાથે વૃત્તિને બદલવી પડશે. સંન્યાસી બનેલ રાજા પ્રમાદ અને મોહની નિદ્રાથી જાગૃત થયા. પશુ-પંખી, ફૂલ-ઝાડ અને કુટિરનો ત્યાગ કરી અન્ય સ્થળે ચાલી ગયા. પૂર્વે સંન્યાસી થવા સમગ્ર સામ્રાજ્યનો અને વૈભવનો ત્યાગ કર્યો હતો તે ત્યાગ કરતા જંગલની આ કુટિરનો ત્યાગ મહાન હતો, કારણ આ ત્યાગમાં ચિત્તવૃત્તિમાંથી આસક્તિનો ત્યાગ અભિપ્રેત હતો. અહીં પ્રવૃત્તિની સાથે વૃત્તિ બદલાઈ હતી. કુટિરમાંથી અન્યત્ર જંગલ તરફ જતી સંન્યાસીની યાત્રા અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા હતી.

આપણે લાખો રૂપિયા ખર્ચી વિદેશ પ્રવાસમાં જઈએ. ત્યાં પણ ગુજરાતી વાનગી શોધીને. હોટેલ છોડતી વખતે શેમ્પુની બોટલ કે સાબુ ન છોડીએ... આ વૃત્તિ.

પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલે અને આસક્તિ સાથેનો અનુબંધ તૂટે તો જ વૃત્તિ સ્વભાવિક બની શકે ને પારમાર્થિક બની શકે. માટે જ શ્રીમદ્જીએ અધ્યાત્મ માર્ગના સાધકોને વૃત્તિ પર સંશોધન કરવાની શીખ આપી છે.

શ્રીમદ્જીના વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પત્ર સાહિત્યનું વિશિષ્ટ યોગદાન છે. મોક્ષમાર્ગના સાધકો માટે આ પત્રો અમૂલ્ય નજરાણું છે. આ પત્રોએ અધ્યાત્મ શ્રુત સંપદાને સમૃદ્ધ કરી છે.

સંવત ૧૯૪૩ થી ૧૯૫૭ સુધીના તેર વર્ષના ગાળામાં લગભગ ૮૦૦ થી વધારે પત્રો ઉપલબ્ધ થાય છે. ૩૨૫ પત્રો ગાંધીજી સહિત કેટલાક મુમુક્ષુઓ અને અલગ અલગ વ્યક્તિઓ પર લખાયેલા છે. ૧૨૫ પત્રો અંબાલાલભાઈ પર લખેલા. ૧૮૦ જેટલા પત્રો મુનિ લલ્લુજી મહારાજ પર લખાયેલ છે. સૌથી વધુ પત્રો એટલે કે ૨૫૦ જેટલા પત્રો તેમના પરમ સખા શ્રી સૌભાગ્યભાઈ પર લખાયેલા છે.

શ્રીમદ્જીએ પત્રોમાં કરેલ સંબંધનો પણ તેમની આધ્યાત્મિક આંતર ચેતનાની સાક્ષી પૂરે છે.

શ્રીમદ્જીએ પત્રોમાં કરેલા સંબોધનો -

*આત્મહિતાભિલાષી આજ્ઞાંકિત*

*મુમુક્ષુ ભાઈઓ*

*સત્જિજ્ઞાસુ, માર્ગાનુસારી મતિ*

*મહાભાગ્ય જીવનમુક્ત*

*બોધસ્વરૂપ, સત્પુરુષ વિગેરે...*

આ તમામ પત્રો અધ્યાત્મ ભાવોથી સભર છે. સેંકડો વિષયોનું પત્રોમાં સહજ રીતે નિરૂપણ થયું છે. નિશ્ચય અને વહેવારનો અદ્ભુત સમન્વય પણ આ પત્રોમાં જોવા મળે છે. એવો જ એક પત્ર જોઈએ.

પત્ર ક્રમાંક ૭૭૨. મુમુક્ષુ, સાધુ, સંત, ગુરુ શિષ્ય, પુત્ર ગૃહસ્થ દરેકને માર્ગદર્શક આ પત્રમાં શ્રીમદ્જી ફરમાવે છે -

કેટલાક રોગાદિમાં ઔષધાદિ પ્રાપ્ત થાય છે અને અસર કરે છે. કેટલાકમાં ઔષધિ પ્રાપ્ત થતી નથી, અસર પણ કરતા નથી.

અમુક કર્મબંધ કેવા પ્રકારનો છે તે તથારૂપ જ્ઞાનદૃષ્ટિ વિના જાણવું કઠણ છે. એટલે ઔષધાદિ વ્યવહારની પ્રવૃત્તિ એકાંતે નિષેધી ન શક્યા. પોતાના દેહના સંબંધમાં કોઈ પરમ આત્મદૃષ્ટિવાળો પુરુષ તેમ વર્તે તો, એટલે ઔષધાદિ ગ્રહણ ન કરે તો તે યોગ્ય છે, પણ બીજા સામાન્ય જીવો વર્તવા જાય તો એકાંતિક દૃષ્ટિએ હાનિ કરે.

શ્રીમદ્જીએ પત્રના આ ભાવ સમજતા વિચારવાનું કે આપણે તો સંતો, સ્વજન, માતા-પિતા કે આશ્રિતોના રોગ કે પીડા સમયે

સંપૂર્ણ વૈયાવચ્ચ કરવાની કારણ કે તે સ્વ પર કલ્યાણકારી છે.

નગરથી ઉપવન તરફ જતા રાજમાર્ગ પર ચાલી જતી બે સહિયરોએ એક દૃશ્ય જોયું. કૌતુકભરેલા દૃશ્યને નિહાળવા એ બન્ને સખી આગળ ચાલી.

નગરશ્રેષ્ઠી હાથીની અંબાડી પર બેઠેલા હતા. બાજુમાં મહાવત, આગળ-પાછળ સેવકો ચાલી રહ્યા હતા. રાજમાર્ગથી રસ્તો ફંટાયો, નાનકડો રસ્તો ઉપવન તરફ જતો હતો, ત્યાં શ્રેષ્ઠી હાથી પરથી ઊતર્યા અને ઘોડા પર બેઠાં. થોડું આગળ ચાલતા એક પગદંડી આવી. શ્રેષ્ઠી ઘોડા પરથી ઊતર્યા. અનુચરો પાલખી લઈને ઊભા હતા. તેમાં શ્રેષ્ઠીને બેસાડી ઉબડ-ખાબડ કેડી પર જરા પણ આંચકો ન આવે તેમ ભોઈ-અનુચરો પાલખી ઊંચકીને ચાલવા લાગ્યા. ઉપવન આવતા શ્રેષ્ઠી નીચે ઊતર્યા અને મખમલી તળાઈ સાથેની ફૂલશૈયા પર સૂતા. અનુચરો પગ દબાવવા લાગ્યા કે કૌતૂકભર્યું દૃશ્ય જોતા એક સખી બીજી સખીને પૂછે છે :

*''હાથી બેઠો, ઘોડે બેઠો, બેઠો પાલખીમાંય*
*કિયા દિનકો થકો, સખીરી પડ્યો દબાવત પાય''.*

આ શેઠ હાથી-ઘોડાને પાલખીમાં જ બેઠા છે, ચાલ્યા લગીરે નથી, તો કયા દિવસનો એવો તે તેને થાક લાગ્યો કે પગ દબાવે છે?

સખી જવાબ આપે છેઃ

*''સાધુ સંત કી સેવા કિંની ચાલ્યો અણવણ પાય*
*તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય.*
*માત-પિતા કી સેવા કિંની, દેખો નવ દિનરાત*
*તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય.''*

હે સખી, તું સાંભળ! પૂર્વભવમાં આ શેઠે સાધુ-સંતોની ખૂબ વૈયાવચ્ચ, સેવા-સુશ્રુષા કરી હતી. પાદવિહારમાં સાધુ-સંત સાથે ઉઘાડે પગે ચાલ્યો હતો. પૂર્વના એ થાકને ઉતારવા તેના દેહને વિશ્રામ આપવા અનુચરો પગ દબાવે છે. પૂર્વે દિવસ-રાત જોયા વિના માતા-પિતાની સેવા કરી તેનો થાક ઉતારે છે.

સખીઓના સંવાદનો એવો સંકેત છે કે, પૂર્વે સાધુ-સંત અને માતા-પિતાની વૈયાવચ્ચ, સેવા-સુશ્રુષા કરનારે તેના પ્રચંડ પુણ્યોદયે કેવી સમૃદ્ધિ મળે છે!

માટે જ શ્રીમદ્જીએ પત્રમાં અનેકાંત દૃષ્ટિનો ઉપયોગ કરી વૈયાવચ્ચ કરવાનું માર્ગદર્શન આપ્યું છે.

પરંતુ આપણા સ્વજન માતા-પિતા, સંતો કે આશ્રિત રોગ કે પીડાનો ભોગ બને ત્યારે એમ વિચારવાનું નહિ કે હવે આ ઉંમરે આવા ભયાનક રોગમાં ઔષધ-ઉપચાર શું કરવા? આપણે તો પ્રમાદ છોડી વૈયાવચ્ચનો પ્રચંડ પુરુષાર્થ આદરવો ઉચિત છે. આવા સમયે પુરુષાર્થમાં કરુણા અને અનુકંપા ભાવ અભિપ્રેત છે. ગૃહસ્થ વ્યવહારમાં વિવેકબુદ્ધિ દાખવી નિરવદ્ય નિષ્પાપ નિવૃત્તિ ઔષધ ઉપચારની વૃત્તિ રાખવી જોઈએ.

શ્રીમદ્જીના આ પત્રમાં નિશ્ચય અને વહેવારનો અદ્ભુત સમન્વય જોવા મળે છે.

આપણે જોયું કે શ્રીમદ્જીના કાવ્ય, સાહિત્ય કે પત્ર સાહિત્ય કે ઉપદેશ નોંધો અને દરેક પ્રકારના સર્જનમાં આપણને પરમ આધ્યાત્મિક મૂલ્યોના દર્શન થાય છે.

અપૂર્વ અવસરમાં શ્રીમદ્જીએ આત્માના ગુણસ્થાનક ક્રમ દર્શાવ્યા છે. આત્મવિકાસના તબક્કાનું આધ્યાત્મિક નિરૂપણ કર્યું છે.

આ કાવ્ય વિશે 'સિદ્ધિનાં સોપાન' પુસ્તકમાં મુનિ સંતબાલજીએ લખ્યું છે -

'અપૂર્વ અવસર'ની રચનામાં કવિશ્રી એવા સફળ થયા છે કે આગ્રાનો તાજમહેલ જેમ શિલ્પદુનિયાની અદ્ભુત કળાનો નમૂનો છે તેમ આ ગીતા જેવા સર્વમાન્ય ગ્રંથની હરોળમાં આવે એવો આધ્યાત્મિક જગતના આલીશાન મંદિરનો કળાનમૂનો છે. ગીતાની આસપાસ જેમ આખું આધ્યાત્મિક જગત છે તેમ આની આસપાસ આધ્યાત્મિક જગતમાંથી કાઢી આપેલો કેવળ મલીદો છે. એ પચાવવા માટે અમુક ભૂમિકા જોઈએ, એ પણ જો જેને પચે તેનો બેડો પાર.

આમ, સંતબાલજી અપૂર્વ અવસરને ગીતા જેવો મહાગ્રંથ ગણે છે અને તેને અધ્યાત્મ મંથન પછી મેળવેલું નવનીત કહે છે.

આધ્યાત્મિક માર્ગ માટે ગુરુનું મહત્ત્વ છે. શ્રીમદ્જીએ ઠેરઠેર ગુરુનો મહિમા ગાયો છે.

શ્રીમદ્જીની કેટલીય રચનાઓમાં મહત્ત્વનો મુદ્દો 'સદ્ગુરુનું મહત્ત્વ' સદ્ગુરુની કૃપા વિના મોક્ષમાર્ગ પ્રાપ્ત ન કરી શકાય. શ્રીમદ્જીએ આત્મસિદ્ધિ શાસ્ત્ર 'બિના નયન', 'લોકસ્વરૂપનું રહસ્ય', 'અંતિમ સંદેશો', 'મૂળ મારગ' આદિ રચનાઓમાં ગુરુનું મહત્ત્વ બતાવ્યું છે.

*બિના નયન પાવે નહિ બિના નયન કી બાત,*
*સેવે સદ્ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત.*

જપ, તપ, વ્રત આદિ શુભ અનુષ્ઠાનો છે, તે આત્માર્થે કર્તવ્યો છે. ગુરુકૃપા અને ગુરુ આજ્ઞાથી જ આ સાધના સફળ થાય છે.

વળી ગુરુ જ સાધનાપંથે શુદ્ધ સાધન પ્રતિ અંગૂલીનિર્દેશ કરી શકે છે.

ગુરુશરણમાં જવાથી અહંકાર અને સ્વછંદ દૂર થઈ શકે છે.

કોમળ વ્યંજનો દ્વારા રચાયેલ તેમની અનુપમ કળાકૃતિઓમાં સરળ ગુજરાતી ભાષામાં સહજ નવા-જૂના ગુજરાતી શબ્દોનો પ્રયોગ કરી પાઠકનું મન મોહી લ્યે છે. શારદાપુત્ર તરીકે મા શારદાની અનુપમ સેવા બજાવી છે. ગુજરાતી સાહિત્યમાં આવા આધ્યાત્મિક પદોનો ઉમેરો કરી ગુજરાતી અધ્યાત્મ સાહિત્ય સંપદાને સમૃદ્ધ કરી સાહિત્યિક ક્ષેત્રમાં તેઓ ઉત્તમ સ્થાને બિરાજ્યા છે, એવા યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીને અભિવંદના કરી વિરમું છું.

❑❑❑

gunvant.barvalia@gmail.com | M. 9820215542

# ભાષાનો જન્મ અને જોડણીકોશની ગતિ-પ્રગતિ

પ્રમોદ શાહ

ભાષાના પ્રણેતા ભગવાન શિવને માનવામાં આવે છે. શિવ એટલે કલ્યાણ, કલ્યાણ કરનાર દેવ. શિવજી તાંડવ કરીને સૃષ્ટિનું સર્જન કરે છે તો રુદ્ર બનીને વિસર્જન. મહેશ્વરસૂત્ર એટલે કે શિવસૂત્રને સંસ્કૃત વ્યાકરણનો આધાર માનવામાં આવે છે. ભગવાન શિવ પ્રલયકારી બનીને પણ સૃષ્ટિ માટે સર્જન કરે છે. વ્યાકરણના આ સૂત્રમાં નામ, સર્વનામ, વિશેષણ, કર્મ, વાક્ય, લિંગ જેવા ભાષાના વિવિધ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. વ્યાકરણ શાસ્ત્રના પ્રણેતા મહર્ષિ પાણિનીએ ૪૦૦૦ શ્લોકવાળા સૂત્રમાંથી સંસ્કૃત ભાષાના તત્કાલીન સ્વરૂપને નિયમિત કરવા ભાષાના વિભિન્ન ઘટકો અને અવયવોનો સરળતા માટે અષ્ટાધ્યાયી ગ્રંથમાં સમાવેશ કર્યો છે. મહેશ્વરસૂત્રની ઉત્પત્તિ ભગવાન નટરાજના તાંડવ નૃત્ય દરમિયાન ડમરુના નાદથી થઈ હોવાનું માનવામાં આવે છે. માટે જ આપણા દરેક અક્ષરનો એક ચોક્કસ નાદ છે. એવું પણ મનાય છે કે આપણા દરેક અક્ષર સાથે 'અ' કાર છે, 'ઉ' કાર અને 'મ' કારનો નાદ પણ જોડાયેલા છે, જે ઓમકારનો નાદ બને છે.

જ્યારે તાંડવ નૃત્ય સમાપ્ત થયું ત્યારે શિવજીએ સનકાદિક ઋષિઓની સિદ્ધિ અને કામના પૂર્તિ માટે નવપંચમ વાર એટલે કે ૧૪ વાર ડમરું વગાડ્યું. આ પ્રકારે ૧૪ શિવસૂત્રની માળા (વર્ણમાળા) રચાઈ. શિવજીનું ડમરું ૧૪ વખત વાગવાથી ૧૪ સૂત્રના સ્વરૂપમાં ધ્વનિ નીકળ્યો. આ ધ્વનિઓમાંથી એક ચોક્કસ નાદથી વ્યાકરણના મૂળાક્ષરોની રચના થઈ. આ કારણોથી જ વ્યાકરણના આદિ પ્રવર્તક નટરાજ શિવને માનવામાં આવે છે. મહર્ષિ પાણિનીએ શિવસૂત્રના આધારે વ્યાકરણની રચના કરી તે દેવનાગરી કહેવાઈ જે બાદમાં સંસ્કૃતના પૂર્ણ સ્વરૂપમાં ગ્રંથિત થઈ. દેવનાગરીના દરેક અક્ષરને ચોક્કસ નાદ છે. તેનું કારણ તેનો આધાર નાદ છે. આજે પણ સંસ્કૃતનું પઠન અથવા તેના પર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સંસ્કૃત વ્યાકરણ આ સૂત્રને આધારે ભણાવવામાં આવે છે.

આમ ભાષાની ઉત્પત્તિ થઈ. તે પછી વિદ્વાનોએ તત્કાલીન સમયે વ્યાકરણ અને શબ્દોને ધ્યાનમાં રાખી વ્યાકરણ અને કોશના ગ્રંથોની રચના કરી છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત 'અભિધાન ચિંતામણી કોશ' વિ.સં. ૧૨૧૬ માં રચાયો, જે 'સિદ્ધ-હેમ' ના નામે ખૂબ જાણીતો થયો. આ કોશ સંસ્કૃત ભાષાનો અતિ મહત્ત્વનો શબ્દકોશ છે. ગુજરાતી ભાષાને સમૃદ્ધ અને શોભિત કરવામાં આ કોશનો સિંહફાળો રહ્યો છે. આ સમગ્ર કોશ કુલ ૧૫૪૨ પદ્યોમાં અને ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણની રચના છે. આ કોશની મહત્તા અને ઉપયોગિતા જાણી-સમજીને સિદ્ધરાજ મહારાજાએ હાથીની અંબાડી પર આ કોશને શણગારીને નગરયાત્રા દ્વારા રાજ્ય બહુમાન કર્યું હતું. ઈતિહાસના પાને આ શુભપ્રસંગ સુવર્ણાક્ષરે અંકિત થયો છે.

'સાર્થ જોડણીકોશ'ની વાત કરીએ તો પહેલાં 'ભગવદ્ગોમંડળ'ની અને વિશ્વકોશની ટૂંકી માહિતી અહીં પ્રસ્તુત છે.

એનસાઈક્લોપીડિયા ગ્રીક શબ્દ છે. ગ્રીક અર્થ પ્રમાણે એનસાઈક્લોપીડિયા એટલે સામાન્ય જ્ઞાન અગર શિક્ષણ કે જ્ઞાનની દરેક શાખાનું જ્ઞાન. આ ભગવદ્ગોમંડળ ગ્રંથમાં દરેક શાખાનું જ્ઞાન છે.

ભગવદ્ગોમંડળ ગ્રંથના તમામ ભાગ ચંદુભાઈ બેચરદાસ પટેલે સંપાદિત કર્યા. આખો ગ્રંથ પ્રગટ કરતાં પહેલાં મહાત્મા ગાંધીજીને પ્રસ્તાવના લખવા વિનંતી કરી ત્યારે ગાંધીજી આ ગ્રંથ તૈયાર કરવામાં જે જે લેખકોએ મહેનત કરી, તેમનાથી પ્રભાવિત થયા હતા અને કહ્યું હતું કે, ''આ ગ્રંથમાં બે લાખ શબ્દો વપરાયા છે. ગુજરાતી પ્રજાને આવો ધુરંધર ગ્રંથ આપ્યો તે બદલ ધન્યવાદ. પણ હું આ જબ્બર પુરુષાર્થ જોઈને એટલો પ્રભાવિત થયો છું કે પ્રસ્તાવના લખવાની મારી ક્ષમતા જોતો નથી.'' મહારાજા ભગવતસિંહજીએ રાજ્ય કારભાર મૂકીને ભગવદ્ગોમંડળના સહસંપાદક તરીકે બહુ મોટું યોગદાન આપેલ. આ શબ્દકોષ તૈયાર કરવામાં જે જે વ્યક્તિઓએ મદદ કરી હોય તેઓની તેઓ કદર કરતા. એ જમાનામાં એટલે કે ૯૦ વર્ષ પહેલાં નવો શબ્દ સૂચવનારને એક આનાથી માંડીને રાણીછાપના ચાંદીના એક રૂપિયાના સિક્કાનું ઈનામ આપતા. ચારણો, બારોટો, ખરવાડા પાસેથી પણ અનેક નવા શબ્દો મળી આવતા. આજે રાજકોટના ગોપાલ પટેલે પોણા ત્રણ લાખ શબ્દોના અર્થવાળા ભગવદ્ગોમંડળના ૯ ભાગ પ્રગટ કર્યા છે. આ ગ્રંથમાં દરેક ધર્મોની વિધિઓ અને ક્રિયાકાંડોની વિસ્તૃત સમજૂતી આપી છે. જૈન, વૈષ્ણવ, શૈવ, સ્વામિનારાયણ, ઈસ્લામ, ખ્રિસ્તી, પારસી, શીખ વગેરે તમામ ધર્મો, તેના પેટાપંથ, તેમના દેવી-દેવતા, તીર્થંકરો, વીર-ઓલિયાઓ, સંતો, ગુરુઓ, ઋષિમુનિઓ, ધાર્મિક વિધિઓ અને ક્રિયાકાંડોની માહિતીનો ભગવદ્ગોમંડળમાં સુંદર સમાવેશ કરાયો છે. ધર્મ, આત્મા, પરમાત્મા, જીવ, મોક્ષ, સ્વર્ગ, નરક તેમજ બીજા ધાર્મિક - આધ્યાત્મિક વિષયોની જે માહિતી અપાઈ છે તે ખરેખર ઉત્તમ અને ઉત્કૃષ્ટ છે. વિવિધ સમાજ અને જ્ઞાતિઓના

વર્ગ, ક્રિયાકાંડો, જન્મ, મૃત્યુ, લગ્ન જેવા સામાજિક પ્રસંગો અને ઉત્સવોને પણ વિસ્તૃત રીતે વર્ણવવામાં આવ્યા છે.

ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ ભગવદ્ગોમંડળ તૈયાર કરાવીને પ્રકાશિત કર્યો તેથી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરીને મહિમા વધાર્યો છે. આ ગ્રંથમાં ગુજરાતી ભાષાના લગભગ તમામ શબ્દોનો અર્થ જોવા મળે છે.

ગુજરાતના ખૂબ જાણીતા સંત પૂજ્યશ્રી મોટાએ ગુજરાતી ભાષામાં વિશ્વકોશની રચના માટે વિચારબીજ વાવ્યું હતું. મહેસાણા જિલ્લાના વિસનગરના પીઢ કોંગ્રેસી અગ્રણી અને ગાંધીવાદી કાર્યકર સ્વ. સાંકળચંદભાઈ પટેલની પ્રેરણાથી સવ્યસાચી સારસ્વત પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરે વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈનું માર્ગદર્શન પણ મળતું ગયું. ઈ.સ. ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સહયોગથી મળેલા મકાનમાં વિશ્વકોશની વિરાટ યોજનાનું સ્વપ્ન સાકાર થવા માંડ્યું અને આજે અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં એક અદ્યતન અને આકર્ષક ભવ્ય મકાનમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પોતાની વિવિધ પ્રવૃત્તિઓ સુપેરે ચલાવી રહી છે.

ગુજરાતી વિશ્વકોશ ૧૯૮૭થી ૨૦૦૯ એમ ૨૫ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. જેમાં ૧૭૦ જેટલા વિષયો સમાવેશ પામે છે. જેમાં ૨૩૦૯૦ અધિકરણો, ૭૯૬૫ માનવ વિદ્યા, ૭૯૩૫ વિજ્ઞાન, ૭૧૯૦ સમાજવિદ્યા, ૬૯૬૭ લઘુચરિત્રો, ૫૩૮ વ્યાપ્તિ - લેખો, ૨૪૮ અનૂદિત લેખો અને ૧૧,૨૯૮ ચિત્રો અને આકૃતિઓ છે. આ વિશ્વકોષ ૧,૫૯૩ જેટલા લેખકો દ્વારા તૈયાર થયેલ છે. ૧,૭૩,૫૦,૦૦૦ (એક કરોડ તોતેર લાખ અને પચાસ હજાર) જેટલી શબ્દસંખ્યા ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ વિશ્વકોશ છે. ખરેખર આ ગ્રંથો ગુજરાતી ભાષાની શોભા અને સમૃદ્ધિ છે.

વર્તમાનમાં એના નવ ગ્રંથોનું પુનઃમુદ્રણ થઈ ચૂક્યું છે અને બાકીના ગ્રંથોનું પુનઃમુદ્રણ ચાલી રહ્યું છે. ગુજરાતી બાળ વિશ્વકોશના એકથી સાત ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા છે અને પરીભાષાકોશ, નાટ્યકોશ તેમજ ચરિત્રકોશનું કામ ચાલી રહ્યું છે.

ગુજરાતી ભાષાને સરસ, સુંદર અને સરળ બનાવવા માટે અને વિશ્વકોશ રચનાની વિવિધ પ્રવૃત્તિ દ્વારા માહિતીનો ભંડાર આપવા માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અભિનંદનના અધિકારી છે.

ખરેખર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે વિવિધ ગ્રંથો પ્રકાશિત કરીને ગુજરાતી ભાષાની મોટી સેવા કરી છે. ઈતિહાસ આ ભગીરથ કાર્યની માનભેર નોંધ લેશે.

ઉપર્યુક્ત ગ્રંથોની એક આગવી વિશેષતા, વિશિષ્ટતા અને વિવિધતા જોવા મળે છે. આ ગ્રંથોએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવામાં અને ગુજરાતી ભાષાની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. એટલું જ નહિ પણ ગુજરાતી ભાષાને રમતી અને ગમતી કરવામાં આ ગ્રંથો સફળ અને સાર્થક નીવડ્યા છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

ઉપર્યુક્ત ભાષા ને કોશની ભૂમિકાને પ્રકાશિત કર્યા પછી ગુજરાતી શબ્દકોશની ગતિ - પ્રગતિ ઉજાગર કરવી અતિ આવશ્યક છે. મહાત્મા ગાંધીજીના માર્ગદર્શન નીચે સૌ પ્રથમ ગુજરાતી જોડણીકોશ ઈ.સ. ૧૯૨૯ માં પ્રકાશિત થયો. આ જોડણીકોશમાં શબ્દની જોડણીનો સમાવેશ હતો, શબ્દના અર્થનો નહિ. ત્યારબાદ ઈ.સ. ૧૯૩૧ માં શબ્દના અર્થ સહિત જોડણી એટલે 'સાર્થ જોડણીકોશ' પ્રગટ થયો. આ કોશની ત્રીજી આવૃત્તિ ૧૯૩૭ માં, ચોથી આવૃત્તિ ૧૯૪૯ માં પ્રકાશિત કરવામાં આવી. સમયાંતરે તેમાં જરૂરી સુધારા - વધારા થતા રહ્યા અને ઈ.સ. ૧૯૬૭ માં તેની પાંચમી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી. આ કોશનું અત્યાર સુધીમાં ૫૪,૧૦૦ જેટલી નકલોનું વેચાણ થયું.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા તાજેતરમાં 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'ની સંશોધિત - સંવર્ધિત છઠ્ઠી આવૃત્તિનું પ્રકાશન જાન્યુઆરી, ૨૦૧૭માં કરવામાં આવ્યું છે. તા. ૧૬, ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ ગુજરાત વિદ્યાપીઠના હીરક મહોત્સવ સભાખંડમાં લોકાર્પણ કરવામાં આવ્યું. આ કોશમાં દરેક શબ્દની અલગ પ્રવિષ્ટિ કરવામાં આવી છે, જેમાં કુલ ૭૩,૨૪૫ શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી કોશને સમજવામાં સરળતા રહેશે. આ કોશે ગુજરાતી ભાષાને આભૂષિત અને પ્રભાવિત કરવામાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપેલ છે. ખરેખર આ કોશ ગુજરાતી ભાષાનો અર્ક, અમૃત અને આત્મા છે. રાજાના મુગટમાં મણીનું જે સ્થાન છે તે ગુજરાતી ભાષામાં આ કોશનું છે.

ગુજરાત વિદ્યાપીઠે હિન્દી - ગુજરાતી કોશ, ગુજરાતી - હિન્દી કોશ, સંસ્કૃત - ગુજરાતી વિનીત કોશ, જોડણી માટે ખિસ્સાકોશ પ્રકાશિત કર્યા છે. આ બધા કોશ લેખકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી બન્યા છે. આ માટે ગુજરાત વિદ્યાપીઠ અભિનંદનને પાત્ર છે.

જોડણીકોશમાં શબ્દ સંખ્યા પ્રથમ આવૃત્તિમાં ૪૩,૭૪૩ હતી તે વધીને પાંચમી આવૃત્તિમાં ૬૮,૪૬૭ થઈ અને છઠ્ઠી આવૃત્તિમાં વધીને ૭૩,૨૪૫ શબ્દોનો સમાવેશ થયો છે. એટલે કે પાંચમી આવૃત્તિમાં ૨૪,૭૨૪ અને છઠ્ઠી આવૃત્તિમાં ૪,૭૭૮ શબ્દોનો ઉમેરો થયેલ છે.

૧૯૯૬ થી ૨૦૧૬ સમય દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ શ્રી રામલાલભાઈ પરીખ, પૂર્વ કુલનાયકો સર્વશ્રી ગોવિંદભાઈ રાવલ, શ્રી અરૂણભાઈ દવે, શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ,

શ્રી ઈલાબેન નાયક, શ્રી સુદર્શનભાઈ આયંગર તથા કુલસચિવ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી વગેરેએ પણ આ જોડણીકોશના પ્રકાશન કાર્યમાં મહત્વનો અને ગણનાપાત્ર સહયોગ આપ્યો છે.

આ જોડણીકોશ સફળ, સરળ અને વ્યાપક રીતે ઉપયોગી બની રહે તે માટે વિદ્વાન અને અભ્યાસી તજજ્ઞોની એક સલાહકાર સમિતિની પણ રચના કરવામાં આવી હતી. ડૉ. ચંદ્રકાંત શેઠ, ડૉ. ત્રિકમભાઈ પટેલ, ડૉ. શિલીનભાઈ શુકલ, ડૉ. રમેશભાઈ શાહ, ડૉ. વી. જે ત્રિવેદી, ડૉ. પ્રહલાદભાઈ પટેલ, ડૉ. ઉષાબેન ઉપાધ્યાયે આ સમિતિના સભ્યો તરીકે સેવાઓ આપી હતી. આ સમિતિના સભ્યો સાથે કોશ વિભાગના સેવકોની લગભગ ૨૫૫ જેટલી બેઠકો થઈ હતી.

આ જોડણીકોશ પૂજ્ય ગાંધીજીને અર્પણ કરવામાં આવ્યો છે. જાણે સોનામાં સુગંધ ભળી.

આ જોડણીકોશમાં કુલનાયક શ્રી અનામિકભાઈ શાહ અને કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીનું નિવેદન ડૉ. નિરંજનાબેન વોરાની પૂર્વભૂમિકા, જોડણીના નિયમો, ગાંધીજીના આશીર્વાદ, જોડણીકોશ વિશેના ચિંતનમૂલક અવતરણો, શ્રી કાલેલકર, શ્રી મગનભાઈ દેસાઈ, શ્રી રામલાલ પરીખ, શ્રી સુદર્શન આયંગારના નિવેદનોએ આ જોડણી કોશની શોભામાં અભિવૃદ્ધિ કરી છે. આ કોશના પ્રારંભ, અર્પણ, ઠરાવો, નિવેદનો, જોડણીના નિયમો, ગાંધીજીના આશીર્વાદ, સૂચના વગેરે ૪૦ પાના છે. જોડણીકોશના ૧૧૫૨ પાના છે, જેમાં છેલ્લું પાનું કોરું છે.

આવો અતિ મહત્વનો તથા ગુજરાતી ભાષાને ગૌરવાન્વિત કરનારો જોડણીકોશ લોકો સુધી પહોંચે, લોકો જાણે - સમજે - વિચારે અને આ કોશનું લોકદર્શન થાય તે હેતુને નજર સમક્ષ રાખીને 'ગૌરવયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવયાત્રાથી ગુજરાતી ભાષાના આ જોડણીકોશનું ગૌરવ વધ્યું છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. (હાલમાં અમદાવાદમાં સાર્થ ગુજરાતી જોડણીકોશની ગૌરવયાત્રાનું આયોજન થયું હતું. તે સમયે પ્રગટ થયેલ વિશેષાંકમાંથી આ લેખ લીધો છે. ગુજરાતી ભાષાને માન્ય જોડણી આપનાર આ કોશની મહત્તા વિશે વિશેષ કહેવાનું ન જ હોય. ૧૯૨૯માં જ્યારે પ્રથમવાર પ્રગટ થયો ત્યારે તેમાં જોડણી જ આપવામાં આવી હતી અર્થ નહીં, ત્યારબાદ ૧૯૩૧થી અર્થ સાથે 'સાર્થ જોડણીકોશ' પ્રગટ થયો)

❑❑❑

**(પ્રમુખ : રાષ્ટ્રીય એકતા કેન્દ્ર)**

## શ્રધ્ધાંજલિ

- **શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કમિટી સભ્ય શ્રી ચંદુલાલ ફ્રેમવાળાના ધર્મપત્ની શ્રીમતિ ચંચળબેન ચંદુલાલ ફ્રેમવાળાના દુઃખદ અવસાનથી અમો સૌ સંઘના કમિટી સભ્ય દુઃખની લાગણી અનુભવીએ છીએ. આ દુઃખના સમયે અમો આપ સર્વે પરિવારની સાથે છીએ. પ્રભુ તેમના આત્માને પરમશાંતી આપે.**

- **હાલમાં કમલા મિલ કંપાઉન્ડમાં લાગેલ આગમાં, લેક્ષ કેનિયા પરિવારમાંથી તેમના પત્ની પ્રેમીલા લેક્ષ કેનિયા અને અન્ય બે યુવા ધૈર્ય અને વિશ્વા મૃત્યુ પામેલ છે. ધૈર્ય અને વિશ્વાએ આગમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં ખૂબજ મદદ કરી હતી. અને હાલમાં અમેરિકાથી ભારત આવ્યા હતા. લેક્ષ કેનિયા પ્રબુદ્ધ જીવન પરિવારના અંતરંગ સભ્ય રહ્યા છે અને સમયાંતરે પ્રબુદ્ધ જીવનને આર્થિક સહાય કરતાં રહે છે. આ વિપદ દુઃખના સમયે પ્રબુદ્ધ જીવન પરિવાર આપની સાથે છે અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે સદ્‌ગતના આત્માને શાંતિ પ્રાપ્ત થાય.**

**તંત્રીશ્રી**

## એને નમું નમું

જેનાથી આ જંતર મારું રણઝણ,
એને નમું નમું!
જેનાથી આ અંતર મારું ઝળહળ,
એને નમું નમું!
પારિજાતથી છાબ રાતની ભરું ભરું,
ઉષાને કર કમળ સ્વચ્છ સૌ ધરું ધરું.
પતંગિયાની જેમ હવે ઉન્મુક્ત મને
ફૂલ સમો થઈ ફરું, બધાંને ગમું ગમું!
અંધકારને ઘેર દિવાળી કરું કરું,
હોય અમાસી કેર, બધાયે હરું હરું,
આંખે આંજી આસમાન, પંખાળો થઈ
ઊંચે ઊંચે ટહુકાને પથ ભમું ભમું!
સાત રંગના સૂર શબ્દમાં ભરું ભરું!
અનહદનું લઈ નૂર માનસે તરું તરું,
અકળ સકળની સઘન ગહન લયલ્હેર મહીં
સૌની સાથે, સૌનો થઈને રમું રમું!

**- ચંદ્રકાન્ત શેઠ**

સૌજન્ય : 'હદમાં અનહદ' પુસ્તકમાંથી

# ઉપનિષદમાં વસુધાનકોશવિદ્યા

ડૉ. નરેશ વેદ

આ વિદ્યા 'તૈત્તિરીય' અને 'બૃહદારણ્યક' ઉપનિષદોમાં સમજાવવામાં આવી છે. 'તૈત્તિરીય' ઉપનિષદની બીજી વલ્લીનું નામ છે; બ્રહ્માનંદવલ્લી. એમાં કુલ નવ અનુવાક છે. તે પૈકી પહેલા અનુવાકમાં ભૌતિક સૃષ્ટિનું વર્ણન કરતા બધા પંચભૂતોની રચના અને તે પછી તેમાંથી થયેલ વૃક્ષ, વનસ્પતિ અને અન્નરક્ષ દ્વારા મનુષ્યનો જન્મ કેવી રીતે થાય છે, તે સમજાવ્યું છે. અન્નથી ઉત્પન્ન થનારો રસ ક્રમશઃ જીવશરીરની રચના કેવી રીતે કરે છે તે વાત કહી છે. આ શરીર જીવ (આત્મા)ને રહેવાનું એક સ્થાન છે, તે સ્પષ્ટ કરી, બીજા અનુવાકમાં જીવનને માટે અન્નનો મહિમા દર્શાવી શરીરમાં રહેલા અન્નમય કોશની વાત કરી, પછી ત્રીજા - ચોથા અને પાંચમાં અનુવાકમાં પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોશની રચના સમજાવી છે. શરીરની અંદર એકની અંદર એક એમ જે સારો રહેલાં છે તે સમજાવ્યું છે. અને એ કારણથી શરીરને 'વસુધાનકોશ' (સ્તરો/શક્તિઓને ધારણ કરતો કોશ) કહીનો ઓળખાવ્યું હતું. ત્યારબાદ છઠ્ઠા અનુવાકમાં આનંદમયકોશથી ઉપર પણ એક સ્તર છે તેને સ્પષ્ટ કરતા તેને 'રસકોશ' તરીકે સમજાવ્યું છે. આ રસ પ્રાપ્ત કરવાથી જ મનુષ્યને આનંદ મળે છે. કારણ કે આ 'રસ' જ બ્રહ્મનું સ્વરૂપ છે તે સ્પષ્ટ કરી, જે મનુષ્ય આ રસનો સ્વાદ ચાખી લે છે તે બ્રહ્મ (આત્મા/પરમાત્મા)ને જાણી લે છે, પછી એવી વ્યક્તિને એથી નીચેનો કોઈ લૌકિક/સાંસારિક રસ આસ્વાદ જણાતો નથી, એ વાત વિસ્તારથી સમજાવી છે.

ત્યારબાદ 'બૃહદારણ્યક' ઉપનિષદ બીજા અધ્યાયના પહેલા અધ્યાયમાં બાલાકિ ગાર્ગ્ય અને રાજા અજાતશત્રુ જેવા બે આત્મજ્ઞાનીઓ વચ્ચેના અલગ અલગ મંતવ્યો ધરાવતા વાર્તાલાપો દ્વારા ફરી આ વાત આગળ વધારી છે. એ વાર્તાલાપમાં જે વાત સ્પષ્ટ થાય છે કે તે એ કે એક જડ પુરુષ અને બીજો જણ પ્રકૃત્તિ તત્ત્વ વડે પોતપોતાની વાત પ્રમાણિત કરવા મથે છે. બંને વ્યક્તિઓમાંથી બાલાકિની દૃષ્ટિ વ્યષ્ટિ અને સમષ્ટિના તત્ત્વોના બ્રહ્મ (મૂળ તત્ત્વ)ને જોનારી હતી, જ્યારે રાજા અજાતશત્રુની દૃષ્ટિ વ્યષ્ટિ/સમષ્ટિમાં રહેલા સત્ત્વો/તત્ત્વોમાં રહેલા ભૌતિક તત્ત્વો કે ગુણધર્મોને જોનારી હતી. તેથી બંને વચ્ચે મતભેદ દેખાય છે. પરંતુ બેમાંથી એકેયની વાત મોટી ન હતી. કેમકે એક જણ મૂળ તત્ત્વ (દેહી ઉર્ફે આત્મા)ની વાત રજૂ કરતું હતું. જ્યારે બીજું એ મૂળ તત્ત્વની વિશેષ શક્તિ (દેહ ઉર્ફે શરીર)ની વાત રજૂ કરતું હતું. બંનેની વાતમાં તથ્ય હતું, પણ પૂર્ણ સત્ય ન હતું. કેમકે એકલું બ્રહ્મતત્ત્વ (એટલે કે એની ચેતના) મનુષ્યને જાગૃત અને સક્રિય બનાવી શકતું નથી, તેમ એકલું શરીર (દેહ અને ઈન્દ્રિયો) આત્મચેતના વિના પણ કંઈ કરી શકતું નથી. શરીર જો આત્માને (ચેતનાને) ધારણ કરેલ હોય તો જ કાર્ય કરી શકે છે, એ વાત બાલાકિ અને અજાતશત્રુના મતોનો સમન્વય કરીને સમજાવી છે. આ કારણો જ ઉપનિષદ સ્રષ્ટા જુદા જુદા ઋષિઓએ શરીરનેઆત્મન્વી, સત્મૂલક, સત્તપ્રતિષ્ઠા, સદ્આયાતન - એવાં નામો આપીને ઓળખાવ્યું છે.

પ્રથમ અધ્યાયમાં આટલી વાત સમજાવ્યા પછી બીજા અધ્યાયમાં આ ઉપનિષદના સ્રષ્ટાએ મનુષ્ય શરીરને સમજાવવા કેટલાંક રૂપકો યોજી વાત આગળ વધારી છે. આ વાત એમાં પ્રયોજેલાં રૂપકો અને પ્રતકોને ખોલવાથી સ્પષ્ટ થાય તેમ છે. તેથી પહેલાં આપણે એ જે ભાષાશૈલીમાં રજૂ કરી છે, તે તેના મૂળરૂપમાં જોઈએ, અને પછી એને આજની ભાષામાં સમજવાની મથામણ કરીએ.

જે કોઈ આધાન, પ્રત્યાધાન, સ્થૂણા (ખૂંટા) અને દામ (બાંધવાની દોરી)ની સાથે, આ પ્રાણતત્ત્વ રૂપ શિશુને જાણનાર છે, એ દ્વેષ કરનારા સાત ભ્રાતૃવ્યો (સાત વિરોધીઓ એટલે કે પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન અને બુદ્ધિ) ને રોકવા સમર્થ બને છે. મધ્યમાં રહેલ અથવા મધ્યમ પ્રાણ જ શિશુરૂપ છે, એનું આ શરીર અધિષ્ઠાન છે. આ શિશુનું માથું જ પ્રત્યાધાન (આશ્રયસ્થાન) છે, પ્રાણતત્ત્વ સ્થૂણા (ખૂંટા) છે અને અન્ન એની રસી છે.

આ પ્રાણની સાત સહાયિકારૂપ અક્ષિતિયો (ક્ષીણ ન થનારી) છે. એ સાત અક્ષિતિઓ છેઃ નેત્રોમાં રહેલી લાલ રેખાઓ, નેત્રોમાં રહેલું જળ, કનીનિકા (આંખની કીકીઓ), એમાં રહેલો શ્યામ અને શ્વેત રંગ, નીચેની પાંપણ અને ઉપરની પાંપણ, નેત્રોની લાલ રેખાઓ રુદ્રશક્તિ એટલે કે વિદ્યુતનું પ્રતીક છે. નેત્રોમાં રહેલું જળ પર્જન્યશક્તિનું પ્રતીક છે, કનીનિકા આંખની પૂતળિયો છે, એ આદિત્યશક્તિનું પ્રતીક છે, એમાં રહેલી કાળાશ અગ્નિશક્તિનું પ્રતીક છે, શ્વેતભાગ ઈન્દ્રશક્તિનું પ્રતીક છે. નીચેની પલક પૃથ્વીશક્તિનું પ્રતીક છે અને ઉપરની પલક દ્યુલોકનું પ્રતીક છે.

પ્રથમ શ્લોકમાં શરીરની, બીજા શ્લોકમાં આંખની વાત કર્યા પછી હવે ઋષિ મનુષ્યના શરીરમાં રહેલ મસ્તકની વાત સમજાવતા આ રીતે વાત કરે છે. મનુષ્ય શરીરમાં જે મસ્તક છે તે ઊંધા રાખેલા 'ચમસ્' (ઘડા) જેવું છે. તેનું તળિયું ઉપરની તરફ અને મુખ નીચેની તરફ છે. એમાં જુદા જુદા પ્રકારની શક્તિઓ સમાયેલી છે. આ 'ચમસ્'ને કિનારે સાત ઋષિઓ નિવાસ કરે છે તથા અષ્ટમવાણી પણ નિવાસ કરે છે.

જેમકે મનુષ્યના બે કાન તે ગૌતમ અને ભારલા જ ઋષિ છે. બે નેત્રો તે વિશ્વામિત્ર અને જગદગ્નિ ઋષિ છે. નાકના બે છિદ્રો તે વસિષ્ઠ અને કશ્યપ ઋષિ છે. અને તેની વાણી તે અત્રિઋષિ છે.

આ રીતે ઋષિએ શરીરને સમજાવવા આવી રૂપકો અને પ્રતીકોથી ભરેલી ભાષાનો ઉપયોગ કર્યો છે. મનુષ્ય શરીરમાં સાત સમુદ્રો, સાત પ્રાણકેન્દ્રો, સાત ઋષિઓ, સાત અગ્નિઓ, સાત અક્ષયશક્તિઓ અને સાત ધાતુઓની વાત કરી છે. કહેવાનો મતલબ એ છે કે શરીર એ વસુધાનકોશ છે. વસુ (રત્નો)ને રાખવા માટે જેમ મંજૂષા હોય છે, તેમ પ્રાણો અને દેવોને રાખવા માટે શરીર એ આવો કોશ છે. એમાં જ બધા પ્રાણ, બધા દેવો, બધા લોક, બધી વ્યાકૃતિઓ, અને બધઅ વેદો છે. આપણે જરા વિગતે જોઈએ.

આપણા શરીરના બે ભાગ હોય છેઃ એક ધડ અને બીજું માથું. આમાંથી અહીં માથાની વાત કરવામાં આવી છે. આપણા શરીરમાં જે માથું છે તે ઊંધા મૂકેલા ઘડા જેવું છે. તેનું તળિયું ઉપરની તરફ અને મુખ નીચેની તરફ છે. આ માથામાં ઈશ્વરે પ્રાણોના સાત કેન્દ્રો બનાવ્યાં છે. એ છે : બે કાન, બે આંખો, બે નસકોરાં અને એક વાક્.

પ્રત્યેક વ્યક્તિના ચહેરા ઉપર આ સાત જ્ઞાનેન્દ્રિયો છે. સ્પષ્ટ કરીને કહીએ તો શ્રવણેન્દ્રિય, દર્શનેન્દ્રિય, સ્વાદેન્દ્રિય, શ્વસનેન્દ્રિય. આ બધી ઈન્દ્રિયોનાં સંજ્ઞાકેન્દ્રો (જ્ઞાનગ્રહણના સ્થાનો) આપણા મસ્તિષ્ક (મગજ)માં છે. ઈન્દ્રિયો તો જગતનાં તત્ત્વો, સત્ત્વો, પદાર્થો, ઘટનાઓ, બનાવો અને ક્રિયાઓનો અનુભવ કરે છે. પરંતુ એ બધાનું જ્ઞાનમાં રૂપાન્તર તો મગજમાં થાય છે. ઈન્દ્રિયો અનુભવ પ્રાપ્ત કરવાનું માધ્યમ છે. એ માત્ર વાહક છે. એ ઈન્દ્રિયોને પ્રાપ્ત કરેલા અનુભવનું જ્ઞાનમાં રૂપાંતર કરી આપવાનું કામ મસ્તિષ્કમાં થાય છે. અને એ શરીરની અંદર રહેલી આત્મચેતના દ્વારા થાય છે.

અહીં ઋષિએ મધ્યપ્રાણને શિશુ અથવા કુમાર કહીને ઓળખાવ્યો છે. તેમાં આ સાતેય પ્રાણ મળેલા છે. આ શરીર એ આ પ્રાણનું જ ઘર છે. આ પ્રાણ જ શરીરની ઈમારતને ટકાવનાર સ્તંભ છે. આ સાતે પ્રાણોનું મંથન થઈને તેનો રસ અથવા શ્રી મસ્તકના કોશોમાં જાય છે. આથી એ રસ કે શ્રીનું આશ્રયસ્થાન હોવાને લીધે માથાને 'શિર' કહેવામાં આવે છે. પોતાની વાત રજૂ કરવાની ઋષિની એ સમયની ભાષાતરાહ છે. આજની ભાષામાં કહીએ તો જગત અને જીવનના અનુભવો આપણી જ્ઞાનેન્દ્રિયો દ્વારા આપણે ગ્રહણ કરીએ છીએ, પરંતુ એ અનુભવના ગમતા કે અણગમતા, સારા કે નરસા સંવેદનનું જ્ઞાન મગજની અંદર આત્મચૈતન્ય દ્વારા પ્રાપ્ત થાય છે.

આપણા શરીરમાં જેમ પ્રાણ છે, તેમ દેવો પણ છે. આ દેવો એટલે આ જ્ઞાનેન્દ્રિયો. આ જ્ઞાનેન્દ્રિયો આપણને જ્ઞાનગ્રહણ માટે સક્ષમ બનાવે છે માટે એનો દેવો કહ્યા છે. લૌકિક વ્યવહારમાં એટલે તો આપણે આંખના દેવ, કાનના દેવ વગેરે કહીને ઓળખાવીએ છીએ. જે ઈન્દ્રિય કામ આપતી બંધ થાય ત્યારે આપણે કહીએ છીએઃ આંખના દેવ રૂઠ્યા, કાનના દેવ રૂઠ્યા.

આ સાતે પ્રાણોમાં સાત 'અક્ષિતિ' એટલે કે અક્ષય શક્તિઓ છે. એ શક્તિઓ એટલે જોવાની, સાંભળવાની, સૂંઘવાની, સ્પર્શવાની, સ્વાદ લેવાની, ઈચ્છા કરવાની અને ક્રિયા કરવાની. આ શક્તિઓ જ્યાં સુધી શરીરમાં પ્રાણ, અને ચૈતન્ય રહે છે ત્યાં સુધી સદૈવ જીવંત રહે છે. તેઓ આપણા શરીરના જન્મથી માંડી શરીરના મૃત્યુ સુધી પ્રાણસ્પંદનના કાર્યમાં સક્રિય રહે છે.

જેમ બ્રહ્માંડમાં તેમ આપણા શરીરમાં પણ બે મોટા સમુદ્રો છેઃ એક છે પ્રાણસમુદ્ર અને બીજો છે મનઃસમુદ્ર. વાયુની એક સ્વલ્પ પ્રમાણની લહેરી એ પ્રાણ છે. જીવનશક્તિનું મુખ્ય લક્ષણ આ પ્રાણશક્તિ છે. આ પ્રાણ જ ઈન્દ્રિયોને ચલાવે છે. મૂળ પ્રાણશક્તિ એક છે; પરંતુ શરીરનાં બીજાં અનેક સ્થાનોમાં વહેંચાવાને લીધે એ એક પ્રાણશક્તિ અનેક પ્રકારની થઈ જાય છે. આ પ્રાણ એ એક પ્રકારનું સ્પંદન, ક્રિયા કે ગતિ છે. વાયુની એ લહેરીનું શરીરમાં આગમન અને ગમન, એનો સંકોચ, વિકાસ કે નિરોધ એના વડે જ જીવન જીવાય છે. મન, પ્રાણ, ચક્ષુ, શ્રૌત અને વાણીના નામે પણ એ ઓળખાય છે. એના વડે શરીરની જુદી જુદી ગ્રંથિઓમાંથી જુદા જુદા રસાયણો સ્ત્રવે છે. જેમના સ્ત્રવવાને કારણે આપણું શરીર અને અંગઉપાંગો યથાયોગ્ય કાર્ય કરે છે અને જેમના સુકાઈ જવાને કારણે આપણા અંગઉપાંગો બીનઉપયોગી બનતા જાય છે. આપણા શરીરમાં ચાલતી શ્વસનક્રિયા, રૂધિરાભિસરણની ક્રિયા, ચયાપચયની ક્રિયા અને ઉત્સર્ગની ક્રિયા એના વડે જ થાય છે. જ્યારે મનસમુદ્ર વડે સંવેદનની ક્રિયા, ચિંતન-મનન અને નિદિધ્યાસન (ધ્યાન)ની ક્રિયા થાય છે. ઈન્દ્રિયો સાથે ગતિ કરતી ચેતનાશક્તિના આધારને મન કહેવામાં આવે છે. તો વિરાટની સાથે સૂક્ષ્મ અનુભવ કરનારી મનોમય શક્તિને વિજ્ઞાન (બુદ્ધિ) કહેવામાં આવે છે. મન મનુષ્યને વ્યક્તિ અને વિષયો તરફ અને બુદ્ધિ સમષ્ટિ અને ભૌતિક પદાર્થો તરફ પ્રવૃત્તિમાં દોરે છે. એવા જ બીજા બે સમુદ્રો છેઃ ચિત્ત અને અહં. ચિત્ત ચૈતન્યનું સ્થૂળ રૂપ છે. એમાં અનેક વૃત્તિઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, હિંસા વગેરે)ના લોઢના લોઢ ઉછળતા રહે છે. જ્યારે અહંમાં માન, સન્માન, અભિમાન, દંભ, ડોળ, આડંબર, તુમાખી, ઉચ્છૃંખલતાના વિચીવિવર્તો ઉભરાતા રહે છે. શરીર ક્ષીરસાગર છે અને ઈન્દ્રિયો કામનાઓનો પારાવાર છે. આમ, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહં, શરીર અને ઈન્દ્રિયો જેવા સાત સમુદ્રો શરીરમાં છે.

શરીરનો સાત અગ્નિનો સાથે પણ સંબંધ છે. એ છેઃ જઠરાગ્નિ, કામાગ્નિ, ક્રોધાગ્નિ, વિરહાગ્નિ, શોકાગ્નિ, પ્રાણાગ્નિ અને જ્ઞાનાગ્નિ. મનુષ્ય જીવનમાં આ સાતેય અગ્નિઓ પોતપોતાનો કાર્યદોર સંભાળે છે. તેથી જ મનુષ્ય ક્ષુધાતુર,

કામાતુર, ક્રોધાતુર, વિરહી અને શોકસંતપ્ત, યોગી કે મોક્ષાતુર બને છે.

શરીરમાં ચાલતી જળ, અગ્નિ અને વાયુની પ્રક્રિયાને પરિણામે માણસ જે અન્નજળનું આદાન કરે છે એમાંથી એના શરીરમાં સાત ધાતુઓ નિપજે છે. એ સાત ધાતુઓ એટલે - રસ, રક્ત, શુક્ર, મેદ, માંસ, અસ્થિ અને મજ્જા. આજની ભાષામાં કહીએ તો chemicals(રસ), blood(રક્ત), semen(શુક્ર), fat(મેદ), flesh(માંસ), bone(અસ્થિ) અને bone marrow(મજ્જા).

જોઈ શકાશે કે ઋષિઓએ આ વિદ્યા દ્વારા આપણા શરીરની આંતરિક રચના અને એના અંગઉપાંગોની કાર્યપ્રક્રિયા વિશે ઝીણવટપૂર્વક માર્ગદર્શન આપ્યું છે. અલબત્ત, એમની ભાષા એમના કાળની છે અને એમની વાત રજૂ કરવાની રીત પણ એમના કાળની છે. આજે આપણું સંસ્કૃત ભાષાનું જ્ઞાન રહ્યું નથી, શાસ્ત્રગ્રંથોનું ગહન અધ્યયન કરી, સંશોધન વૃત્તિથી એમાં છાનબીન અને પૃચ્છા કરવાની આપણી વૃત્તિ રહી નથી, તેથી આપણે આપણા આ જ્ઞાનવારસાથી વંચિત રહી ગયા છીએ. જરૂર છે એ વારસા તરફ અભિમુખ થવાની, એ ધરોહરના ઉત્ખનની. આપણી વિદ્યાપીઠો અને સંશોધન સંસ્થાઓમાં અધ્યયન - સંશોધનલક્ષી આછીપાતળી પ્રવૃત્તિ તો ચાલતી રહે છે, પણ એની દિશા પશ્ચિમાભિમુખી છે. યુરોપ - અમેરિકા જેવા ખંડોના દેશોમાં જે કાંઈ વિચારાયું, શોધાયું અને લખાયું છે એના તરફ આપણા અધ્યેતાઓ અને શોધાર્થીઓની નજર વિશેષ રહે છે. એમાં ખોટું કશું નથી. પણ એમાં આપણી એકમાર્ગી આંશિક અને ખંડિત દૃષ્ટિ છે. આપણે પૂર્વ અને પશ્ચિમ એમ જગતના બંને ગોળાર્ધોમાં જે કાંઈ કાર્ય થયું છે એને સમાન દૃષ્ટિએ નિહાળવાની અને સમજવાની જરૂર છે. આ લેખમાળા એ દિશામાં અધ્યેતાઓનું ધ્યાન દોરવાની એક ચેષ્ટારૂપ છે.

❑❑❑

કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦).
ફોન નં.: ૦૨૬૯૨-૨૩૩૭૫૦,
સેલનં.: ૦૯૭૨૭૩૩૩૦૦૦, ૦૯૮૨૫૧૦૦૦૩૩.

## આપણી પ્રત્યેક ક્ષણ હોવી જોઈએ ધન્ય ક્ષણ

આજે તો એવી પરિસ્થિતિ છે કે કરોડો લોકોને સરખી રીતે રહેવા માટે એક રૂમ પણ મળતી નથી, ત્યાં પૂજાપાઠ માટેની કે લખવા-વાંચવા માટેની અલગ અલગ રૂમો હોય એમ જણાવતાંયે કલમ ક્ષોભ કે ખચકાટ અનુભવે છે. આમ છતાં ભાવના કે આદર્શને ખ્યાલમાં રાખીને જો જણાવવાનું હોય તો જરૂર જણાવવું જોઈએ કે એ ઘર ઘર નથી, જેમાં પૂજાની ઓરડી ને ગ્રંથાલયની ઓરડી ન હોય. ઘરમાં રસોડાનું મહત્ત્વ છે તો પૂજાની ઓરડીનુંયે મહત્ત્વ છે જ. બંનેય વિના તન-મનનું સ્વાસ્થ્ય – એમનું આરોગ્ય ન જ જળવાય.

પૂજાની ઓરડીમાં સવારે આમતેમ થોડો સમય વિતાવ્યો એટલે ભગવાનનું કામ થઈ ગયું, ધર્મનું પાલન થઈ ગયું – એમ સમજવું એ ભોળપણ છે. જેમ જીવનભર આપણો શ્વાસોચ્છ્‌વાસ ચાલતો રહે છે એમ જ આપણા થકી ધર્મનું કામકાજ નિરંતર ચાલતું જ રહેવું જોઈએ. ધર્મ કંઈ ખંડ સમયના વ્યવસાય ('પાર્ટટાઈમ જૉબ') જેવો વિષય નથી. પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક શ્વાસે આપણે જે કંઈ કર્મ કરીએ તેની સાથે ધર્મનો પ્રાસ બરોબર બંધાવો જોઈએ. આપણું પ્રત્યેક કર્મ ધર્મની સુવાસથી ફોરતું હોય એ જ આપણી ઉત્તમાવસ્થા. આપણે ખોટું વિચારીએ નહીં, ખોટું કરીએ નહીં ને ખોટું બોલીએ નહીં તો આપણા થકી ધર્મ જ પળાય છે એમ માનવું રહ્યું.

ગાંધીજીને પ્રિય પેલાં ચીની ત્રણ વાંદરાં બૂરું જોવાનું, સાંભળવાનું ને બોલવાનું ટાળે છે. એ રીતે આપણું આચરણ હોય તો એ સદાચરણ કે ધર્માચરણ જ છે. આપણો સ્વાર્થ (સ્વ : અર્થ) પરમાર્થ કોટિનો બનવો જોઈએ. એ રીતે સૌના ભલામાં જ આપણું હોય ભલું. સૌની ખુશીમાં આપણી હોય ખુશી. એવું કશું આપણાથી ન થાય, જેનાથી અન્યને કે આપણને હાનિ થાય. ધર્મપાલન સાચા સુખ માટે, સાચી શાન્તિ માટે હોય. ધર્મ કંઈ ટીલાંટપકાં નથી; તીર્થોની આંધળી રઝળપાટ નથી; ધર્મ કંઈ નાવણિયામાં કે ચોખલિયા મરજાદીના ચોકામાં પુરાઈને રહેતો નથી; ધર્મ કંઈ જડ કર્મકાંડ નથી; ધર્મ તો છે અંદરની જાગૃતિમાં, આપણી અંદરના ઉઘાડમાં ને ખિલાવમાં. જે વિચારવાથી, આચરવાથી કે બોલવાથી આપણી અંદરનાં તાળાં ઊઘડતાં લાગે, આપણા દિલમાં દીવો થાય, આપણું બંધિયારપણું ને સંકુચિતપણું ખરતું લાગે, આપણામાં 'જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન' (ગોવર્ધનરામ) થતું આપણને જણાય; આપણી સ્ફૂર્તિ ને શાંતિની માત્રામાં વધારો થતો અનુભવાય એ જ આપણા માટે ધર્મ. આવો ધર્મ એ જ આપણું કર્તવ્ય. આવા ધર્મના પાલનમાં જ મનુષ્ય તરીકેનું આપણું તેજ - આપણું દૈવત પ્રકટતું પમાય. પશુતામાંથી છૂટતાં છૂટતાં મનુષ્યતા પ્રતિની યાત્રા પણ આવા ધર્મપાલનથી સધાતી જણાય. ધર્મના બાહ્ય કલેવર કે ઠઠારાને નહીં વળગતાં એનાં મૂળને આપણે વળગીએ અને આપણા જીવતરની એકેએક ક્ષણ પાપની ક્ષણ ન બનતાં પુણ્યની ક્ષણ - ધન્ય ક્ષણ કેમ બને તેના માટેની કોશિશમાં લાગ્યા રહીએ. આવો ધર્મ જ આપણને રક્ષી શકે અને એ જ આ પ્રકૃતિ-સૃષ્ટિનું ખરું ઐશ્વર્ય આપણને બક્ષી શકે. 'મોટા માણસ' થવાની માયામાં ન અટવાતાં, 'ભગવાનના માણસ' થવાની - ભગવાનનું કામ કરવાની લાયકાત કેળવીએ, ભગવાનની અપેક્ષિત જવાબદારી પ્રામાણિકપણે અદા કરવાની મથામણમાં લાગેલા રહીએ તો એમાં આપણા હોવા-થવાની સાર્થકતાનો આહ્લાદક અનુભવ થઈને રહેશે જ એમ આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ.

**ચંદ્રકાન્ત શેઠ**

**'આપણું અત્તર, આપણી સુવાસ' પુસ્તકમાંથી**

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૪

**કિશોરસિંહ સોલંકી**

## ૬. પરંપરાગત કલા-કૌશલ

**મે**મોરિયલ ચૉરટનથી નીકળીને સીધા જ જવાનું હતું. ઝોરીંગ ચુસુમ, ફૉક હેરીટેઝ અને નેશનલ લાયબ્રેરી!

ભુતાનમાં વોન્ગ ચુ અથવા થિમ્ફુ ચુ તરીકે ઓળખાતી નદીનું મૂળ નામ રેઈડેક (Raidak chu) ચુ છે. શહેરની ભૂગોળને અનુરૂપ મુખ્ય રસ્તાઓ પહોળા, ઉત્તર-દક્ષિણ દિશા તરફના અને નદીને સમાંતર આવેલા છે. સૌથી મુખ્ય રસ્તો એ નોર્ઝાન લામ (રોડ) ગણાય છે. નાના નાના રસ્તાઓ પર્વતના ઢોળાવ પર રહેણાંક વિસ્તાર તરફ જતા બનાવાયા છે. વોન્ગ ચુ તરફ જતા રસ્તાઓમાં સારી ફૂટપાથ પણ બનાવેલ છે.

થિમ્ફુના ઊંચા-નીચા ઢોળાવો પરથી પસાર થતા ખીણના દૃશ્યોને માણવાનો લહાવો લીધો. અમારી ગાડી આવીને એક દરવાજા આગળ ઊભી રહી. તે હતું લોક વારસાનું સંગ્રહાલય! અમે ઉતરીને ટિકિટ લીધી. જેને જોવાની ઈચ્છા હતી તે આવ્યા. બીજા તો નીચેની બાજુએ આવેલી દુકાનમાં આંટા મારવા લાગ્યા.

આ કાવાજાન્ગસા મ્યુઝીયમમાં સો વર્ષ જૂનું વિન્ટેજ ફર્નીચર છે. તે ભુતાનના પારંપારિક લાકડાના ચૂલા ઉપર ફાર્મ હાઉસની હરોળમાં બાંધવામાં આવ્યું છે. અમે અંદર પ્રવેશ્યા તો સામે જ જૂના જમાનામાં ઘઉંમાંથી દારૂ કેવી રીતે બનાવવામાં આવતો હતો, રોટલા કેવી રીતે ઘડવામાં આવતા હતા, દળવાની ઘંટી કેવી હતી. એનું દર્શન થયું. બે બહેનોએ ઘઉંમાંથી બનાવેલો દારૂ બતાવ્યો, બે-ત્રણ બોટલ ભરેલી હતી. કોઈને ખરીદવી હોય તો તે વેચાણ માટે હતી. પણ અમે તો ગુજરાતી હતા.

આ ત્રણ માળનું જૂનું ખખડધજ મકાન છે. નીચા નમીને અંદર પ્રવેશ્યું પડ્યું. ચીકણી માટીની દીવાલો, લાકડાના દરવાજા, બારીઓ અને પથ્થરની બનેલી છત! આપણે ત્યાં સો વર્ષ પહેલા જે મકાનો હતા એવો જ માહોલ હતો. આપણા માટે એ બધુ નવુ નહોતું. ખાસ તો ભુતાનના ગ્રામ્યજીવનને વધુ સારી રીતે દર્શાવવામાં આવ્યું છે.

એવું જ બીજુ મ્યુઝીયમ છે નેશનલ ટેક્ષટાઈલ, જેમાં ભુતાનની પારંપારિક સંસ્કૃતિના મોંઘા, વિશાળ પ્રમાણમાં વિવિધ ભુતાનીઝ વસ્ત્રો જોવા મળે છે. અહીં પુરુષોનો પહેરવેશ ઘો (Gho) અને સ્ત્રીઓનો કીરા (Kira) જોવા મળ્યા.

આ બધામાં મને જે રસ હતો તે નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઝોરીંગ ચુસુમ જોવાનો. આ સંસ્થા ભુતાનની કળા શિક્ષણનું કેન્દ્ર છે. ૧૯૭૧ માં એની સ્થાપના કરવામાં આવી. ભુતાનની ભાષામાં ઝોરીંગ ચુસુમ એટલે 'પરંપરાગત કલા કૌશલ્ય' એવો થાય છે. એમાં ૧૩ જેટલા પરંપરાગત કૌશલ્યની જાળવણી અને સંવર્ધન જોવા મળે છે. ભુતાનની બહુમૂલ્ય સંસ્કૃતિને પરંપરાઓની સાચવણી અને વિદ્યાર્થીઓને એ કલાના બધા સ્વરૂપોનું જ્ઞાન આપવાનો હેતુ છે.

અમે ગયા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ બહાર ફરતા આનંદ કરતા હતા. છોકરીઓ પણ સતત હસતી જ જોવા મળે. જુદા જુદા રૂમમાં જુદી જુદી કલા શીખવવામાં આવતી હતી. એમાં બે પ્રકારના પ્રોગ્રામ હતા. (૧) રેગ્યુલર અને (૨) વિશિષ્ટ જરૂરિયાતને અનુલક્ષીને. આ કલા કૌશલ્યના શિક્ષણ ઉપરાંત ગણિત અને અંગ્રેજી પણ ફરજિયાત ભણાવાય છે.

ચિત્રકામ એ મુખ્ય વિષય છે. અમે એક રૂમમાં ગયા તો વિદ્યાર્થીઓને એક શિક્ષક ચિત્રકામ શીખવતા હતા. પોતે પણ ચિત્ર બનાવતા હતા. એમના વર્ગમાં દસ વિદ્યાર્થી હતા. બધા જ વિદ્યાર્થીઓ પોતાના કામમાં મસ્ત હતા. આપણને જોઈને કામ બંધ કરે એવુ નહિ. આ સંસ્થા જોવા માટે પણ ટિકિટ તો ખરી જ. ત્યાં ચિત્રકામ, લાકડા ઉપર કોતરણી, ભરતકામ અને વિશેષ કરીને માટીમાંથી બુદ્ધની નાની નાની મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. વિદ્યાર્થીઓ હસતા - ગમ્મત કરતા પોતાનું કામ કરતા હતા.

આ સંસ્થામાં પ્રવેશતા દરવાજાની એક બાજુ 'મિશન' કંડારેલું હતું : 'આ સંસ્થા પરંપરાના હુન્નર કલા કૌશલ્યને પુનઃજાગૃત કરવા અને જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે. વર્તમાન સમયમાં જ નવા સુધારા - વધારા કરવા પડે અને વૈશ્વિક માર્કેટની જરૂરિયાતને ધ્યાનમાં લઈને જે આધુનિક સંશોધનો અપનાવવા પડે અને ગુણવત્તા જાળવી રાખવી પડે તેના માટે કટિબદ્ધ છે.'

આ સંસ્થાનું વિઝન : 'એક એવી સંસ્થાનું નિર્માણ કરવું કે જે પરંપરાગત હુન્નર અને કલા કૌશલ્યમાં માહેર કલાકારો તૈયાર કરે કે જે 'ગ્રોથ નેશનલ હેપીનેસ'ને અનુલક્ષીને સામાજિક અને આર્થિક વિકાસ સાધવાના પ્રયત્નો કરે. પરંપરાગત કલાઓનું જે વૈવિધ્ય છે એને જાળવી રાખે અને વિશ્વ માર્કેટમાં પોતાની આગવી ઓળખ ઊભી થાય.'

મૂળ વાત એ છે કે, ભુતાનના સાંસ્કૃતિક વારસાને ઉત્તેજન આપીને, લોકોના જીવનને સ્પર્શીને પરિવર્તન આણવું, અહીં ચાર-પાંચ અને છ વર્ષના કોર્સ ચાલે છે. વિશિષ્ટ જરૂરિયાતવાળા માટે સાત દિવસનો તો વિદેશીઓ માટે દિવસના રોજના બે કલાક શીખવવામાં આવે છે. જેમાં ભીંત ચિત્રો, ઘરને રંગરોગાન કરવું,

શિલ્પ-સ્થાપત્ય, દરજી કામ, ભરતકામ, લાકડા પર કોતરણી, મ્હોરાં કોતરણી, ચાંદી-સોનાનું ઘડતર, લુહારી કામ શીખવવામાં આવે છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સગવડ તો ખરી જ. પણ વિદ્યાર્થીઓને ભણવાનો અને રહેવાનો બધો જ ખર્ચ સરકાર ઉઠાવે છે.

ભુતાનની કલા અને શિલ્પકામ સંપૂર્ણપણે હિમાલય પ્રદેશની ઓળખ અને ઉત્સાહને રજૂ કરે છે; જેને Zorig chosumની કળા તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્થાની બીજી પેટા સંસ્થાઓ પણ છે એમાં આ કલાઓ ઉપરાંત લોખંડના સાધનો બનાવવાં, ધાતુકામ, બૂટ-ચંપલ તથા વાંસ ઉપર કોતરકામ અને તીરકામઠાં બનાવવામાં આવે છે.

આ સંસ્થામાં પ્રવેશતાંની સાથે જ એક મોટા ઓટલા ઉપર એક વૃક્ષ બનાવેલું હતું. એની નીચે હાથી, હાથી ઉપર વાંદરો, વાંદરા ઉપર સસલુ, સસલા ઉપર પંખી બનાવેલાં હતાં એને ભુતાનમાં 'જીવનવૃક્ષ' કહે છે. જેની નીચે બધાં જ પ્રાણીઓ-પંખીઓ આશરો લેતાં હોય છે. માણસે જીવમાત્રને પ્રેમ કરવાનો છે. પશુ-પ્રાણી-પંખી કે વૃક્ષ વનરાજિ જે પ્રકૃતિનાં તત્ત્વો છે, એમની સાથે સમન્વય સાધીને સુખનો આનંદ લેવાનો છે. સમગ્ર પ્રકૃતિ સાથે ઐક્ય સાધવાનું છે, એનો જ આપણે એક અંશ છીએ એવો સંદેશો એમાંથી પમાય છે. કેટલાક વિદ્યાર્થીઓ એના ઉપર કલરકામ કરતા હતા. અમે જીવનવૃક્ષ નીચે વિદ્યાર્થીઓ સાથે ફોટા પડાવીને મુખ્ય દરવાજાની બહાર નીકળ્યા તો સામે જ ભુતાનમાં બનતી વસ્તુઓ - કપડાંનો સ્ટોર હતો તે જોવા ગયાં...

### ૭. રાષ્ટ્રીય પુસ્તકાલય

મને અને આર.એમ.ને વધારે રસ હતો ત્યાંના રાષ્ટ્રીય પુસ્તકાલયને જોવામાં. અમે જ્યાં ઊભા હતા ત્યાંથી સહેજ ઢાળ ઉતરીને ડાબી બાજુ વળીએ તો તરત જ લાયબ્રેરીનો દરવાજો આવે છે. ભુતાનીઝ કલા - કારીગરીવાળો દરવાજો વટાવ્યો ! ત્યાં આગળ એક વિશાળ જગ્યામાં વચ્ચે લાયબ્રેરી બનાવેલી છે. પરંપરાગત મંદિરની રચના મુજબ ૧૯૬૭ માં એની સ્થાપના કરવામાં આવેલી છે. મકાનની એટલી સુંદર સજાવટ કરવામાં આવી છે કે તેને ભુતાનની સર્વોત્તમ શિલ્પકળા કહેવાય.

અમે બહારથી એના ફોટા પાડ્યા. બરાબર મધ્યાહ્ન તપતો હતો. એની આગળની બાજુએ થિમ્ફુ ચુનું ખળખળ વહેતું પાણી શાતાનો અનુભવ કરાવતું હતું. પુસ્તકાલયમાં ડીઝોન્ગખા અને તિબેટના ઘણાં પૌરાણિક પુસ્તકો છે. એનું આયોજન પણ અદ્‌ભુત રીતે કરેલું છે. મુખ્ય આધ્યાત્મિક વિભાગ અને સંશોધન અંગેની સગવડતાઓ, એની સાચવણી પ્રોત્સાહક લાગી. આ લાયબ્રેરી ભુતાનના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને સમર્પિત કરેલી છે. મકાનના નીચેના ભાગમાં ખૂબ મોંઘા પુસ્તકોનો સંગ્રહ કરેલો છે. તિબેટીયન પદ્ધતિએ લખાયેલ પારંપારિક પુસ્તકો અને ઐતિહાસિક હસ્તપ્રતો જે હાથ વડે બનાવેલા કાગળ ઉપર લખાયેલી છે. તે બે સપાટ લાકડાના પાટિયા વચ્ચે બાંધીને અહીં સાચવવામાં આવી છે. ત્યાં છાપવાનું જૂનું મશીન, પુસ્તકો અને ધ્વજા-પતાકાઓ છાપવાના કામમાં લેવાતું તે છે. શ્રદ્ધાળુઓ અહીં આવીને આ પવિત્ર પુસ્તકો માટે પણ પ્રાર્થના કરે છે. વળી, ભુતાનના વંદનીય અને પ્રખ્યાત લોકો જેવા કે, ઝાબ્ડ્રેન્ગ, નામગ્યાલ, પેમાલિન્ગા અને ગુરૂ રિંપોચેના ફોટાના દર્શન માટે છે. ત્યાં પુનાખા ડીઝોન્ગ અને ચૉરટનનું શિલ્પ પણ મૂકવામાં આવ્યું છે. આ લાયબ્રેરીની વિશિષ્ટતા એ છે કે વિશ્વનું સૌથી વધુ વજનદાર પુસ્તક છે, જેનું વજન ૫૯ કિલો છે. જેનું નામ છે : 'Bhutan Visual Odyssey Across the Last Himalayan Kingdom'

કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ અને સંસ્કારને સાચવનાર ગ્રંથો જ છે. એ ગ્રંથોનું જીવની જેમ જતન કરવું જોઈએ. અહીં પોતાની પરંપરાને ચુસ્ત રીતે સાચવનાર ભુતાનીઝ છે, એનો ખ્યાલ આવે છે. આ જોયા પછી આપણને આપણી ન્યૂનતાનો ખ્યાલ આવતો હોય છે. આનંદનો ઓડકાર ખાઈને નીકળ્યા. દુઃખ એ વાતનું હતું કે અંદર ફોટા પાડી શકાતા નથી. તમે તમારી આંખોમાં એ બધું જ ભરી દો અને હૃદયની ધરતીમાં ધરબીને આગળ વધો.

બહાર તો અમારી શોધખોળ ચાલતી હતી. અમે મળી ગયા.

અમારે ભુતાનના રાષ્ટ્રીય પ્રાણી ટાકીન જોવા જવાનું હતું. પણ બે દિવસ પહેલાં જ ત્યાં આગ લાગેલી તેથી નહોતાં. ૨૫ મી નવે. ૨૦૦૫ માં ટાકીનને ભુતાનના રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તેનો યશ ૧૫ મી સદીમાં લામા ડ્રક્યા કુનલેને જાય છે. એમણે સૌ પ્રથમ પ્રાણી સંગ્રહાલયનો વિચાર મૂકેલો. ભુતાનના રાજાની એવી માન્યતા હતી કે બુધિષ્ટ દેશમાં પ્રાણીઓ માટે કોઈ ચોક્કસ હદ નક્કી કરવી તે ધર્મ અને પર્યાવરણને યોગ્ય નથી. તેથી તેમણે નાનું પ્રાણી સંગ્રહાલય બંધ કરાવેલું અને પ્રાણીઓને મુક્ત કરેલા. તેમ છતાં ટાકીન શહેરમાં જ રહીને થિમ્ફુના રસ્તા ઉપર પોતાના ખોરાક માટે રઝળતા હતા. આથી તે મુક્ત રહે તે રીતે એક પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવેલો.

ડ્રીમટોન લેમ (રોડ) ઉપર આવેલી પોસ્ટ ઑફિસમાં પ્રખ્યાત ટિકિટો અને કવરોનું વેચાણ થાય છે. ત્યાં થ્રિડિ ટિકિટો બને છે. નફાના હેતુથી જૂની ટિકિટો વેચાય છે. તમે પૈસા આપો તો તમારી ફોટાવાળી ટિકિટ પણ તૈયાર કરવામાં આવે.

❑❑❑

'ૠત' ૪૩, તીર્થનગર, વિ૦૧, સોલા રોડ,
ઘાટલોડીયા, અમદાવાદ - ૩૮૦૦૬૨.
મો. ૯૮૨૫૦૯૮૮૮૮

# 'મા'

**નટવરભાઈ દેસાઈ**

**'મા'** વિશે ખૂબ લખાયેલ છે અને જેટલું લખીએ તેટલું ઓછું છે. કારણ આ પાત્ર શબ્દાતિત છે એટલે તેનું પૂરેપુરુ શબ્દમાં વર્ણન કરવું અશક્ય છે. દરેક મનુષ્યના જીવનમાં નાના-મોટા અનેક પ્રસંગો આવે અને ત્યારે મા ની ગેરહાજરી હોય તો તેની ખોટ હંમેશા લાગે. તમારી જાત સિવાય તમારા જીવને જે વિશેષ ચાહતું હોય તો તેમાં મા નું સ્થાન હંમેશા પહેલું હોય છે.

'મા' અર્થાત્ જેનાં ઉદરમાં તમો નવ મહિના આળોટ્યા અને વીર્યના બિંદુમાંથી માનવદેહે આકાર લીધો અને સ્ત્રીનું વાત્સલ્ય ઝરણું ફૂટ્યું. કહેવાયું છે કે માતૃત્વ વિના સ્ત્રીનો અવતાર એળે ગયો, કારણ તે સિવાય સ્ત્રીનું અસલ સ્વરૂપ જોવા મળતું નથી. મા ના અલૌકિક વાત્સલ્યનાં અનેક દ્રષ્ટાંતો છે કે જેને કારણે આપણે સૌ ઉજળા છીએ. એક પાંચ-સાત વરસના બાળકની માતા ગુજરી ગઈ અને બાળક મા વિનાનું થયું. તેના પિતાએ બીજા લગ્ન કર્યા અને છોકરાને નવી મા મળી. થોડા વખત પછી કોઈએ છોકરાને પૂછ્યું કે તને તારી નવી મા કેવી લાગી છે? છોકરાનો જવાબ હતો કે 'નવી મા સાચા બોલી છે અને જુની મા જુઠા બોલી હતી'. આ સાંભળીને પુછવાવાળાને આશ્ચર્ય થયું અને છોકરો આવું કેમ કહે છે તે છોકરાને પૂછ્યું, છોકરાનો જવાબ હતો પહેલા હું તોફાન કરતો ત્યારે મને સજા કરવા મારી મા ખોટું બોલતી કે આખો દિવસ મને ખાવા નહિં આપે. પરંતુ બે-ત્રણ કલાક પછી તે બોલેલું ફરી જતી અને સામેથી બોલાવીને, પાસે બેસાડીને મને જમાડતી એટલે તે ખોટા બોલી હતી. તેની સામે નવી મા જ્યારે ગુસ્સે થાય છે ત્યારે જમવાનું નહિ આપુ તેમ કહે છે અને તે પ્રમાણે એ જમવાનું નથી આપતી. હું ગમે તેટલો ભુખ્યો થાઉં પણ એણે કહ્યા મુજબ એ જમવાનું આપતી જ નથી એટલે એ સાચા બોલી છે. આ દ્રષ્ટાંત ઉપરથી જે માએ બાળકને જન્મ આપ્યો હોય, તેનો જે વાત્સલ્યભાવ હોય તે બીજી કોઈ સ્ત્રીમાં ન આવી શકે. મા ના વાત્સલ્યનું સચોટ દર્શન આ દ્રષ્ટાંત દ્વારા સમજી શકાય. એક વખતે ત્રણ-ચાર મહિનાના બાળક માટે તેની મા હોવાનો દાવો કરતી બે સ્ત્રીઓ વચ્ચે ઝગડો થયો અને આ બાળક સાચેસાચ કોનું છે તે જાણવા માટે કોર્ટમાં કેસ થયો. ન્યાયાધીશ દીર્ઘદ્રષ્ટિવાળા હતા અને થોડી ઘણી સાક્ષીઓની જુબાની લીધા બાદ પછી તેમણે બાળકને કોર્ટમાં હાજર કરવાનું કહ્યું. બંને બહેનોને પણ હાજર રાખી. ત્યારબાદ ચુકાદો આપતા ન્યાયાધિશે એમ કહ્યું કે બંને પક્ષને સાંભળ્યા પછી બંનેએ સચોટ રીતે બાળક તેનું જ છે તેવી રજૂઆત કરી છે એટલે આ કેસમાં બંને બહેનો હકદાર હોય તેમ લાગે છે એટલે આ બાળકના બે સરખા હિસ્સા કરી બંનેને એક-એક આપી દેવો તેવો મારો નિર્ણય છે. આ સાંભળીને બાળકની જે સાચી માતા હતી તેણે તરત જ કોર્ટને કહ્યું કે હું મારો હક જતો કરું છું અને બાળક આ બહેનને આપી દો કારણ તેને બાળકના ટુકડા થાય તેને બદલે તે જીવતું રહે અને ભલે બીજી સ્ત્રી પાસે જાય એટલે હું મારો હક છોડી દઉં. જેનો દાવો ખોટો હતો એ સ્ત્રી મુંગી રહીને આ ચુકાદો સાંભળી લીધો. ન્યાયાધીશે ફેસલો આપ્યો કે બાળક સાચેસાચુ જેનું હતું તે સ્ત્રીને સોંપવું અને આ બીજી બહેનનો દાવો ખોટો છે. આ દ્રષ્ટાંત ઉપરથી બાળક પ્રત્યેનો માતાનો જે સાચો વાત્સલ્યભાવ હતો તે દેખાઈ આવે છે. સ્ત્રી વાત્સલ્યના કારણે બાળક જીવતું રહે તેવી ઈચ્છા કરી તે સમજવાનું છે. આનું નામ 'મા'. બાળકના જીવન માટે પોતાનો હક જતો કરે તે મા. કારણ કે તે બાળક સ્ત્રીનાં લોહી-માંસમાંથી ઊછરેલું હોય છે અને જન્મતાની સાથે તે માતાનું ધાવણ બાળકે પીધુ હોય છે અને જેવો બાળકનો જન્મ થાય એટલે સ્ત્રીના સ્તનમાં દૂધનું ઝરણું ફૂટે તેને કારણે બાળકનો ઊછેર થાય. આ બધી અદ્ભુત ઘટના મા બને તે સ્ત્રી અનુભવે અને બાળકને જન્મ આપ્યા પછી તેનો ઊછેર, તેની કાળજી, એની માટેની અપેક્ષાઓ અને ચિંતાઓ જેટલી માને થાય તેટલી અન્ય કોઈને થાય નહિ અને કદાચ બાળકના પિતાને પણ ન થાય. અનેક વર્ષો પહેલા આદરણીય કવિ બોટાદકરે 'મા' ને બદલે 'જનની' શબ્દ વાપરીને જે કાવ્ય લખ્યું છે તે વાચનારના હૃદયને સ્પર્શી જાય તેવું હોવાને કારણે આપણે બધા એ કાવ્યા હજુ ભૂલ્યા નથી.

'પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ.'

તે વાક્યા હૃદયના ઊંડાણમાંથી પ્રગટ થયેલ છે અને મા છે તે પ્રેમની મૂર્તિ છે. અનેક અવગુણો ભરેલા બાળકનું સતત દુઃખ હોવા છતાં મા તેનું કદી અહિત ઈચ્છતી નથી અને હંમેશા તેનાં હિતનું જ વિચારે છે અને કરે છે. તેને કહેવાય છે 'મા'.

આ વાતો આજના યુગમાં ભુલાઈ ગયેલ છે અને સમાજ ખોટી દિશામાં જઈ રહ્યો છે તે આપણે જાણીએ છીએ. મા શું છે તેની જાણકારી લગભગ બધાને હોય જ. પરંતુ તેને અનુરૂપ મા સાથેનું તેનું વર્તન હોતું નથી અને આપણને દુઃખ થાય એવા અનેક બનાવો જોવા મળે છે, વાંચવા મળે છે અને પૈસા ખાતર અથવા બીજા કોઈ સ્વાર્થને કારણે સંતાન પોતે જ માતાનું ખૂન કરે એવા બનાવો પણ બનતા રહે છે. હિંસક પશુઓમાં પણ આવું નહિ બનતું હોય તેવું હું માનું છું અને આપણે હવે માનવને બદલે પશુ થતા જઈએ છીએ અને આપણી જન્મદાત્રી મા ને અવગણતા થયા છીએ. વહુને રાજી કરવા મા ને ઘઘલાવીએ છીએ. કદાચ મજબુરી પણ હોઈ

શકે. પરંતુ પોતાના અંતર-આત્માને ઢંઢોળીએ તો જરૂર ખબર પડે કે આપણે મા સાથે અન્યાય કરી રહ્યા છીએ અને આ બધુ જાણતી હોવા છતાં તે સહન કરીને હંમેશા તમારું ભલ ઈચ્છતી જે વ્યક્તિ છે તે છે 'મા'. હંમેશા મા નો પ્રેમાળ હાથ આપણા ઉપર ફરતો રહે અને આપણને સદ્‌બુદ્ધિ આપતો રહે તેમજ કોઈ પણ સંજોગોમાં આપણા કારણે મા ને દુઃખ ન થાય તેવી ઈશ્વરને પ્રાર્થના. ❑❑❑

મોબાઈલ : ૯૩૨૧૪૨૧૧૯૨

## મહર્ષિ એવોર્ડથી ગૌરાન્વિત 'શ્રી નટવરભાઈ દેસાઈ'

અમને જણાવતા આનંદ થાય છે કે છેલ્લા ૪૦ વર્ષથી વિકલાંગ બાળકોની ભગીરથ સેવા કરતા આપણા મિત્ર નટવરભાઈ દેસાઈ ભાવનગરની સંસ્થા પી.એન.આર. સોસાયટીના ચેરમેન છે અને મુંબઈમાં પ્રેમપુરી આશ્રમમાં છેલ્લા ૨૫ વર્ષથી સક્રિય સેવાઓ આપી રહેલ છે. તે વાતને ધ્યાનમાં લઈ પોરબંદર સ્થિત પુજ્ય રમેશભાઈ ઓઝાએ સ્થાપિત કરેલી ''સાંદિપની વિદ્યાનિકેતન શિક્ષણ'' ખુબ જ મહત્વનું કામ કરી રહેલ છે. આ સંસ્થા છેલ્લા ઘણાં વર્ષોથી દરવર્ષે યોગ્ય વ્યક્તિઓને એવોર્ડ આપે છે અને બ્રહ્મર્ષિ, રાજશ્રી, દેવશ્રી, મહર્ષિના ચાર એવોર્ડસ તેમની કમિટીએ પસંદ કરેલ વ્યક્તિઓને આપે છે જેમાં અનેક મહાનુભાવોને યોગ્ય રીતે એવોર્ડસ અપાયેલ છે. આ વર્ષે જૈન યુવક સંઘના ચાહક અને પ્રબુદ્ધ જીવનમાં પોતાના લખાણો આપતા નટવરભાઈ દેસાઈને રમેશભાઈની સંસ્થા તરફથી માનનીય મહર્ષિનો એવોર્ડ તારીખ ૨૧મી જાન્યુઆરીએ પોરબંદરમાં અર્પણ થશે તે જાણી તેઓને આપણા તરફથી શુભેચ્છા વ્યક્ત કરીએ અને તેઓ છેલ્લા ૩૫ વર્ષથી નિઃસ્વાર્થ સેવા કરી રહેલ છે તેને ધ્યાનમાં લઈને આ એવોર્ડ તેમને આપવામાં આવે છે. આપણા સૌ તરફથી તેમને અભિનંદન અને ૯૦ વર્ષની જૈફ ઉંમરે પણ તેઓ હજી સક્રિય કામ કરી રહેલ છે તે તેમની ઉપરની ઈશ્વરની કૃપા છે. વિશેષમાં થોડા વર્ષો પહેલા આદરણીય સદ્‌ગત રમણભાઈની હસ્તક પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જે રકમ આવેલ તેમાંથી રૂપિયા ૨૫ લાખ પી.એન.આર. સોસાયટી ભાવનગરમાં આપેલ તે વખતે જૈન યુવક સંઘના સૌ મિત્રો ભાવનગર ગયેલ કારણ આ સંસ્થા દરેક પ્રકારના વિકલાંગ બાળકો જેવા કે બેરા, મુંગા, પગનાચક્ષુ, મંદબુધ્ધિ તથા મગજના લખવાવાળા બાળકોને ભાવનગરમાં રાખી તેમને શિક્ષણ તથા અન્ય પ્રવૃત્તિઓ શીખવે છે અને તેઓને પગભર કરી તેમને સક્રિય કામ કરવા માટે તૈયાર કરે છે અને આ પ્રવૃત્તિઓ લાભાર્થીઓને નિઃશુલ્ક આપવામાં આવે છે.

મોટા ભાગના માણસો જીવવા માટે કામ કરતા હોય છે, પરંતુ આપના જેવા કર્મઠ પુરૂષ પારમાર્થિક કામ કરવા જીવતા હોય છે. પી.એન.આર., અંકુર તથા સંલગ્ન સંસ્થાઓના વિકાસ, ડોનેશનની નિરંતર સરવાણી તથા તેની જયોગ્રાફી અને કોરીયોગ્રાફીમાં તમારા અમુલ્ય પ્રદાન બદલ સમગ્ર સંસ્થા પરિવાર તમારી ઋણી છે.

આયોજન કે પ્રયોજન વિનાનો એકાદ સંબંધ પણ માણસ પામે તો એક મોટી પ્રાપ્તિ ગણાય... જે અમને વગર પ્રયત્ને મળ્યો છે તે અમારુ સદ્‌ભાગ્ય છે...!

કલા, સાહિત્ય, સંગીત, સ્વાધ્યાય, તત્વજ્ઞાનની સાધના સાથે કર્મનિષ્ઠા, હ્યુમર અને 'હળવાશ' નો ભાગ્યે જ જોવા મળે તેવો સમન્વય સાધી સોશ્યોસ્પિરીચ્યુઅલ એક્ટીવીટી દ્વારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની અદ્‌ભુત સિમ્ફની વડે જાગૃત સાધકની જેમ દરેક જન્મદિને તમે જિંદગીની ઝોળીમાં નવા વર્ષનો ઉમેરો કરીને જીવન સાર્થક કર્યું છે.

સ્નેહસદન થી શરૂ થયેલ સંસાર યાત્રા પ્રેમપુરીઆશ્રમ થી પી.એન.આર સુધી, તળેટીથી શિખર સુધીની તીર્થયાત્રા દરમ્યાન પરમાત્માની ઈચ્છાનુ માધ્યમ બની સામાજિક સેવાના પારમાર્થિક યજ્ઞમાં અનેક શ્રેષ્ઠી દાતાઓને સહભાગી બનાવવામાં આપ નિમિત્ત બન્યા છો.

જીવન સાફલ્યના આ અવસરે આપને આરોગ્ય, આનંદ, ઐશ્વર્ય, મનોશાંતિ, માધુર્યપુર્ણ દીર્ઘ નિરામય જીવનની અનંત શુભકામનાઓ સાથે વ્યષ્ટિથી સમષ્ટિ, શબ્દથી શુન્ય દ્વૈતથી અદ્વૈત તરફ આપની ઉર્ધ્વગતિ થાય, આપને અનંત ચિદ્દાકાશ પ્રાપ્ત થાય અને ઈશ્વરના પાકીટમાં તમારો ફોટો નીકળે તેવી પરમ ને અભ્યર્થના...

અખૂટ પ્રેમ, આદર અને પ્રાર્થના સાથે,

**વિનુભાઈ હકાણી તથા 'અંકુર' પરિવાર**

### પ્રેક્ષાપાન - પ્રેક્ષક

એ જ સાચો પ્રેક્ષાવાન છે,
જે સંસારમાં પ્રેક્ષક તરીકે રહે છે.

**સંકલન : 'તારલા'**

**લેખક : આ.વિ. રાજહંસસૂરિ મ.સા.**

# શું તમે તમારી બેગ તૈયાર રાખી છે?

જાદવજી કાનજી વોરા

ચુનીલાલભાઈ અમારા ગામના એક સજ્જન માણસ, ઉંમર ૬૫ આસપાસ, તેમના સંપ્રદાયના સક્રિય કાર્યકર હોવાથી સંપ્રદાયના જ કામકાજ માટે કચ્છમાં ગયા હતા. રાતના દશેક વાગ્યા સુધી તો સંઘના અન્ય કાર્યકર્તાઓ સાથે સંઘ બાબત ચર્ચાઓ કરતા હતા. રાતના બે વાગ્યે ઓચિંતો છાતીમાં દુઃખાવો ઉપડ્યો. ઘરગથ્થુ ઉપચારો કર્યા. વહેલી સવારના પાંચેક વાગ્યે દુઃખાવો વધતાં ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ડૉક્ટરે ગંભીરતા પારખી જઈને તરત જ ભુજ ખસેડવાની સલાહ આપી. પણ તે ભુજ પહોંચે તે પહેલાં જ રસ્તામાં અનંતની યાત્રાએ ઉપડી ગયા. એકવડિયો બાંધો, ખાવાપીવામાં અત્યંત ચોક્કસ. સિદ્ધાંતભર્યું જીવન અને ડહાપણભર્યું વ્યક્તિત્વ હોવાથી કુટુંબમાં કે સંઘમાં હંમેશા બધાય તેમની જ સલાહ લે.

ચુનીલાલભાઈના ઓચિંતા અવસાન વિશે અમારા ગામના મારા અન્ય એક મિત્ર શ્રી હરખચંદભાઈ સાથે વાત થતી હતી ત્યારે વાતવાતમાં તેમણે કહ્યું કે એ દિવસે તેમને આવા ત્રણેક માઠા સમાચારના ફોન મળ્યા હતા. એક તો ચુનીલાલભાઈના, બીજા અન્ય એક વલ્લભજીભાઈ નામક સજ્જન લોનાવલા ગયા હતા, ત્યાં ઓચિંતા જ તેમને હાર્ટ એટેક આવ્યો, ત્યાં જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. કોઈક જરૂરી ઈન્જેક્શન ત્યાં ન મળતાં, પુનાથી મંગાવવાની વ્યવસ્થા કરવામાં આવી. ઈન્જેક્શન આવ્યું અને અપાયું પણ ખરૂં, પણ, તેમનું પણ આયુષ્ય ખૂટ્યું અને વલ્લભભાઈ ત્યાં જ અવસાન પામ્યા. ઉપરાંત, ત્રીજા બનાવમાં અન્ય એક ઓળખીતા નિઃસંતાન વયસ્ક સજ્જનનો ફોન આવ્યો હતો. તેમની પત્નીને થયેલા કેન્સરના અંતિમ તબક્કાની વાત હતી. આ વડીલની પત્ની છેલ્લા એકાદ મહિનાથી હોસ્પિટલમાં છે. હવે તેમની ઘડીઓ ગણાઈ રહી હોવાથી આ વડીલ ભવિષ્યમાં નિર્માણ થનારી એકલતાના ભયથી અમંગળ કલ્પનાઓ કરતા કરતા સાવ પડી ભાંગ્યા છે.

હરખચંદભાઈએ વાતવાતમાં કહ્યું કે, 'જાદવજીભાઈ, આપણે કેટલા નિશ્ચિંત થઈને બેઠા છીએ! જાણે કે આપણને કંઈ થવાનું જ નથી! સમાજમાં આપણે રોજ આવા અનેક આકસ્મિક બનાવો બનતા નિહાળતા હોઈએ છીએ. એ વખતે આપણને ભલે ત્યાર પૂરતો અફસોસ વ્યક્ત કરી લેતા હોઈએ પણ ક્યારેક આમાં આપણો પણ નંબર લાગશે એમ આપણને કેમ નથી થતું? શું એવું પણ બની શકે કે કદાચ કોઈક કમનશીબ દિવસે આમાં આપણો પણ નંબર લાગ્યો હોય અને લોકો આપણા ગયા પછી અફસોસ વ્યક્ત કરતા હોય?'

મને ઓચિંતો એક વિચાર આવી ગયો કે આપણે ક્યારેક ક્યાંક બે-ચાર દિવસ માટે પણ બહારગામ જતા હોઈએ ત્યારે કેટલી તૈયારીઓ કરતા હોઈએ છીએ. કદાચ પંદર દિવસ માટે કે એકાદ મહિના માટે જતું હોય ત્યારે તો કેટલી બધી પૂર્વ તૈયારીઓ કરવી પડતી હોય છે. આપણે વિદેશ જતા હોઈએ ત્યારે કેટલાય મહિનાઓ અગાઉ પાસપોર્ટ, વીઝા, ટિકિટો તથા લઈ જવાના માલસામાનની બેગો ભરીને તૈયાર રાખીએ છીએ. શું આપણે ક્યારેય એવું વિચાર્યું છે ખરૂં કે જ્યારે આપણને હંમેશને માટે લાંબી યાત્રાએ જવાનો વારો આવશે ત્યારે એ માટે આપણે કોઈ બેગ ભરીને તૈયાર રાખી છે ખરી? બહારગામ કે વિદેશ જવા માટે તો તારીખ લગભગ અગાઉથી જ નક્કી કરી રાખેલી હોય છે પરંતુ, અનંતની યાત્રા માટેનો તો કોઈ સમય કે તારીખ કે ઘડી પણ આપણને ક્યાં ખબર હોય છે?

અનંતની યાત્રાએ જતાં પહેલાં આપણે શું કોઈ બેગ તૈયાર કરી શકીએ ખરા? રોજ રાત્રે સૂતાં પહેલાં આપણે આપણા ઈષ્ટદેવનું સ્મરણ કરીએ. દિવસ દરમ્યાન આપણે કોઈ પણ જીવને દુઃખ કે હાનિ પહોંચાડી હોય કે કોઈનું પણ બૂરૂં ઈચ્છયું હોય તો તેમને યાદ કરીને તેમની ક્ષમાયાચના કરીએ. સૃષ્ટિના તમામ જીવોનું મંગલ વાંછીએ. જેમણે સિદ્ધત્વ પ્રાપ્ત કર્યું હોય કે પછી આપણા વર્તમાન ગુરૂજનો કે જેમણે આપણને શુદ્ધ ધર્મની સમજણ આપી છે તેમના શરણાંઓ સ્વીકારીએ, સૃષ્ટિના કેટલાય જીવોના આપણી ઉપર અનંત ઉપકારો છે તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ. શુભષ્ય શીઘ્રમ. આપણા કોઈ પણ શુભકાર્યો કરવાના ક્યારેય પણ બાકી ના રાખીએ. આપણી ગેરહાજરીમાં આપણા વારસદારો વચ્ચે અરાજકતા ના ફેલાય અને લાયક વ્યક્તિને યોગ્ય ન્યાય મળી રહે એ માટે વીલ બનાવી રાખીએ. આર્થિક વ્યવહારોમાં અંધાધુંધી ન સર્જાય એ માટે જીવનસાથી કે સંતાનોને અંગત લેવડદેવડની યાદીની નોંધ કરાવીને અવગત રાખીએ. કોઈના પણ આપણી ઉપર ઉપકારો હોય તો બને ત્યાં સુધી વહેલામાં વહેલા તેમનો પાછો બદલો ચૂકવીએ. કોઈ પણ જીવ પ્રત્યે આપણે ક્યારેય પણ ઘૃણા, તિરસ્કાર, અનાદર, ધિક્કાર, ફિટકાર, દ્વેષ, વેરઝેર, ક્રોધ કે નકારાત્મકતાની લાગીઓ ના રાખીએ. તમામ જીવો પ્રત્યે આપણે આદર, પ્રેમ, હેત, પ્રીતિ, સન્માન કે અહોભાવની લાગણીઓ રાખીએ. આ બધા શુભ ભાવો ભાવવા માટે આપણે કોઈ જ મૂરત જોવાનો હોતો નથી. આ તો એક રોજબરોજની પ્રક્રિયા છે. આપણું જીવન જ આપણે એવી રીથે કંડારવાનું છે કે, ક્યારેય પણ, કોઈ પણ ઘડીએ આપણને હાકલ આવે ત્યારે આપણી સદ્ભાવનાઓની બેગ તૈયાર ભરેલી જ પડી હોય. શું આપણે આવી કોઈ બેગ તૈયાર રાખી છે ખરી? ચોર્યાસી લાખ

જીવાયોનીઓમાં પરિભ્રમણ કરતાં કરતાં મહા મુશ્કેલીએ સાંપડેલા આ માનવભવને શું આપણે એમ જ વ્યર્થ ગુમાવી દઈશું ? કે પછી કર્મ નિર્ઝરાઓ કરતાં કરતાં એવું જીવન જીવએ કે કોઈ પણ ઘડીએ આપણે જે આટો લઈ આવ્યા છીએ એ ખૂટે તે પહેલાં આપણે એવી બેગ ભરીને તૈયાર રાખીએ કે જેથી ફરી ફરીને ગર્ભાવાસની અંધારી કોટડીમાં આ નવ નવ માસ સુધી ઉંધા માથે લટકવાના મહાદુઃખમાંથી સદાસદાને માટે છૂટીને શાશ્વતા સુખોન સ્વામી બનીએ. શુભમ ભવતુ !

*મરણ તો ભિક્ષુ જેવું*
*કોઈને પણ બારણે*
*કારણે અકારણે*
*આવીને ઊભું રહે*
*અને કહ્યા વિના કોણ જાણે કેટલુંય કહે*
*કરી મૂકે સ્તબ્ધ, નિઃસ્તબ્ધ*

**- સુરેશ દલાલ**

મૃત્યુ આવતા પૂર્વે જ પરમાત્માનું શરણ સ્વીકારી લો. જીવનમાં જે કાંઈ ખોટું થયું હોય, ભૂલ થઈ હોય, જાણ્યે અજાણ્યે, એનો ખરા અંતઃકરણથી પશ્ચાતાપ કરી લો. **- મહાવીર સ્વામી**

❑❑❑

(જાદવજીભાઈ ઈન્ટરનેટના પત્રમાં પત્રમૈત્રી દ્વારા મનુષ્યમૈત્રીને જીવંત રાખવાનું સુંદર કાર્ય કરી રહ્યાં છે)

ફોન નં. ૯૮૬૯૨૦૦૦૪૬

## પ.પૂ.આ. શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવોર્ડ અર્પણ તથા પ.પૂ.આ.શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી ૬૧મો જન્મદિન ઉત્સવ

- સુપ્રસિદ્ધ અને ઉદારદિલ ભાગ્યશાળી શેઠશ્રી અનિલભાઈ બકેરીના હસ્તે પદ્મશ્રી, વિખ્યાત ડૉ. સુધીરભાઈ શાહને અર્પણ થયો.
- પૂ. શ્રી વાત્સલ્યદીપસૂરીજી મ. ને સૌએ જન્મદિનની વધાઈ અર્પણ કરી.
- પ્રો.ડો. યોગેન્દ્રભાઈ પારેખે યાદગાર પ્રવચન કર્યું.
- શેઠશ્રી યોગેનભાઈ લાઠીયા ઉપસ્થિત રહ્યા.
- જનસમૂહ ઉમટ્યો.
- ગુરુપૂજન કરીને સૌએ ભક્તિ છલકાવી ગુરુદેવના આશીર્વાદ લીધા.
- આખો દિવસ ભક્તગણ પ્રવાહ ચાલુ રહ્યો.
- મુંબઈથી શ્રી બાબુલાલજી પરમારે આવીને સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન પબ્લીકેશન
**(''દરેક જૈન વાંચે પ્રબુદ્ધ જીવન'' નવેમ્બર ૨૦૧૭ અપીલ)**

| રકમ | નામ |
|---|---|
| ૯,૦૦૦/- | તરૂષા મિડિયા સરવિસિસ પ્રા.લી., હસ્તે : શ્રી બકુલભાઈ ગાંધી - (૬૦ મેમ્બરો નવા બનાવ્યા) |
| ૭,૫૦૦/- | મહેશભાઈ સંઘવી - અમદાવાદ (૫૦ નવા મેમ્બર્સ બનાવ્યા) |
| ૧૫૦૦/- | કાન્તિલાલ સી. શેઠ (૧૦ નવા મેમ્બર્સ બનાવ્યા) |
| ૬૪૫૦/- | શ્રી રજનિકાન્તભાઈ સી. ગાંધી (૪૩ નવા મેમ્બર્સ બનાવ્યા) |
| ૧૨૦૦/- | શ્રી હસમુખભાઈ યુ. ગેઢેચા - અમદાવાદ (૮ નવા મેમ્બર્સ બનાવ્યા) |
| **૨૫,૬૫૦/-** | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રીમતિ રસિલાબેન દિલિપભાઈ કાકાબળીયા (સ્વ. દિલિપભાઈ કાકાબળીયાના સ્મરણાર્થે) |
| **૫,૦૦૦/-** | |

### ભાનુ ચેરિટિ ટ્રસ્ટ અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૬૦,૦૦૦/- | અસિત આર. દેસાઈ હસ્તે : ઉષાબેન શાહ |
| **૬૦,૦૦૦/-** | |

### જનરલ ડોનેશન

| | |
|---|---|
| ૩૪,૨૫૦/- | બી.કે.આર. જૈન પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી બિપિનભાઈ જૈન નવા કોમ્પ્યુટર ખરીદવા માટે ડોનેશન મળેલ છે. |
| ૭૯૦૦૦/- | શ્રેયસ પ્રચારક સભા પૂજ્ય સરયુબેન મહેતાના ૭૯ના જન્મદિવસ નિમિત્તે સંઘને ભેટ |
| **૧,૧૩,૨૫૦/-** | |

### સંઘ નવા આજીવન સભ્ય

| | |
|---|---|
| ૫,૦૦૦/- | દુષ્યન્ત કે. શાહ |
| **૫,૦૦૦/-** | |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી રસિકભાઈ એ. શાહ - અમરેલી જાન્યુઆરી ૨૦૧૮નું સૌજન્ય |
| **૨૫,૦૦૦/-** | |

# અમેરિકા એક ઓળખ

મેધા ત્રિવેદી

વીસમી સદીની શરૂઆત ઔદ્યોગિક ક્રાન્તિથી થઈ અને અડધી સદીએ પહોંચતાં સુધીમાં તો ઉદ્યોગોએ બનાવેલા મશીનોએ પગપેસારો કરી, માનવો પર હાવી થવાં લાગ્યાં, જેનો શ્રેય યુરોપિયન દેશોને જઈ શકે. એનાથી એક ડગલું આગળ વધતા એકવીસમી સદી પૂર્ણપણે કોમ્પ્યુટર સાયન્સ અને ઈનફોર્મેશન ટેકનોલોજીને સમર્પિત થઈ રહી છે, તેનાંથી કોઈ અજાણ નથી. ઈનફોર્મેશન ટેકનોલોજીનું મક્કા ગણાતા યુ.એસ.એ. તેમાં હરણફાળ ભરી માહિતીઓનું એક આખું નવું વિશ્વ આપણી સમક્ષ મૂકી દીધું. દુનિયાના કોઈપણ ખૂણે બેઠેલો માણસ દુનિયાના છેડા પરના માણસ સાથે બટન દબાવતા જ કનેક્ટ થઈ શકે એવી સુવિધા અને સરળતાથી આપણને તાજુબ કરી મૂક્યાં. અમેરિકા એક એવો દેશ છે જે જ્ઞાન પ્રાપ્તિ, નવી શોધખોળો અને તેની ઉપલબ્ધિઓને હંમેશા વિશ્વ બજારમાં મૂકવા માટે પ્રયત્નશીલ રહેતો હોય છે. દીર્ઘદૃષ્ટિને ધ્યાનમાં રાખી બેઝીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી, આધુનિક ઉપકરણો, જાયન્ટ મશીનો, વિશાળ ઉદ્યોગો, હાઈવેસ અને તેના પર દોડતા વાહનો જ નહીં પરંતુ માનવ જીવનને સ્પર્શતા એકે એક ક્ષેત્રને સુવ્યવસ્થિત અને ગઠિત આયોજનો દ્વારા દુનિયાના દેશો પર લગભગ પોતાનો કાબૂ જમાવી રાખ્યો છે. વીસમી સદીના અંતમાં એમ કહેવાતું કે અમેરિકા જો એક છીંક ખાય તો આખી દુનિયાને શરદી થઈ જાય. અર્થકારણ અને એના લીધે થતી ઉપજતી સમૃદ્ધિ યુ.એસ.એ.ના પ્રવેશદ્વાર પર પગ મૂકતાં જ જણાઈ આવે. તેના શહેરો, રસ્તાઓ, જબરજસ્ત મોટા મોલની ઝાકઝમાળ એવી રીતે પ્રત્યક્ષ થાય કે ઊડીને આંખે વળગે. જો કે આ તો અમેરિકાને ઊડતી નજરથી જોવામાં આવતી સિધ્ધી છે. પરંતુ આ દેશને બારીકાઈથી તપાસવામાં આવે, તો એના સામાન્ય લોકો માટે સાવ નજીવી બાબતોમાં લીધેલી તકેદારી અને તેમના આયોજકોની લોકો સાથેની મિત્રતા આશ્ચર્યચકિત કરી નાંખે તેવી છે. ખાસ કરી સ્ત્રીઓ, સીનીયર સીટીઝન, બાળકો અને અપંગોની લેવાતી કાળજી. જ્યાં ત્યાં વોશરૂમમાં ફાળવવામાં આવતી અલાયદી જગ્યાઓ, જાહેર ટ્રાન્સપોર્ટેશન - બસ કે ટ્રેનમાં ચઢતા-ઉતરતા જરાય તકલીફ ના પડે એ રીતના રોડ કે ટ્રેકના સમાંતરે આયોજીત કરેલા પગથિયા વળી સામાન્ય લોકોની વર્તણૂક અપંગ, બાળકો કે ગર્ભવતી મહિલાઓ અને અજાણ્યા માણસો તરફની, એક આગવી છાપ ઊભી કરી જાય ખરી. કોઈપણ નાનામાં નાનું કાર્ય પણ અહીં પૂરી નિષ્ઠા, પ્રમાણિકતા અને મહેનતથી થયેલું જણાય. તો સામે છેડે અહીંના રહેવાસીઓ તેમના નેતા અને આયોજકો પર પૂર્ણ વિશ્વાસ મૂકે છે, પોતાના દેશની બનાવટો ગમે તેટલી મોંઘી હોય તોય તે ખરીદવાનો આગ્રહ તેમના અર્થકારણને આગળ ધપાવવામાં મદદરૂપ બની રહે છે. આ એક માનવતાનું પાસુ જે કદાચ ઝટ નજરે ચઢતું નથી. પરંતુ એક સવાલ એ થાય કે આવી સિધ્ધીઓના શિખરો તેઓ ચઢ્યા કેવી રીતે! તો એ માટે ઘણા ટૂંકાણમાં તેના ઈતિહાસ પર એક દૃષ્ટિ નાખવી જરૂરી બને છે.

યુ.એસ.એ. આખો દેશ ઈમીગ્રન્ટનો બનેલો છે. યુરોપથી વ્યાપારના આશયથી આવેલા ઈમીગ્રન્ટસ દેશની વિશાળ અને ફળદ્રુપ જમીન, આબોહવા તેના લીધે થતી મૂલ્યવાન પેદાશોથી લલચાયા. ત્યાંના મૂળ રહેવાસીઓને હરાવી તેમણે પોતાની સત્તાને કાયમ કરી. પરંતુ આવા ઈમીગ્રન્ટની વસ્તી ઓછી હોવાને કારણે શ્રમિકોની ખોટ વર્તાવા લાગી. કહેવાય છે ને કે અછત શોધની જનેતા છે અને નવી શોધખોળો અહીંયા શરૂ થવા લાગી જેમાં ઓછામાં ઓછા શ્રમજીવીઓની જરૂર પડે. આવી રહેલી ઈન્ડસ્ટ્રીયલ ક્રાન્તિથી ઉપલબ્ધ મશીનોને ચલાવવા દેખભાળ રાખવા, રીપેર કરવા અને તેનું સતત નવીનીકરણ કરવા, તેનું પાયાનું જ્ઞાન ધરાવતા લોકો માટે નવી નોકરીઓની તકો ઊભી થવા લાગી, આવા ક્ષેત્રમાં કેળવાયેલા લોકોની સખત જરૂરિયાત પૂરવા અમેરિકાએ પ્રાપ્ત જ્ઞાનને વહેંચવા માંડ્યું. દેશની યુનિવર્સિટીઓએ ખોબલે ખોબલે વિશ્વના વિદ્યાર્થીઓને એડમિશનો આપવા માંડ્યા. એમાં ભારત બાકાત રહી શક્યું નહીં. શરૂઆતમાં નવા આઝાદ પામેલા ભારત દેશમાં હજુ સ્વદેશીનું ઝનૂન વળગી રહ્યું હોવાથી પરદેશ જવાનો વિચાર કોઈ કરતું નહીં. સિવાય કે સ્કોલરશીપ ઉપલબ્ધ હોય અથવા અતિ પૈસાપાત્રના સંતાનો ધીમે-ધીમે આપણાં દેશના શિક્ષણનું માધ્યમ કથળતું ગયું તે એટલે સુધી કે ટ્યુશન ક્લાસ, એડમિશનો માટે ભલામણો, લાગવગો, ડોનેશનો અને સૌથી ઉપર અનામતોએ, ઉચ્ચ શિક્ષણ, સારા વેતનની નોકરી અને સ્વચ્છ જીવનની ખેવના રાખનારાઓ માટે વિદેશ જવું અનિવાર્ય બની ગયું. અત્યારે તો એવો સમય આવીને ઊભો છે કે દર બીજાના ઘરના દીકરા કે દીકરી અમેરિકાના કાયમી રહેવાસી થવા લાગ્યા છે. એકલું ભારત જ નહીં વિશ્વના અનેક દેશોમાંથી ઈમીગ્રન્ટસ અહીં આવી જ રીતે આવીને વસ્યા છે. અમેરિકાના વિકાસમાં આવા વિદેશીઓનો ઘણો મોટો ફાળો રહ્યો છે. તેમની સાથે આવતા નવા વિચારો, નવી પદ્ધતિ અમેરિકાના અર્થતંત્રને સબળ બનાવવા ઉપયોગી નીવડે તો અપનાવવામાં તેઓ છોછ અનુભવતા નથી. સાવ સામાન્ય લાગતા વિચારોમાં પણ પોતાની આગવી દૃષ્ટિ ઉમેરી, તેનો અસરકારક અમલ, આ દેશની આગવી ઓળખ કેવી રીતે બને છે, તે આપણે જોઈએ.

એક તદ્દન સામાન્ય પરંતુ નવતર પ્રયોગ ન્યુયોર્કના મેટ્રોપોલીટન મ્યુઝિયમ પાસે જોવામાં આવ્યો. મ્યુઝિયમ પાસે ખાણી-પીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જેમાં જુદાં-જુદાં દેશની વાનગી પીરસવામાં આવે. જેને કાર્ટ કહેવામાં આવે છે. મ્યુઝિયમની મુલાકાતે જતા પહેલાં કે પછી, લોકો કોર્ટની વાનગીઓ ખરીદી મ્યુઝિયમની બાજુમાં ફાળવેલી જગ્યા જ્યાં બેસવા માટે ટેબલ ખુરશી રાખવામાં આવ્યા છે, તેનો ઉપયોગ કરે. હવે એ સ્વાભાવિક છે કે અહીં દિવસભરની અવર-જવર થતી હોય ત્યારે ખોરાક ઢોળાતો રહે, અને પૂરતી સ્વચ્છતા શક્ય બને નહીં. આ સમસ્યાના ઉકેલ માટે આ ખુલ્લી જગ્યામાં ચકલીઓનું ટોળું મૂકી દેવામાં આવ્યું છે. ચકલીઓ લોકોના પગ પાસે જરાય ડર્યા વિના ફરતી રહે, જરાક ખોરાક ઢોળાય કે ચાંચ પહોળી કરી તરત તેને પેટમાં પધરાવી દે. સરસ મઝાની વાનગીઓ ખાઈ ખાઈને ચકલીઓ એટલી તો તંદુરસ્ત થઈ છે કે આપણને નવાઈ લાગે. અને હા, જમીનની ચોખ્ખાઈ સતત રહે તે તો નફામાં.

અત્યારે યુ.એસ.ના ઓનલાઈન મોલ જાત-જાતના ઉપકરણોથી ખદબદી રહ્યો છે. સ્માર્ટફોન બજારમાં આવી રહેલો ટચ, ટીવીસ્ક્રિન અને માહિતીઓનું ડેટાબેઝનું આખે આખું જંગલ. એનાથી એક ડગલું આગળ વધતા આર્ટીફિશીયલ ઈન્ટલીજન્સી માણસોનો ભરડો લઈ રહી છે. ડ્રાઈવરલેસ કાર અને સ્માર્ટ હોમ આવવાની તૈયારીમાં છે. નાના સરખા રોબોર્ટ સામાન્ય ઘરોમાં પ્રવેશ મેળવી લીધો છે. અલ્લાદીનના ચિરાગ જેવો રોબોટ આગળ જતાં તમને નવરા કરી મૂકે તો નવાઈ નહીં.

આટલી ઝાકમઝોળ પછી એ વાત જરૂર નોંધવા જેવી લાગે કે અમેરિકાની સફળતાનું એક કારણ ડગલેને પગલે જોવાં મળતી લોકશાહીની કાયદાકીય સરમુખત્યારશાહી પણ છે. એક જ સરખા જોવા મળતા ઘરો, એક સરખા બેકયાર્ડ કે ફ્રન્ટ ડ્રાઈવ અને ફરજીયાત વાવમાં આવતી લોન, એક સરખા દરવાજા, તાળા અને નોબ સુદ્ધા, પદ્ધતિસરના આયોજનમાંથી જરાકે બહાર જઈ શકાતું નથી. કાયદો એટલો તો કડક રીતે પાળવામાં આવે છે કે ઘરમાં થતા ઊંચા અવાજો પોલીસને નોંતરવા પૂરતાં છે. દરેકે દરેક સિસ્ટમ નિયંત્રણમાં ચાલે એની જવાબદારી જનતાએ ટેક્સ ભરી ઉપાડી લેવાની રહે છે. અહીં કશું જ મફત નથી, બીચ પર ટહેલવાની પણ ફી ભરવાની રહે છે.

આવા દેશનું કેટલું અને કેવું અનુકરણ કરવું જોઈએ તે પ્રશ્ન રહે છે.

(અમેરિકાના પ્રવાસ પછીના અનુભવોને આધારે આ લેખ મળ્યો છે.)

❑❑❑

## બે કાર્યક્રમો

તા. ૨૬-૧૧-૨૦૧૭ અને ૭-૧-૨૦૧૮ના દિવસે મુંબઈમાં '૧૦૮ પાર્શ્વનાથ કથા'ના બે વિલક્ષણ કાર્યક્રમો સંયોજાયા હતા. આ કાર્યક્રમોમાં ડૉ. અભય દોશી અને ડૉ. સેજલ શાહે રસાળ શૈલીમાં '૧૦૮ પાર્શ્વનાથ કથા' રજૂ કરી હતી. ડૉ. અભય દોશીએ પાર્શ્વનાથ ભગવાનની પ્રભાવકતાના કારણોની રજૂઆત કરી હતી. ત્યારબાદ સંક્ષિપ્તમાં જીવનચરિત્ર વિશે વાત કરી હતી.

ડૉ. સેજલ શાહે ભાવવાહી શૈલીમાં કલિકુંડ પાર્શ્વનાથ, પોસીના, સુરતના વિવિધ પાર્શ્વનાથ, ભરૂચ, ડભોઈના વિવિધ-પાર્શ્વતીર્થોની કથાની સુચારુ રજુઆત કરી હતી. સાથે જ ડૉ. અભય દોશીએ નાગેશ્વર, જીરાવલા, રાજસ્થાનના વિવિધ તીર્થો, શંખેશ્વર, ગોડી પાર્શ્વનાથ, આદિ તીર્થોની કથાની પ્રસ્તુતિ કરી હતી.

બન્ને વક્તાઓએ આ કથા પાછળનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા કહ્યું હતું કે, આ કથા દ્વારા જૈન ઈતિહાસ, સંસ્કૃતિ અને અધ્યાત્મ, તીર્થોની પ્રાચીનતા આદિ વિષયોની પ્રજાસમક્ષ કથાના માધ્યમે પ્રસ્તુતિ કરવા ઈચ્છે છે. તેમની કથાઓમાં ઉપસ્થિત શ્રોતાગણ રસતરબોળ બન્યો હતો.

સાથે જ પ્રથમ કથામાં જ્હોની શાહે તેમજ બીજી કથામાં સુરેશ જોષીએ ભાવનારૂપ સુમધુર સંગીત પીરસ્યું હતું. કથા માટે પસંદ કરાયેલા પ્રાચીન સ્તવનો પણ હૃદયસ્પર્શી હતા. વક્તાઓએ કેટલાક પ્રાચીન સ્તવનોનો મર્મ પણ કથામાં ગૂંથી દીધો હતો.

પ્રથમ કાર્યક્રમ જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ - વાલકેશ્વરના ઉપક્રમે તેમજ બીજો કાર્યક્રમ શ્રીમતી સુમતિબેન ભૂપેન્દ્રભાઈ પરીખના કુટુંબ દ્વારા યોજાયો હતો. આ પ્રકારના વિવિધ કથા-કાર્યક્રમો માટે ડૉ. અભય દોશીનો સંપર્ક કરવો. મો. ૯૮૯૨૬ ૭૮૨૭૮

આ બન્ને સુરુચિપૂર્ણ, ધાર્મિક સંસ્કારોને જગવતાં કથા-કાર્યક્રમ માટે ડૉ. અભય દોશી તથા ડૉ. સેજલ શાહને ધન્યવાદ.

જીવનપંથ : ૫

# મારાં મનમાં રાજ કરતી અને દિલમાં કાયમ વાસ કરતી વિભૂતિ...

ડૉ. ભદ્રાયુ વછરાજાની

ચાર વર્ષની ઉંમરે પહેલી સ્પર્ધામાં વિજેતા થયો. સ્પર્ધા મુખપાઠની. એક ફકરો આપ્યો હોય, તેને પાકો કરવાનો અને પછી જાહેરમાં સુંદર હાવભાવથી કડકડાટ બોલી જવાનો. પહેલો નંબર આવ્યો, એની હોંશ તો ખરીજ, પણ વધુ રાજીપો, બે વાતોનો હતો ત્યારે. એક, એ ફકરો હતો સ્વામી વિવેકાનંદે શિકાગોની ધર્મપરિષદમાં આપેલાં ઐતિહાસિક ભાષણનો અને બીજું, સ્થળ હતું રાજકોટનું શ્રી રામકૃષ્ણ આશ્રમ. બરાબર સ્વામી વિવેકાનંદની અદાથી અદબવાળી બુલંદ છતાં ભાવવાહી અવાજે ફકરો બોલેલો, તે મને આજે ત્રેપન વર્ષ પછી ય યાદ છે. વધુ આનંદ થયો ઈનામ મળ્યું ત્યારે. ઈનામમાં મળ્યાં બે પાતળાં પુસ્તકો. (શ્રી રામકૃષ્ણ આશ્રમમાં તો ત્યારથી બુકેના બદલે બુક અને ઈનામમાં પુસ્તકોની પ્રથા હતી!) બે પુસ્તકોમાં એક સ્વામીના જીવન પ્રસંગો ચિત્ર સાથે 'બાળકોના સ્વામી વિવેકાનંદ' અને બીજું 'સ્વામી વિવેકાનંદ કહે છે...' સ્વામીજીનાં સુંદર અવતરણો. એજ સાંજે સ્વામીજીના જીવન પ્રસંગો, ચિત્રો જોઈ જોઈને સમજી ગયેલો અને રાત્રે સુતી વખતે પણ 'ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા સ્વામીજી અને બાજુમાંથી પસાર થતો મોટો નાગ' ચિત્તમાંથી ખસ્યા ન હતા.!. બસ, ચાર વર્ષની ઉંમરે એ મહાન વિભૂતિ મનમાં રાજ કરતી અને દિલમાં કાયમ વાસ કરતી થઈ ગઈ.

ખુબ વાંચ્યું આશ્રમનું સાહિત્ય. ત્યાંની લાયબ્રેરીમાંથી અને મળતાં રહેલાં ઈનામી પુસ્તકોમાંથી. શ્રી ઠાકુર, શ્રી મા અને સ્વામીશ્રીને ભારોભાર આશ્ચર્ય સાથે આદરપૂર્વક વાંચી ગયેલો. અને હા, એ પછી તરૂણ અને યુવાન થયો ત્યારે રામકૃષ્ણ આશ્રમનાં પુસ્તકોનું ગુજરાતી કરનાર એક પ્રખર પ્રાધ્યાપકના સંપર્કમાં આવ્યો. ગુજરાતીના ધૂરંધર પ્રાધ્યાપક શ્રી જનાર્દન વૈદ્ય. એમને આંખની તકલીફ એટલે એમને કશુંક વાંચી આપવામાં કે તેમનું બોલેલું લખી આપવામાં હું જોડાયો. વૈદ્યસાહેબને તો આ વિભૂતિ-ત્રિપૂટી હૈયાંવગી. કઈ વાત કયા પુસ્તકમાં કયા પાનાં પર છે તે પણ કડકડાટ. બહુ લાભ મળ્યો આ સત્સંગનો. પછી તો આશ્રમમાં થતી સ્પર્ધાના સ્ક્રીપ્ટ વૈદ્યસાહેબ લખાવે ને હું બોલીને ઈનામ જીતું. ઈનામમાં પુસ્તકોનો ઢગલો મળે. એમ કહી શકાય કે પંદરેક વર્ષની ઉંમર સુધીમાં જે કંઈ વાંચ્યું તે કાં તો શ્રી ઠાકુર વિષે, કાં શ્રી મા શારદાદેવી વિષે અથવા તો સ્વામી શ્રી વિવેકાનંદ વિષે!. આમ જુઓ તો સ્વામી વિવેકાનંદને દૃષ્ટિમાં સમાવવાનો વ્યાયામ થયો..

સ્વામી વિવેકાનંદજીના જીવન પરિચયે કે વાંચને જીવનમાર્ગ બદલી નાખ્યો એમ કહી શકું તેમ નથી, એવો દંભ કરવાની જરૂર પણ નથી, સ્વામીજીએ એવું શીખવ્યું પણ નથી.. પણ હા, જાણે-અજાણ્યે મારાં જીવનમાં અને મારાં વ્યક્તિત્વમાં સ્વામીજીના કેટલાંક વચનો ઉતર્યાં અને ઘર કરી ગયાં.. એક તો સ્વામીશ્રી વિવેકાનંદનો અતૂટ-અમાપ-અસીમ આત્મવિશ્વાસ. હું આજે કોઈપણ અજાણી સ્થિતિમાં પણ મક્કમતાથી ઝંપલાવી દઉં છું ત્યારે એ હું નહીં પણ મારાંમા રોપાયેલ સ્વામીજીનો આત્મવિશ્વાસ છે. 'તમે સિંહનું સંતાન છો,' એવું વિધાન જાણે તેઓ મારા કાનમાં બોલે છે અને હું પડકાર ઝીલી લેવાનો વિશ્વાસ દાખવું છું! ❑❑❑

**ભદ્રાયુ વછરાજાની**
મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ / ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.

**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.
**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**
પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.
'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. .............. ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.
વાચકનું નામ..........................................................
સરનામું..........................................................
..........................................................
પીન કોડ.......................... ફોન નં. ..........................
મોબાઈલ ...................... Email ID ..........................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**
**ઑફિસ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિફોન : ૦૨૨ ૨૩૮૨૦૨૯૬.
Email ID : shrimjys@gmail.com

# અભ્યંતરતપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ

સુબોધીબેન સતીશ મસાલીઆ

(ગતાંકથી ચાલુ...)

આપણે ગતાંકમાં જોયું કે સ્વાધ્યાય - ધ્યાનમાં ઉતરવા માટે મન - વચન - કાયાની સ્થિરતા જરૂરી છે. કેમકે કર્મ બાંધવાવાળા આ ત્રણ મહારથી જ છે. આપણે એ પણ જોયું કે કાય અને વચન સ્થિર કરવા બહુ અઘરૂં નથી પણ મનને સ્થિર કરવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે. મનને અસ્થિર કરનાર પરિબળો છે અઢાર પાપસ્થાન. આ અઢાર પ્રકારના પાપને જેટલા શિથિલ કરતાં જઈશું એટલી મનની ચંચળતા ઓછી થતી જશે. આપણે પ્રથમ પાપસ્થાન 'પ્રણાતિપાત' એટલે કે જીવહિંસા વિષે થોડું ચિંતન ગતાંકમાં કર્યું.

બીજું પાપસ્થાન મૃષાવાદ. એટલે કે જૂઠું બોલવું. સામાન્ય રીતે આપણને એમ લાગે કે હું ક્યાં જૂઠું બોલું છું?? પણ આત્મનિરિક્ષણ કર્યા વગર આવું વિચારવું એ પણ જૂઠ જ છે. ઘણી વાર આપણે કોઈનો ફોન ન ઉપાડવો હોય તો ઘરનાને કહી દઈએ કે 'તેમને કહી દો કે હું ઉંઘી ગયો છું. અથવા ઘરે નથી.' એક દૃષ્ટિએ જોતાં એમ લાગે કે આમાં શું જૂઠું બોલ્યા. પણ આપણે નથી જાણતા કે ગુલાબની એક પાંદડીના ચોથા ભાગ જેટલું જૂઠું બોલ્યા હોય એટલું જૂઠ ગુલાબના આખા ગુચ્છા જેટલું થઈ જાય. એટલું ભોગવટામાં આવે ને એ જ્યારે પણ ભોગવટામાં આવે ત્યારે નવું જૂઠ બોલાવે. સૂક્ષ્મતામાં જાઓ તો કોઈ વાત વધારીને રજૂ કરવી કે ઘટાડીને કહેવી એ પણ જૂઠ જ છે. એક જૂઠાણું બીજા ૧૦૦ જૂઠાણાને જન્મ આપે. માટે જૂઠ નામના રાક્ષસથી બહુ બચવા જેવું છે. એના માટે બને તેટલું મૌન રહેવું એ સૌથી સારો ઉપાય છે. પણ યાદ રાખો ઈશારાથી પણ જૂઠું બોલી શકાય છે. એટલે ઈશારાથી પણ વાતો નહિ કરવી એવું આર્યમૌન સૌથી ઉત્તમ છે.

ત્રીજું આવે છે અદત્તાદાન એટલે કે નહિ દીધેલુ દાન લેવું એટલે કે ચોરી કરવી. અદત્તાદાનની વાત આવે એટલે પુણ્યાશ્રાવકનું સામાયિક યાદ આવે. મન-વચન-કાયાની સ્થિરતા કરી, જાગૃતપણે સમતામાં રહેવું, શરીરમાં - સ્વમાં જાગૃતપણે ક્યાં ક્યાં શું ઘટના ઘટી રહી છે, તેનું સાક્ષીભાવથી અવલોકન કરવું, તેનો અનુભવ કરવો, તેનું અધ્યયન કરવું ને સાથે - સાથે રાગ-દ્વેષના ભાવોથી અલિપ્ત રહી સમતામાં સ્થાપિત થવું તેનું નામ છે સ્વાધ્યાય, તેનું જ નામ છે સામાયિક. તો આપણે જોઈએ કે તે દિવસે પુણ્યાનું મન સામાયિક દરમ્યાન સમતામાં કેમ સ્થિર નહોતું થઈ રહ્યું?? વિચારતાં પૂછતાં જાણવા મળે છે કે પાડોશીનું છાણું ભૂલથી આવી ગયું હતું... અને પુણ્યાને ધ્યાનમાં આવ્યું કે અહો... આ તો 'અદત્તાદાન'... ભલે અજાણ્યેપણ થઈ ગયેલું આ પાપ મનને સ્થિર ક્યાંથી થવા દે? હવે વિચાર કરો... જો આટલું નાનું સહજ જેટલું પાપ સ્થિરતા ન થવા દે... તો આપણે તો પાપોના ઘૂઘવતા મહાસાગરની મધ્યમાં બેઠા છીએ... એ આપણને સમતામાં સ્થિર કેવી રીતે થવા દે? મનની ચંચળતાને કેવી રીતે રોકી શકીએ? પુણ્યાના ઉદાહરણ પરથી એટલું તો સમજમાં આવે છે કે જ્યાં સુધી પાપથી પાછા નહિ હઠીએ ત્યાં સુધી મનની સ્થિરતા થવી અસંભવ છે. મનની સ્થિરતા વગર સ્વનો અધ્યાય થઈ શકશે નહિ. માટે આધ્યાત્મિક જગતમાં ડગ ભરનાર વ્યક્તિએ પોતાની આજુબાજુ પાપોથી પાછા હઠવાની વાડ બાંધવી પડશે. પ્રતિજ્ઞા લેવી પડશે. તો ઉજાગર-પણે મન-વચન-કાયાની સ્થિરતા થશે, સ્થિરતા થશે તો કર્મની પ્રતરો એક પછી એક ઉદિરણામાં આવશે... જો આ પ્રતરને સમતામાં સ્થિર રહી રાગ-દ્વેષ કર્યા વગર વેદશો તો કર્મની નિર્જરા થશે... જેમ જેમ કર્મ નિર્જરતા જશે... આત્મા વધુ ને વધુ શુદ્ધ થતો જશે... જેમ જેમ આત્મા શુદ્ધ થતો જશે વધુ ને વધુ પાપથી પાછા હઠતા જશો... આમ પાપોથી પાછા હઠવું ને સ્વનો સ્વાધ્યાય થવો બંને એક જ સિક્કાની બે બાજુ છે... એક વગર બીજું અસંભવ છે.

આ રીતે દરેક અઢારે અઢાર પાપ વિષે ચિંતન મનન કરી, આત્મનિરીક્ષણ કરી, સ્વાધ્યાય કાળ દરમ્યાન તો કડકપણે આ પાપોનું સેવન ન જ થવું જોઈએ, એવી પ્રતિજ્ઞા લેવી. ત્યારબાદ જિનમુદ્રામાં અથવા સુખાસને બેસી કાયાને સ્થિર કરવી. બિલકુલ મૌન ધારણ કરવું. ઈશારાથી પણ વાતો નહિ જેને આર્ય મૌન કહેવાય. આ રીતે કાયા અને વાણીની સ્થિરતા કરવી. શરૂઆતમાં થોડો સમય તો બેસતાની સાથે જ શરીર વિરોધ કરશે, અકડાશે, દુઃખાવો થશે. પણ ધીરે ધીરે રોજબરોજ થોડો થોડો સમય વધારતા જવું, એ રીતે પ્રેક્ટીસ થતાં પછી એટલી તો ક્ષમતા આવી જશે કે એટલીસ્ટ એક કલાક સુધી બિલકુલ આંગળીએ ન હલે એ રીતના મૌનપણે બેસી શકાશે. વચન અને કાયાની સ્થિરતા કર્યા પછી હવે એ જોઈએ કે મનને કેવી રીતે સ્થિર કરવું...

આપણા પૂર્વાચાર્યોએ મનને સ્થિર કરવા માટે ઘણા અલગ અલગ અવલંબન લઈને પ્રયોગ કર્યા. કોઈ મૂર્તિનું અવલંબન લઈ મૂર્તિ સામે મનને ટકાવી રાખવાનો પ્રયત્ન કરતા પણ એમાં બન્યું એવું કે જેટલો સમય મૂર્તિ સામે હોય એટલો સમય મન તેના પર ટકતું પરંતુ જેવી મૂર્તિ સામેથી તે વ્યક્તિ ખસી ગઈ કે વ્યક્તિ સામેથી મૂર્તિ દૂર થઈ તો, મન પણ ક્યાંક ભાગી જતું. પૂર્વાચાર્યોએ મંત્રનું અવલંબન લઈને પણ મનને ટેકવવાનો પ્રયત્ન કર્યો. એમણે જોયું કે શરૂ શરૂમાં તો મંત્ર પર મન ટકી રહે છે. પણ પછી મંત્રનું

રટણ તો ચાલુ હોય છે ને મન તો ક્યાંથી ક્યાં પહોંચી જાય છે. જેમકે કોઈ નવું નવું ગાડી ચલાવતા શીખ્યું હોય તો તેનું બધું જ ધ્યાન ગાડી ચલાવવામાં રહે છે પણ જેમ જેમ ગાડી ચલાવવાનો મહાવરો વધતો જાય તેમ તેમ એ એક બાજુ ગાડી પણ ચલાવતો રહે છે ને આરામથી મોબાઈલ પર વાતો પણ કરે છે. તેવી રીતે શરૂઆતમાં તો મંત્ર રટણ પર મન બરાબર રહે છે પરંતુ થોડો મહાવરો થયા પછી એક બાજુ મંત્ર રટણ ચાલુ હોય છે ને બીજી બાજું મન ક્યાંનું ક્યાં ભાગી જતું હોય છે. આમ અલગ અલગ અવલંબનોને અજમાવી જોતા ખ્યાલ આવી ગયો કે, 'શ્વાસ' જ એક એવું અવલંબન છે જે કાયમ ચોવીશે કલાક આપણી સાથે રહે છે. ને જેમ જેમ એનો મહાવરો થાય તેમ તેમ મનનું ભાગવાનું ઓછું થાય છે ને શ્વાસ પર ટકી રહે છે. જો શ્વાસ પરથી મન ખસે કે તરત જ તેને પાછું શ્વાસ પર લાવી શકાય છે.

સ્વાધ્યાયમાં શ્વાસોશ્વાસ પર મનને ટેકવી બહિર્મુખી મનને અંતર્મુખી બનાવી એ સૂક્ષ્મ મન દ્વારા મસ્તકથી પગની પાની સુધી અંતરયાત્રા કરવાની છે. જ્યાં જે અનુભવ થાય ત્યાં રાગ-દ્વેષ જગાવ્યા વગર તટસ્થપણે, સમતામાં, અનિત્ય ભાવનામાં સ્થિર થવાનું છે. આ સ્વાધ્યાયમાં જ પરિપક્વ થતાં થતાં, આગળ વધતાં ધ્યાન અને છેલ્લે કાયોત્સર્ગ નામનો તપ પરિણપિત થશે.

શ્વાસોશ્વાસનું અવલંબન લઈને ચિત્તને સ્થિર કરવાનો પ્રયોગ જૈન સાધનામાં પહેલાં પણ ઘણો વ્યાપકપણે થયેલો છે. તેની ખાત્રી આગમોમાં આવતા કાઉસગ્ગની વિધિ દર્શાવતા ઉલ્લેખો આપે છે. આપણા આગમોમાં કાઉસગ્ગ શ્વાસોશ્વાસ રૂપે હતો. જેનો પુરાવો 'આવશ્યક' નિર્યુક્તિમાં મળે છે. આપણે આજે જે કાઉસગ્ગ કરીએ છીએ તે ખરેખર તો ફક્ત સ્વાભાવિક શ્વાસોશ્વાસને જોવાનું હતું. પરંતુ કાળક્રમે ઉતરતા સંઘયણે (સંઘયણ એટલે શરીરમાં હાડકાની મજબુતાઈ) લોકો આ રીતના કાઉસગ્ગ નહોતા કરતા. કોઈ ઉંઘી જતા, કોઈ બીજા વિચારોમાં મગ્ન થઈ જતા, કોઈ આ શ્વાસોશ્વાસની સાથે કોઈ શબ્દને જોડી દઈ એનું રટણ કરતા, માટે આ સત્ય વિધિનો જે લાભ મળવો જોઈએ તે નહોતો મળતો. તેથી પૂર્વાચાર્યોએ બહુ સમજી વિચારીને, દિર્ઘદૃષ્ટિ વાપરીને આ કાઉસગ્ગમાં શ્વાસોશ્વાસની સાથે લોગસ્સ જોડયો. લોગસ્સના એક પદની સાથે એક શ્વાસને જોવાનું જેથી ધ્યાન શ્વાસોશ્વાસ પર રહે. પરંતુ કાળક્રમે મૂળવિધિ શ્વાસોશ્વાસને જોવાનું લોકોએ છોડી દીધું અને ફક્ત લોગસ્સ ગણવાને જ કાઉસગ્ગ માની લીધો. આમ સાપ ચાલ્યો ગયો ને કાંચળી હાથમાં રહી ગઈ.

સાધુ અને શ્રાવકોના દરરોજના અનુષ્ઠાનમાં કાઉસગ્ગની એવી વ્યાપક ગુંથણી છે કે આ સ્વાધ્યાય-ધ્યાનમાં અભ્યાસ નિરંતર થતો રહે. એક પ્રવૃત્તિમાંથી બીજી ક્રિયામાં જતા તે ક્રિયાની શરૂઆત 'ઈરિયાવહી પ્રતિક્રમણ'થી થાય છે. જેમાં ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવાનું વિધાન છે. કાયાને સાવ શિથિલ કરી, સ્થિર રાખી, મૌન રહી, શ્વાસની ગતિ સાથે ચિત્તને શાંત થવા દેવામાં આવે. મુનિને એકલી ઈરિયાવહીની ક્રિયા નિમિત્તે રોજ કેટલીયેવાર ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ દ્વારા આ પ્રક્રિયાનો અભ્યાસ સતત ચાલતો રહે, એવી સુંદર યોજના મુનિની દિનચર્યામાં છે. પરંતુ ગમે તે કારણે આ પ્રણાલિકા આજે આપણે ખોઈ બેઠા છીએ. અરે... આગમોમાં કાઉસગ્ગની સમયમર્યાદા પણ શ્વાસોશ્વાસની સંખ્યાથી દર્શાવાઈ છે. અમુક કાઉસગ્ગ અમુક શ્વાસોશ્વાસ પ્રમાણ એમ બતાવાયું છે કાઉસગ્ગમાં શુદ્ધ શ્વાસોશ્વાસને જોવાના હતા, પણ તેની સાથે લોગસ્સ જોડી દેવાથી લોગસ્સ ગણવાનું ચાલુ રહ્યું ને શ્વાને જોવાનું કામ છૂટી ગયું. વળી કોઈપણ નામ-શબ્દ-મંત્રનું રટણ કરવાથી ચિત્ત તો એકાગ્ર થઈ જશે, પણ આપણું ધ્યેય માત્ર ચિત્તને એકાગ્ર કરવાનું નથી. આપણું ધ્યેય તો અવચેતન મનમાં પડેલા વિકારો સુધી પહોંચીને તેને ઉખેડીને કાઢવાનું છે. ચિત્ત એકાગ્ર તો રાગથી મોહથી કે દ્વેષથી પણ થઈ જાય... દા.ત. કોઈના પ્રત્યે રાગ જન્મ્યો છે કે દ્વેષ ઉદ્ભવ્યો છે તો તેના વિચારોમાં કલાકોના કલાકો સુધી મન એકાગ્ર થઈ શકે છે. પરંતુ આપણું ધ્યેય, અંતિમ લક્ષ્ય મુક્તિનું છે. તેના માટે અંતરમનમાં પડેલા રાગના-દ્વેષના-મોહના કર્મસંસ્કારોને કાઢવાનું છે. આપણા શ્વાસને અને આ વિકારોને ગાઢ સંબંધ છે. તે તમે પણ આત્મનિરીક્ષણ કરશો તો જોઈ શકશો કે જેવો કોઈ વિકાર મનમાં જાગે છે, ક્રોધનો કે ભયનો કે લોભનો કે મૈથુનનો અને તરત જ શ્વાસની ગતિમાં ફરક પડી જાય છે. શ્વાસ તેજ બની જાય છે શ્વાસ ધ્રુજવા લાગે છે. જેવો વિકાર દૂર કરશો કે શ્વાસ પોતાની મેળે ધીમી અને સાધારણ ગતિથી ચાલતો થશે. આ બતાવે છે કે શ્વાસને વિકારો સાથે ગાઢ સંબંધ છે. શ્વાસને સહારે સહારે વિકારોને ઉખેડીને કાઢી શકીશું.

શ્વાસોશ્વાસનું અવલંબન લઈને આત્માની જાગૃતતા સાથે શ્વાસપ્રત્યે સાક્ષીભાવ લાવતાં લાવતાં એ અનુભવ થશે કે દૂષિત વિચારોથી થોડો થોડો છૂટકારો થવા લાગ્યો છે. દુષિત વિચારો ઓછા થવા લાગ્યા છે. આમ શ્વાસ પર મનને ટેકવીને બહાર ભટકતા સ્થૂળ મનને સૂક્ષ્મ બનાવી એ સૂક્ષ્મ મન દ્વારા અંતરયાત્રા કરી સ્વનો અધ્યાય કરવાનો છે, સ્વાધ્યાય કરતા કેવી રીતે કર્મની નિર્જરા થશે તે પણ વિચારશું.

પહેલા એ જોઈએ કે શ્વાસનું જ આલંબન લેવાના બીજા કારણો શું ?

(૧) શ્વાસને જોવાનો અભ્યાસ કરતા કરતા એ અનુભવ થાય છે કે મન કેટલું ચંચળ છે. એક ક્ષણ પણ સ્થિર રહી શકતું નથી. કાં ભૂતકાળની સ્મૃતિમાં ભાગ લે છે કાં ભવિષ્યની કલ્પનામાં. એક ક્ષણ પણ વર્તમાનમાં રહેવા ઈચ્છતું નથી. ફક્ત આવતા-જતા શ્વાસને જોવાનું કામ મનને સોંપીને મનને વર્તમાનમાં રહેતા શીખવાડવા લાગ્યા. જે આવી રહ્યો છે અથવા જઈ રહ્યો છે તે આ

ક્ષણની ઘટના છે. આની પહેલાનો શ્વાસ ભૂતકાળનો છે આની પછીનો શ્વાસ ભવિષ્યકાળ છે. પણ આ ક્ષણનો શ્વાસ એ આપણો વર્તમાન છે. વર્તમાનમાં રહેતા આવડશે તો ઘણા રહસ્યો સામે આવશે.

(૨) આપણે ફક્ત શ્વાસને જોઈએ છીએ, (જાગરૂકતાથી ઈચ્છા - આકાંક્ષા કર્યા વગર) જાણીએ છીએ. તેથી આપણો સંબંધ ભૂતકાળની સ્મૃતિઓને ભવિષ્યની કલ્પનાથી તૂટતો જાય છે. જ્યારે પણ મન ભૂતકાળની સુખદ સ્મૃતિમાં ડૂબેલું હોય છે ત્યારે ઘણી ઈચ્છા રહે છે કે આ સ્થિતિ કાયમ રહે. આ સ્થિતિ ફરીને પ્રાપ્ત થાય (આ રાગ છે). તેવી જ રીતે દુઃખદ કલ્પના કે સ્મૃતિને હંમેશા રાખવાની ઈચ્છા રહે છે (આ દ્વેષ છે). ફક્ત શ્વાસને જ જોવાથી એક રીતે રાગ અને દ્વેષ તૂટતા જશે. યથાભૂત શ્વાસને જોવાથી શું રાગ પેદા થશે? શું દ્વેષ પેદા થશે? એ ક્ષણે આપણે મોહથી પણ દૂર છીએ કેમકે કોઈ કલ્પનામાં ડૂબેલા નથી. કલાકોની સાધનામાં થોડી ક્ષણો એવી આવે છે કે જ્યારે આપણે કેવળ શ્વાસને જોઈએ છીએ તે ક્ષણનું ચિત્ત નિર્મળ થાય છે.

(૩) મનુષ્યે જન્મ લીધો ત્યારથી આંખ ખોલીને બહારની દુનિયાને જ જોઈ. સદૈવ બહિર્મુખી જ રહ્યા. કદી અંતર્મુખી થઈને પોતાને જોયું જ નથી. બાહ્ય ભટકતું મન સ્થૂળ છે. તે અંદરની યાત્રા, અંદરની અનુભૂતિ કરી શકતું નથી. પણ શ્વાસ પર મન ટેકવવાથી એકાગ્ર થયેલું મન સૂક્ષ્મ છે. આ સૂક્ષ્મ મન દ્વારા અંતરમુખી થઈને અંતરયાત્રા કરતા (સ્વાધ્યાય કરતા કરતા) એ ખ્યાલ આવશે કે આ આખોય શરીર પ્રપંચ, જેને 'હું હું મારૂં મારૂં' કહ્યા કરૂં છું તે બધું શું છે? અત્યાર સુધી બૌધિક સ્તરે ચેતન મનમાં જાણકારી હતી તે અનુભૂતિઓ દ્વારા જાણશું કે આ શરીરને મનના પ્રપંચો છે શું?

(૪) આપણું આખું શરીર, નાના પરમાણુઓ, જીવકોષોથી બન્યું છે, એમાં કાંઈ ને કાંઈ જીવ રાસાયણિક પ્રતિક્રિયા - વિદ્યુત - ચુંબકીય પ્રતિક્રિયા નિરંતર થયા કરે છે. (મન સ્થૂળ છે માટે એનો અનુભવ નથી કરી શકતું.) શ્વાસ પર એકાગ્ર થઈ સૂક્ષ્મ બનેલું મન આ સત્ય અનુભવથી જાણી શકશે. શરીર નશ્વર છે, ક્ષણભંગુર છે, મન ચંચળ છે, ચપળ છે આ બધું ઘણું સાંભળ્યું છે પણ અનુભવના આધારે આ વાત અનુભવી નથી. માટે શરીર અને મન પ્રત્યેની આસક્તિ તૂટતી નથી. જે અવસ્થા ઈન્દ્રિયાતીત છે, ભવાતીત છે, લોકાતીત છે. (સમ્યક્દર્શન) ત્યાં સુધી પહોંચવું છે. તો આપણે જાતે અનુભવના ક્ષેત્રમાંથી પસાર થવું પડશે. જ્યારે આપણે પોતે સ્વનો અધ્યાય કરતા કરતા સ્વ અનુભવ દ્વારા જાણશું કે એક આંખના પલાકારા જેટલા સમયમાં કેટલા પરમાણુ ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે. ત્યારે મહાવીરના શબ્દો - ઉપનેઈવા, વિગમેઈવા સમજાશે. ત્યારે આત્મા સમજશે કે આવા ક્ષણભંગુર શરીર પર શું રાગ કરૂં? શું દ્વેષ કરૂં? અંતરયાત્રા વગર સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ જેવો તપ ઘટિત થઈ શકે નહિ - આખી દુનિયાની યાત્રા ભલે કરી પણ જ્યાં સુધી અંતરયાત્રા નથી કરી ત્યાં સુધી બધી જ યાત્રા અધૂરી છે.

''જ્યાં લગી આત્મા તત્ત્વ ચિંત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી...''

સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ વિષે વધુ આગળ જાણો આવતા અંકે. ❑❑❑

૧૯, ધર્મપ્રતાપ અશોકનગર,
કાંદિવલી (ઈસ્ટ),
મો. ૮૮૫૦૦૮૮૫૬૭

પ્રબુદ્ધ જીવનનો આગામી
ફેબ્રુઆરી ૨૦૧૮ નો અંક
**જૈન ધર્મ અને અન્ય પરંપરાઓમાં યોગ વિશેષાંક**
પ્રસિદ્ધ કરવામાં આવશે.
સંપાદનકર્તા : ડૉ રશ્મિબેન ભેદા
આ યોગ વિશેષાંકની વધુ નકલ જોઈતી હોય તો
તા. ૦૫-૦૨-૨૦૧૮ પહેલાં
સંસ્થાની ઓફીસમાં નોંધ કરાવો.
વિશેષ અંકની કિંમત રૂા. ૮૦/- રાખેલ છે.
: સંપર્ક :
રાજ શાહ
ફોન - ૦૨૨-૨૩૮૨૦૨૯૬

## તારો જો સંગાથ...

તારો જો સંગાથ, દુઃખ તો ગમે મને સ્હેવાનું;
મારું ઘર આ તારું, તેથી સદાય સુખ રહેવાનું! —
તારા જળથી વાવ-તલાવો છલકે,
ફૂલ ફૂલ તું ફોરમ થઈને ફરકે,
આંખો તારી ગ્રહ-તારામાં ચમકે.
ડુંગર થઈ જો દૂઝે, કલકલ ગમે મને વ્હેવાનું!
તું જો હાજર હોય, હસીને ઘણું ગમે ક્હેવાનું!–
તારાં જ્યાં જ્યાં પગલાં પથ તે મારો;
સુણાય જ્યાં તવ સાદ, મુલક એ પ્યારો;
લાભશુભ ત્યાં, જ્યાં તારો સધિયારો;
હળવે રહી તું અડી જાય તો દાવ ગમે દેવાનું;
તું જે દે, તે બધું પ્રસાદી જેમ ગમે લેવાનું!-

**– ચંદ્રકાન્ત શેઠ**

સૌજન્ય : 'હદમાં અનહદ' પુસ્તકમાંથી

# મહાત્મા ગાંધીના અંતિમ દિવસો, હત્યા, તપાસ અને કેસની તવારીખ : 'લેટ્સ કિલ ગાંધી'

સોનલ પરીખ

૩૦ જાન્યુઆરી ૧૯૪૮ ના દિવસે નવા સ્વતંત્ર થયેલા રાષ્ટ્ર ભારતના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધીની એમના જ એક દેશવાસીએ હત્યા કરી.

વિશ્વ સ્તબ્ધ થઈ ગયું. દેશ આક્રંદ કરી ઊઠ્યો. શ્રદ્ધાંજલિઓનો વરસાદ વરસ્યો. પરસ્પરના લોહીના તરસ્યા હિંદુ-મુસ્લિમોએ ગમગીન બની તેમની તલવારોને વિરામ આપ્યો. ભયાનક રૂપ ધારણ કરી ચૂકેલા કોમી તોફાનો આ ઘટનાથી બંધ થયા એ ગાંધીજી વિશેના લોકોના પ્રેમ અને આદરની નિશાની હતી. પણ આ બધામાં હત્યારાનું શું થયું તે જોવાની કોઈને સુધ ન રહી.

તે ઘડીએ તો તે સ્વાભાવિક હતું, પણ ત્યાર પછી પણ મોટાભાગના લોકોએ કાવતરું, કાવતરાખોરો, પોલિસ અને સત્તાધીશોની નિષ્ક્રિયતા, ગોડસે પર ચાલેલો કેસ, બયાનો, તેનું બચાવનામું, કપૂર કમિશનનો અહેવાલ - આ બધા વિશે સમજવાની, આખી પરિસ્થિતિનો તાગ લેવાની જરૂર જોઈ નહિ. અનેક અસત્યો અને અર્ધસત્યો સત્યનો સ્વાંગ પહેરી સામે આવ્યા અને સત્ય તરીકે ચાલતા પણ રહ્યા. 'ગાંધીએ ભારતના ભાગલા પડાવ્યા' - 'ગાંધીએ મુસ્લિમોને ખોળામાં બેસાડ્યા અને હિંદુઓને તરછોડ્યા' - 'ગાંધી જીવ્યા હોત તો ભારતને હિંદુ રાષ્ટ્ર બનતું અટકાવત' - 'ગાંધીએ પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા અપાવ્યા' - 'ગાંધી હિંદુ શરણાર્થીઓના દુ:ખો જોતા નથી અને ભારતમાં રહેલા મુસ્લિમોને પંપાળે છે'.

ગોડસેએ બચાવનામાં કહ્યું, 'ગાંધીનો વધ એ જ ભારતમાતાને બચાવવાનો એકમાત્ર માર્ગ હતો'. તેણે 'વધ' શબ્દ વાપર્યો છે. સંસ્કૃતમાં રાક્ષસોને મારી નાખવામાં આવે ત્યારે વધ શબ્દ વપરાય છે. જેમ કે રામે રાવણનો વધ કર્યો. કોઈ પ્રમાણ મેળવવાની ફિકર કર્યા વિના જૂઠાણાંને સત્ય સમજનારો વર્ગ નાનો નથી. આ વર્ગ પછીની પેઢીઓને પણ પોતાની માન્યતાઓનો વારસો આપે છે. કરુણતા એ છે કે આપણે વિચારવાની, સમજવાની, સાચું શું છે તે શોધવાની તસદી લેતા નથી અને આપણી આજુબાજુ વહેતી અફવાઓમાંથી આપણા સ્વભાવ કે રૂચિ પ્રમાણેનું સત્ય શોધી લઈએ છીએ. ગાંધીજનો અને બૌદ્ધિકોનું મૌન આ વલણને જાણેઅજાણે સમર્થન આપે છે.

પણ એમ કરવાથી એ સત્ય બની તો જતું નથી. આપણે જાણીએ છીએ કે ૨૦ અને ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ ના હુમલાઓ પહેલા પણ ગાંધીહત્યાના ચાર પ્રયાસ થયા હતા? આ પ્રયાસ ૧૯૩૫ ની આસપાસ થયા હતા. ત્યારે પાકિસ્તાન મુસ્લિમ લીગના એજન્ડા પર પણ ન હતું. આ બધા હુમલા પૂનામાં ઉચ્ચ વર્ગના અંતિમવાદી હિંદુઓએ કરાવ્યા હતા. ચારમાંના ત્રણ પાછળ આપ્ટે-ગોડસે ગેંગ જ હતી. બેમાં તો નાથુરામ પકડાયો પણ હતો.

૨૦ જાન્યઆરી ૧૯૪૮ ના દિવસે પ્રાર્થનાસભામાં બોમ્બ ફોડીને અંધાધૂંધી ઊભી કરવી અને તેનો લાભ લઈ ગાંધી પર ગોળીઓ ચલાવવી એવું નક્કી હતું. બોમ્બ ફૂટ્યો, ગોળીઓ ચાલી નહિ. બોમ્બ ફોડનાર મદનલાલ ઢીંગરા પકડાયો. દિલ્હી પોલીસને તેણે કહ્યું કે 'વો ફિર આયેંગે'. વર્ણન પરથી કોણ આવવાનું છે તેનું અનુમાન કરવું અશક્ય ન હતું. મુંબઈમાં ગૃહપ્રધાન મોરારજીને પણ કાવતરાનો અંદાજ હતો અને એમણે મુંબઈ પોલીસને માહિતી આપી હતી. આ બધું છતાં દિલ્હી અને મુંબઈની પોલીસ સુસ્ત રહી. દિલ્હીમાં ગાંધી માટે જોઈએ તેવી સુરક્ષાવ્યવસ્થા થઈ ન શકી. કડવું લાગે તેવું એક સત્ય એ હતું કે ગાંધીના જે વિચારોને લીધે અંતિમવાદી હિંદુઓ ગાંધીને મારવા માગતા હતા, એ વિચારોનો ભાર તેમના સાથીઓ ને સત્તાવાળાઓથી પણ હવે જાણે ઊંચકાતો ન હતો. પિતા વૃદ્ધ થયા હતા, એટલે સૌએ પોતપોતાની રીતે, જાણેઅજાણે એમના અંતિમ પ્રયાણને માટે માર્ગ તૈયાર કરી આપ્યો.

ત્યારપછી? લાલ કિલ્લામાં ખાસ બનાવાયેલી અદાલતમાં ગાંધીના ખૂનીઓ પર કેસ ચાલ્યો. પૂર્વધારણાઓ સાથે કેસનો પ્રારંભ થયો. સાવરકરને બચાવી લેવાનું તો નક્કી જ હતું અને ગોડસેને બચાવનામાં પોતાની વિષાક્ત થિયરીઓ રજૂ કરવાનો પૂરો મોકો અપાયો. એક વાર નહીં, બે બે ચાર - પહેલા લાલ કિલ્લામાં, પછી પંજાબ હાઈકોર્ટમાં. ભારતની નાજુકનબળી કોમી એકતા પર તેના શબ્દો કેવો આઘાત કરશે એ સમજતા સરકારને વાર લાગી. ઊંઘ ઊડ્યા પછી સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો, પછી ઉઠાવી પણ લીધો. ત્યાં સુધીમાં ઝેર ઘણું ફેલાઈ ગયું હતું. આ બચાવનામું ગોડસેએ નહીં, સાવરકરે લખ્યું હતું. ગોડસે અને સાવરકર બંને જેલમાં હોવા છતાં આ શક્ય બન્યું હતું. ગાંધીહત્યાને સિત્તેર વર્ષ થશે છતાં ઘણી હકીકતો હજી પડદા પાછળ છે. એટલું ઓછું હોય તેમ ચોથી ગોળીની વાતો થાય છે, ઈતિહાસને બદલવાની કોશિશ થઈ રહી છે.

'લેટ્સ કિલ ગાંધી' ગાંધીહત્યાને લગતી હકીકતોને, પ્રમાણોને ઝીણવટ અને ચોકસાઈથી રજૂ કરે છે. લેખક છે મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર અરુણ ગાંધી. શાબ્દિક ઈતિહાસ, આર્કાઈવ્ઝ, દસ્તાવેજો, ગાંધીહત્યાના ઈન્વેસ્ટીગેશન અને મુકદમાના અહેવાલો, ન્યાયાધીશો અને વકીલોએ લખેલા પુસ્તકો, અખબારોમાં પ્રગટ થયેલા અહેવાલો અને પરિવાર પાસેથી મળેલી માહિતી આ બધાના આધારે વર્ષોની મહેનત પછી આ પુસ્તક તૈયાર થયું છે. પ્રસ્તાવનામાં તુષાર ગાંધી લખે છે, 'દક્ષિણ આફ્રિકાથી મારાં દાદી સુશીલાબેન અમારે ત્યાં થોડા દિવસ આવ્યાં ત્યારે હું દસબાર વર્ષનો. એમની પાસેથી મને ઘણી વાતો જાણવા મળી. એમની ઈચ્છાથી અમે સપરિવાર પૂના ગયા અને નથુરામ ગોડસેના ભાઈ ગોપલ ગોડસેને મળ્યા. કાવતરામાં તેનો પણ હિસ્સો હતો, જેલ ભોગવીને તે તાજો જ બહાર આવ્યો હતો. દાદીને દર્શાવવું હતું કે ગાંધીપરિવારે ગોડસે પરિવારને માફ કરી દીધો છે, જ્યારે ગોપલ ગોડસેનો ભાવ એવો કે અંતે ગાંધીપરિવાર સમજ્યો કે અમે ગાંધીની હત્યા કરી તે બરાબર કર્યું હતું. જેમને પોતાના કૃત્યનો પસ્તાવો પણ નથી. એમને સામે ચાલીને માફી આપવા જવાનો અર્થ શો તો મને ત્યારે પણ સમજાયું ન હતું, હજી પણ સમજાતું નથી. વર્ષો પછી પ્રિયા તેંડુલકરના એક ટોક શોમાં હું અને હવે વૃદ્ધ થયેલા ગોપલ ગોડસે સાથે હતા. શો પૂરો થયા પછી ઊઠવા જતા ગોપાલનો પગ લથડ્યો, મારાથી સહજ હાથ અપાઈ ગયો. મિડિયાએ તસ્વીર લીધી ને ચગાવી. એક વૃદ્ધને માનવતાના નાતે આપેલા હાથનું ગોપલ ગોડસેએ કેવું અર્થઘટન કર્યું હશે તે કલ્પવું મુશ્કેલ નથી.'

આગળ તેઓ કહે છે, 'ઈતિહાસ જાણનારોને ખ્યાલ છે કે આજે ભારત ૧૯૪૦ ના દાયકાની મધ્યમાં હતા તેવા સંજોગોમાંથી પસાર થઈ રહ્યું છે. લોકશાહી વર્ષોથી તકવાદીઓ અને શોષણખોરોના હાથમાં રમે છે. દરેક અસંતોષને લીલો કે ભગવો રંગ પહેરાવાય છે, પણ હવે ભારતને કે વિશ્વને ધર્મ, વંશ, વર્ણ કે રંગના નામે યુદ્ધો પરવડવાનાં નથી. કસાઈઓની દયા પર માનવજાત નભી શકે નહીં. આપણે ભારતને અને વિશ્વને એક જોવાનું ગાંધીનું અધૂરું સ્વપ્ન પૂરું કરવાનું છે. આ પુસ્તકમાં નિષ્પક્ષ, સીધી હકીકતો જ મૂકી છે. એ આશયથી કે ભૂલાઈ ન જાય.'

રાજકીય હત્યાઓના ઈતિહાસમાં ગાંધીહત્યા જેવી ગૂંચવણભરી સ્થિતિ ભાગ્યે જ સર્જાઈ છે. અણસમજ, ગેરસમજ, પ્રક્રિયાઓની ઢીલાશ, ભૂલોની પરંપરા અને બેદરકારીને લીધે જે ષડયંત્ર સહેલાઈથી નિવારી શકાયું હોત તે સહેલાઈથી સફળ થઈ શક્યું. **'લેટ્સ કિલ ગાંધી'** તત્કાલીન પરિસ્થિતિ, ગાંધીજીના અંતિમ દિવસો અને કાવતરાથી લઈ હત્યા, કેસ, સજા અને કપૂર કમિશનના અહેવાલ સુધીની તમામ વિગતોને સરસ રીતે આવરે છે. એક હજાર પાનાનું આ પુસ્તક દરેક ભારતીયે વાંચવું જોઈએ અને દરેક લાયબ્રેરીએ વસાવવું જોઈએ. પ્રકાશક : રૂપા એન્ડ કંપની, ૭/૧૬ અન્સારી રોડ, દરિયાગંજ, ન્યૂ દિલ્હી ૧૧૦૦૦૨, મૂલ્ય રૂા.૯૯૫.

❑❑❑

મોબાઈલ : ૯૮૩૩૭૦૮૪૯૪

*(Cond. from Page...47)*

# Legitimate Dialect and Virtuous Speech!

partner, talking and negotiating life circumstance. And this is when a wakeful quality of mindfulness is necessitous to impart, bestowing right speech and shimmering words. Our heart is the ocean from which ponders the right speech. Hence the ultimate façade is our heart and emotions. We need to learn to restrain our speech in the moments of emotions such as anger, aggression, frustration by means of mindfulness and over a period of time, thrive our heart to flourish with love, compassion, and empathy. At this stage, the right speech would then naturally escalate promptly from your heart.

Let us imagine, what would the world be like, if we were speaking powerfully, to people who are listening consciously, in an atmosphere which would fit the purpose. Or what would the world be like if we were creating the sound consciously and consuming sounds consciously leading our environments consciously to live a beautiful life? That would be a world that does sound beautiful and understanding this sound would be the median of this world. Thus, how to tune this beautiful instrument of words delivering a speech is in your hands, making the world euphonious and harmonious or raucous and chaotic. Let the charisma of your speech behold in your words! Aspire to right words, right speech...

*Speak only Endearing speech,*
*speech that is welcomed...,*
*Speech when it brings no evil to others*
*is a pleasant thing..!*

***-Gautam Buddha.***

❑❑❑

49, wood ave, Edison, N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૧

# જૈન હસ્તપ્રતોના મહાન સંશોધક અને પ્રકાંડ વિદ્વાન મુનિશ્રી જંબુવિજયજી

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

**પ્રા**ચીન ભાષા અને હસ્તપ્રતોના વિદ્વાનોની આજકાલ ખોટ વર્તાય છે, તેવા સમયે, પ્રાચીન જૈન હસ્તપ્રતોના સંશોધક અને વિરલ શ્રુતોપાસક મુનિશ્રી જંબુવિજયજીનું સ્મરણ થાય.

શ્રી જંબુવિજયજી મહારાજ ચારિત્રવાન, વિદ્વાન તો હતા જ. પ્રભુના જાપ કરીને તન્મય બની જતા. એ સાધુ પુરુષ તપસ્વી પણ હતા. માતા-પિતા અને બહેનની સાથે સંયમ ગ્રહણ કરીને સંયમ સાધના સાથે જ્ઞાન સાધનાનો પ્રારંભ કર્યો. મા શારદાની એમાં કૃપા ભળી અને જૈન સંસ્કૃતિ તથા ભારતીય સંસ્કૃતિનું જાણે નવું પ્રભાત ઉઘડ્યું. એક વિરલ જ્ઞાની પુરુષની ભેટ મળી. તેઓ અનેક ભાષાઓ શીખ્યા.

શ્રી જંબુવિજયજી એવા વિરલ જ્ઞાની પુરુષ હતા જેમણે જ્ઞાન ભંડારમાં પડેલી વિદ્યાને જગત સમક્ષ મૂકી અને તેની દુર્લભ વિશિષ્ટતાના દર્શન કરાવ્યા.

શ્રી જંબુવિજયજી મહારાજ સતત વિહાર કરીને દેશભરમાંથી ઉત્તમ પ્રતો શોધીને તેનું સંશોધન કરવામાં મગ્ન રહેતા હતા. અનેક ભાષાઓના જ્ઞાની શ્રી જંબુવિજયજીએ 'દ્વાદસાર નયચક્ર' નામના ગ્રંથનું સંપાદન શરૂ કર્યું ત્યારે તેની એક પ્રત તિબેટમાંથી મેળવવા માટે તેમણે ભાવનગરના મિલ માલીક શ્રી ભોગીભાઈને પ્રેરણા આપી તિબેટ મોકલેલા. તિબેટની સ્થાનિક 'ભોટ' ભાષા પણ તેઓ શીખેલા. દેશ-વિદેશના બૌદ્ધ પરંપરાના વિદ્વાનો પણ તેમને આ કારણે જાણતા હતા.

એકવાર વિહાર કરી રહેલા શ્રી જંબુવિજયજી બનારસ પહોંચ્યા. એમને મન થયું કે સારનાથમાં બૌદ્ધ યુનિવર્સિટીનો જ્ઞાન ભંડાર જોવા પણ જવું. તેઓ ત્યાં ગયા. તે સમયે બૌદ્ધ યુનિવર્સિટીમાં કોઈ કાર્યક્રમની તૈયારી ચાલતી હતી. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. શામટન કામમાં વ્યસ્ત હતા. મુનિશ્રી બહાર બાકડાં ઉપર બેઠા અને અંદર સંદેશો મોકલ્યો. પ્યુને આવીને કહ્યું કે પ્રોફેસર વ્યસ્ત છે હમણાં મળવું શક્ય નથી.

મુનિશ્રી ત્યાં જ બેસી રહ્યા.

થોડીવાર પછી પ્રો. શામટન બહાર આવ્યા. એમણે મુનિશ્રીને જોયા તેમણે નજીક આવીને કહ્યું કે હમણા મને ઘણું કામ છે, આજે નહીં મળી શકુ, 'સોરી!'

અને પછી તરત જ પૂછ્યું,

'આપનું શુભનામ?'

'જંબુવિજય!'

અને પ્રો. શામટન અટકી ગયા. તેમણે હાથ જોડીને પૂછ્યું,

'ઓહ! દ્વાદસાર નયચક્રના સંપાદક જંબુવિજયજી?'

'જી'.

પ્રો. શામટન કહે 'અરે, પધારો! પધારો! તમે મારી ઓફિસમાં પધારો! જ્યારથી દ્વાદસાર નયચક્ર વાંચ્યું છે ત્યારથી તમને મળવા માટે મનમાં ઈંતજારી ખૂબ રહે છે. આજે અણધાર્યો જ આપનો મેળાપ થયો. મારી યુનિવર્સિટીમાં આજે તો ભાગ્યોદય થયો.'

પ્રો. શામટને પોતાના સહાયકને સૂચના આપી કે આજના તમામ કાર્યક્રમ રદ કરો. તમામ પ્રોફેસરોને સૂચના આપો કે હોલમાં પધારે. આપણા આંગણે પ્રખર જ્ઞાની જૈનસાધુ પુરુષ પધાર્યા છે. તેમનો લાભ લેવાનો છે.

પ્રો. શામટને વારાણસીના વિદ્વાનોને પણ સૂચના મોકલી કે જૈનદર્શનના પ્રકાંડ પંડિત મુનિશ્રી જંબુવિજયજી મારે ત્યાં પધાર્યા છે. તેમની વિદ્વતાનો લાભ લેવા પધારો.

થોડીવારમાં તો હોલ ભરાઈ ગયો. મુનિશ્રી જંબુવિજયજી પાસે બેસીને દર્શનશાસ્ત્રના વિદ્વાનોએ જૈનદર્શન અને સ્યાદ્વાદની ચર્ચા કરી. જૈનદર્શન અને અન્ય દર્શનો ક્યાં જુદા પડે છે અને તેનું સમાધાન શું છે તે જાણવા કોશીશ કરી.

એ જ્ઞાનગોષ્ઠી પૂર્ણ થયા પછી પ્રો. શામટને કહ્યું, 'એક જ્ઞાની પુરુષની વિનમ્રતા અને વિદ્વતા કેવી શોભાયમાન હોય છે તેનો સાક્ષાત દાખલો મુનિશ્રી જંબુવિજયજી છે. તેમનું હું સ્વાગત કરું છું અને તેમને પ્રણામ કરું છું. અને વિનંતી કરું છું કે થોડા દિવસ અહીં જ રોકાવ અને જૈનદર્શન વિશે અમને કહો.'

મુનિશ્રી ત્યાં રોકાયા.

ગુણવાન, ચારિત્ર્યવાન અને વિદ્વાન મુનિવરોની એક મહાન શૃંખલા જૈન શાસને વિશ્વને ભેટ આપી અને આ મુનિજનોની જ્ઞાનયાત્રાએ જગતને ધર્મનો પ્રકાશ સમર્પિત કર્યો. નિતાંત ત્યાગભાવનાની મૂડી લઈને પવિત્ર જીવન જીવતા આ મુનિવરોનું જીવન સંપૂર્ણ ધર્મઅર્પિત રહ્યું તેના કારણે વિશ્વને ધર્મતત્વની ઓળખ આપનારા મહાન ગ્રંથો સુલભ થયા. એ જાણીને આશ્ચર્ય થશે કે સમગ્ર વિશ્વમાં ચારિત્ર્યનું પાલન અને પ્રભુ પ્રત્યે સમર્પણ કરીને જીવતા આ મુનિવરો જેવી જીવનચર્યા ક્યાંય જોવા નહિ મળે. જીવનના આ શ્રેષ્ઠ સમયનો ઉપયોગ કરીને શ્રમણ અને શ્રમણીઓએ જે જ્ઞાનયાત્રા કરાવી છે તે બેનમૂન છે. મુનિશ્રી જંબુવિજયજી એ જ પરંપરાના પદયાત્રી છે.

યુગોયુગથી આ ધરતીને જૈનદર્શનની મહાન પરંપરાનો આવા મુનિજનો પરિચય કરાવે છે અને સૌને ધન્ય બનાવે છે.❑❑❑

મો. ૮૭૮૦૭૭૫૭૩૫

# ભાવ-પ્રતિભાવ

મોતીનો ચારો ચરતા હંસ પર સવાર થઈને, ખોળામાં વીણાને ધારણ કરીને, એક પગ કમળ પર ટેકવીને પોતામાં બંન્ને હાથે, આપણને સૌને આશિર્વાદ આપતા, માતા સરસ્વતીના સુંદર ચિત્રવાળો, નવેમ્બરનો પ્રબુદ્ધ જીવનનો અંક મળ્યો, વાંચ્યો, સુંદર છે. મારાં હાર્દિક અભિનંદન સ્વીકારશો.

કંઈક નવું અને જુદું કરી બતાવવું એ સેજલબેનની ખાસિયત નોંધપાત્ર રહી છે. ઉદાહરણાર્થે, હિંમતલાલ શાંતિલાલ ગાંધીનો લેખ, 'સ્વાસ્થ્યમિત્ર' રજકા વિષેનો રહ્યો. કે જે પશુઓના આહાર તરીકે જાણીતો છે. તેને પશુપાલક કૃષિમિત્રો ગાય-ભેંસ ઈત્યાદિના ખોરાક તરીકે વાવે છે તેના બીજ બજારમાં વેંચાતાં મળે છે. જે રજકાના બીજ તરીકે ઓળખાય છે. પણ તેના ઔષધિય ગુણ પ્રથમવાર જાણ્યાં. 'અલ-ફૂલ-ફા' કુદરતી અનમોલ ભેટ છે, તે જાણીને પ્રસન્નતા થઈ.

સેવંતીલાલ શાંતિલાલ પટણીનો દીર્ઘ લેખ 'વિશ્વ-ઉત્પત્તિ-ષડદ્રવ્ય', સાત પાનામાં વિસ્તારપૂર્વક લેખકે જૈન-ધર્મ-કર્મનો મર્મ બતાવવાનો યથાશક્તિ - મતિ પ્રયત્ન કર્યો છે તે અભિનંદનને પાત્ર છે. મેં તેમને અંગત પત્ર પણ લખ્યો છે.

તમે, સંપાદનનું દૃષ્ટિવંત કાર્ય કરી રહ્યાં છો. પ્રબુદ્ધ જીવનને ચીલાચાલુ માળખામાંથી બહાર લાવીને તેને વધુ ને વધુ રસપ્રદ બનાવતા રહ્યાં છો. તે તમારી આગવી શક્તિ, બુદ્ધિ અને લાગણીનું દ્યોતક છે. દાયકાઓથી હું એક વાચક તરીકે સંકળાયેલો રહ્યો છું. પણ તેને જૈન - સ્ત્રી - શક્તિનો પરચો પ્રથમવાર પ્રાપ્ત થઈ રહ્યો છે. તમે તન, મન અને ધનથી તેની સાથે ઓતપ્રોત થઈ ગયા હોવાની અનુભૂતિ પણ થઈ રહી છે.

વાચકોને પ્રબુદ્ધ બનાવી, જૈન ધર્મ, કર્મ, મર્મમાં રસ લેતા કરવા એ ભારે જહેમત ઉઠાવતું કાર્ય છે. જેને તમે સુપેરે નભાવી રહ્યા છો. તેની પ્રતીતિ પ્રત્યેક અંકે થતી રહી છે. તમારો અગ્રલેખ પણ વાંચ્યો અને વિચાર્યો. ખૂબ સુંદર છે. જે 'આતમ્ભણી' દોરી ગયો. આ આત્મા કે જે શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુક્ત છે તેને જીવન દરમ્યાન જાણવો રહ્યો. નિર્ધારિત સ્થળે અમૂક સમય પૂરતો, પંચમહાભૂતના દ્રવ્યમાં પુરાયેલો સંગ્રહાયેલો આત્મા, ઊંચે ઉડીને, સતત વિસ્તરવા મથતો હોય છે. તેની પ્રતીતિ તમારો અગ્રલેખ વાંચતાં થઈ ગઈ. તમે કેટલું બધું મનન... મંથન કરતા હશો, તેના પરિપાકરૂપે વાચકોને આવા સુંદર સાત્ત્વિક અંકો પ્રાપ્ત થઈ રહ્યા છે કે જે જૈન યુવક સંઘને નવી દિશા પ્રદાન કરી રહ્યા છે. છેવટે -

'નૌ જવાનોં, નવ જવાનોં, ફૂલોં કે ઈસ ગુલદાનસે કાંટો કો હટાદો, નૌ જવાનોં'ની સાર્થકતા અનુભવાઈ રહી છે. આપણાં કહેવાતા દુર્ગુણો જ આપણું રક્ષણ કરતા હોય છે. તો તેની ચિંતા કર્યા વિના સમાજને કંઈક આપી જવામાં જ પુરુષાર્થ સમાયેલો છે.

**હરજીવન થાનકી,**
**સીતારામ નગર, પોરબંદર**

❁❁❁

બે વર્ષથી અંદાજીત ધનવંતજી શાહ જે વાવી ગયેલા ને આત્મસાત કર્યુ હતું તેને તમે સહૃદય તન, મનથી આગળ પ્રબુદ્ધ જીવન ધમાવી રહ્યા છો, મારા પરિવાર તરફથી વંદન અભિનંદન જ હોય.

જૂના પત્રો ધનવંતજીના ૧-૨ છે ગ્રીન કલર રીફીલના ૧૯૯૯થી આજ દિન સુધી પત્ર મિત્રો, સામયિકો માધ્યમે. વાચકોજ સર્વોપરી માને છે. વાહ દાદ દેવી પડે.

આપ સહુનો શુભચિંતક

**દામોદર ફ. નાગર 'જૂગનું' ઉમરેઠ જિ. આણંદ**
**મો. નં. ૯૭૨૩૪૪૯૦૯૨**

❁❁❁

**'જીવનપીંછીના લસરકા'**

Title સાથેનું તંત્રીનું લખાણ આપણને સ્વજીવનના અનેક તબક્કામાં લઈ જાય છે. પ્રથમ દૃષ્ટિએ અમુક બાબતો છે તેમ ધારીને આગળ વધનારૂ વર્ણન શક્યતાઓની આંટીઘૂંટીમાં પ્રશ્નો ઉભા કરે છે. 'જીવન'ની વ્યાખ્યા સમાજ અને આર્થિક સ્તર ઉપર જુદી જુદી અનુભવાતી હોય છે. સમાજ એ હોવો જોઈએ કે સર્વ બાળકોને એક સરખું પ્લેટફોર્મ - વાતાવરણ મળે અને પછી આગળ વધાય - જે નહિવત્ છે કારણમાં - વ્યવસ્તાની વિભિન્નતા છે તે આ આપણે સર્જેલો સમાજ.

Right to education - Right to live childhood પ્રશ્નો સમાજમાં સતત હવામાં ફંગોળાતા જોવા મળે છે અને ત્યારબાદ જીવનના બાકી તબક્કાઓ.

લખાણ - વિચારો - તાત્કાલિન અવસ્થા અને સાધનો જીવનને મળેલા સંસ્કાર સાથે જોડાયેલા હોય છે. ખુદને મળવા માગતા તંત્રીશ્રીના લખાણમાં કશુંક નવું કરવું તેની ધગશની ભાવના રહેલી છે જે ખૂબ જ નિર્મળ અને નિર્દોષ છે - સ્પર્શે છે.

માણસ બીજા માણસ સાથેની વાત - જીવન જીવવા માટેની ચાવી પણ હોય છે કોઈ પણ કોઈનું નથી તેવી પ્રાર્થનાની રચના અમસ્તી તો નથી પણ જો આપણે માનીએ કે મનુષ્ય અનેક શક્તિઓથી જોડાયેલો હોય છે તો ગાંધીજી - રસેલ અને રામનના જીવનને સમજવું મુશ્કેલ નથી. દંભ - લાભ અને સ્નેહનું પરિમાણ

સમજવું મુશ્કેલ નથી છતાં લાગે છે તેવા સંજોગોમાં મનને મન સાથે મેળવવું મનુષ્યની જરૂરિયાત અને સંવાદિતાનું પ્લેટફોર્મ પણ છે.

સરસ લેખ. અભિનંદન

**લલિતભાઈ સેલારકા**

✿✿✿

ઓક્ટોબર-૨૦૧૭નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક મળ્યો છે. તેમાં તમે, વાચકરૂપે મને મોકલેલા પત્રનો ઉત્તર આપતા આનંત અનુભવું છું.

તમે, એક સુદીર્ઘ પ્રકાશનયાત્રા કરી ચૂકેલા અને વિદ્વાન તંત્રીઓની સેવા પામેલા સામાયિકનું તંત્રીપદ ધરાવો છો - એનું સન્માન કરું છું.

અંકનું નિરાંતપણે વાચન તો હવે કરીશ પણ માતૃભાષા, ગાંધીદર્શન અને સમસામયિક બાબતેની વિચારસમૃદ્ધિ આ અંક ધરાવે છે - આનંદ છે તેનો!

તમે હવે પછી પણ અંકો મોકલશો તો ગમશે. તેમાં મુદ્રણભૂલો-દોષો સંદર્ભે મળતી પ્રૂફવાચન અંગેની બંને સેવાનો નિર્દેશ કર્યો છે - એ મુરબ્બીઓ વધુ ચોકસાઈ દાખવશે તો કેટલીક રહી જતી છાપભૂલો પણ દૂર થશે. પણ કોમ્પ્યુટરમાં 'ણ'ની જગ્યાએ બહુધા 'ન' મુકાય છે. એ ન થાય તેની કાળજી લઈ શકાય. (જેમને વ્યવસાય તરીકે પત્ર વ્યવસાય સ્વીકાર્યો છે) પૃષ્ઠ પાંચ ઉપરના આ વાક્યના આરંભે 'જેમણે' હોવું જોઈએ ને?

**રમેશ દવે, અમદાવાદ**

✿✿✿

આપના તરફથી પ્રબુદ્ધજીવન નો વિવિધતાથી ભરેલો અંક મળ્યો વાંચીને ઘણી ખુશી થઇ છે. પ્રબુધ્ધજીવન એ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રેરિત પત્રિકા છે જાણીને ઘણો આનંદ થયો છે. પ્રબુદ્ધ જીવન અલગ અલગ નામ થી પણ ઈસ્વીસન વર્ષ ૧૯૨૯ થી પ્રકાશિત થતી પત્રિકા છે તે જાણવા મળ્યું. અને આ પત્રિકા જોડે સંકળાયેલા ભૂતપૂર્વ તંત્રી મહાશયો ના નામ જાણવા મળ્યા જે લોકો એ આપણા દેશ ના આઝાદી કાળ વખતે ઘણું બધું મહાન કાર્ય કર્યું હતું. અને આપ એ ઈતિહાસ ના અનુસંધાન માં હાલના માનદ તંત્રી તરીકે બિરાજમાન છો તે અમારે માટે ગૌરવ લેવાજેવી બાબત છે.

વિવિધ વિષયો ને આવરી લેતો અંક મારા હાથમાં છે જેમાં રાષ્ટ્રગીત ઉપર સારી ચર્ચા કરવામાં આવી છે. આત્મચિંતન કરતો લેખ વાંચ્યો. વર્ષા અડલજા જે સાહિત્ય વાંચતા વાંચતા સમૃદ્ધ થયા છે તે વાત રુચિકર લાગી. નરેશભાઈ વેદ જે મહાત્મા ગાંધી ના સમયની વાત લઇ આવ્યા છે તે જાણી તે સમયમાં આપણે પણ પહોંચી ગયા. પ્રવાસ વર્ણન અને સ્વાસ્થ્ય વિષે ના લેખ વાંચ્યા. આ સિવાય સાહિત્યમાં માનવ મૂલ્ય ની શું વિશેષતા હોય છે તે વિષે જાણ્યું. આપણા જૈન સિદ્ધાંતો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વણાયેલા છે તેની ખબર પડી.

આપણે સિકંદરાબાદ ખાતે ભરાયેલ સાહિત્ય પરિષદ માં મળ્યા હતા. તેના વરાયેલા પ્રમુખ ભાઈશ્રી સિતાંશુભાઈ યશચંદ્ર ને મળીને મુંબઈ આવવાનું આમંત્રણ આપી ચુક્યો છું.

(અશોકભાઈ સાહિત્ય રસિક છે અને કવિતાઓ લખે છે. એમનું ઉપનામ 'પરાગરજ' છે પ્રબુદ્ધ જીવન પરિવારમાં તેમનું સ્વાગત છે.)

**- અશોક શાહ 'પરાગરજ'**

## કયા ઇલમથી?

કયા ઈલમથી આસપાસનું સુંદર સુંદર લાગે?
કયા ઈલમથી સૌને ચાહું એવું અંદર જાગે?

છોટી મારી તરસ, બડી તે બદરી જલ વરસાવે!
ભૂખી ઘંટી કાજ કેટલું ધરતી ધાન પકાવે?
મારી પા પા પગલી સામે કેટકેટલા રસ્તા!
કેટકેટલા ચ્હેરા મારી ચૉગમ હેરું હસતા!
કયા ઈલમથી સૂરજ દે છે કમળ મને અનુરાગે!
કયા ઈલમથી મને બાંધતી ભીંતો બધીય ભાંગે?

નાનાં મારાં નયણ, ઊછળે ત્યાં કેવો રૂપસાગર!
રસથી કેવા રાસ રમાડે અંદરનો નટનાગર!
મારે આંગણ દુનિયાનો દરબાર ભરાતો દેખું;
દરેકના દર્પણમાં કેવો મને ઊઘડતો પેખું!
કયા ઈલમથી પરોવાય સૌ એક અદીઠા ધાગે?
કયા ઈલથી શબદ મૌનનું મૂળ તાગવા માગે?

**- ચંદ્રકાન્ત શેઠ**

સૌજન્ય : 'હદમાં અનહદ' પુસ્તકમાંથી


તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**


શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# સર્જન-સ્વાગત



## ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **રણમાં ખીલ્યું ગુલાબ**
લેખક : પન્યાસ રાજહંસવિજયજી ગણિ
પ્રકાશક : શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ
સેલર, વિમલનાથ ફ્લેટ -૨,
શ્રીમાળી સોસાયટી નવરંગપુરા,
અમદાવાદ
મૂલ્ય : રૂા. ૪૫/- પાના : ૭૮
આવૃત્તિ : પ્રથમ વિ. સં. ૨૦૭૨




વસતિદાનનું માહાત્મ્ય સમજાવતાં ગ્રંથકારો કહે છે વસતિદાનના પ્રભાવે જીવ દેવલોક તો પામે જ છે. પણ દેવલોક પછી યે સુખોની પરંપરા ચાલુ જ છે. માત્ર સુખજ મળે છે એવું નહીં પણ સંબોધિ અને ગુણો પણ તે જીવ પામે છે.

એ જ વાતને અહીં બતાવી છે.

વસતિનું દાન કરનારા જીવ તો દેવલોકમાં જાય છે. ત્યાંથી રચ્યવી ગયા પછી પણ અર્થાત્ મનુષ્યભવમાં ગયા પછી પણ અન્ય જીવો કરતાં અધિક સુખ સમૃદ્ધિ પામે છે.

એ જીવનું ક્યારેય અપ-મૃત્યુ કે અકાળ મૃત્યુ નથી થતુ લાંબા આયુષ્યને પામે છે. સુંદર અને આકર્ષક રૂપ મેળવે છે નિર્મળ સમ્યક્ત્વને પણ પામે છે.

આદેય નામકર્મ ગાઢ હોય છે. અર્થાત્ એની વાતોને લોકો ખૂબજ સરળતાથી અને સહજતાથી સ્વીકારી લે છે.

વસતિદાન સર્વદાનોમાં શ્રેષ્ઠ છે. તે હંમેશા કરવા જેવું છે. તેનાથી વસતિ આપનાર અને સ્વીકારનાર બન્નેને લાભ થાય છે.

વસતિદાન અને નિયમપાલનના માહાત્મની આ વાત અને વાતો છે. વંકચૂલના જીવનમાં આવનારી શૂલ કેવી કૂલની ફોરમ બનીને રહી જાય છે. તેની મહિમાવંતી વાર્તા અહીં પ્રસ્તુત છે.

♦♦♦

પુસ્તકનું નામ : **ગંગાસતીની અમર વાણી**
લેખક : સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, ૨૦૨
તિલકરાજ, પંચવટી,
પહેલી લેન, આંબાવાડી,
અમદાવાદ - ૩૮૦૦૦૬.
ફોન ૦૭૯-૨૨૧૪૪૬૬૩
મૂલ્ય : રૂા. ૨૫૦/- પાના ૧૨+૩૩૨
આવૃત્તિ : પ્રથમ - ૨૦૧૭





આ પુસ્તક માત્ર બાવન ભજનોની વ્યાખ્યા નિમિત્તે લખાયું છે. જેણે આ બાવન ભજનો રચ્યાં છે તે ગંગાસતી કોઈ ઋષિ મુનિ કે વિદ્વાન આચાર્યા નથી. તે તો માત્ર ગ્રામ્ય નારી જ છે. છતાં તેમણે પરાવાણી દ્વારા આ અમર ભજનોની રચના કરી છે. પરાવાણીને કોઈ વિદ્યાપીઠ કે મોટી ડીગ્રીઓની ગરજ હોતી નથી. તે તો સ્વયંભૂ હોય છે. અને તે છેક નાભિથી પ્રગટતી હોય છે. કબીર, નાનક, મીરાં, નરસિંહ વગેરેને આ કક્ષામાં મૂકી શકાય. આવી પરાવાણી પ્રગટાવનારી ગંગાસતી અને તેમની આજીવન સહેલી પાનબાઈની કથા પણ જાણવા મળે છે.

ગંગાસતીએ પાનબાઈને લક્ષ્ય, કરીને બાવન દિવસો બાવન ભજનો સંભળાવેલા તે જ આ 'પરાવાણી' બની ગયાં. આજે કેટલાય ભજનિકો રાગ - રાગિણીથી જ્યારે આ ભજનો લલકારે છે અને વિશાળ જન્મમેદની મંત્રમુગ્ધ થઈને સાંભળે ત્યારે રૂંવાડા ઊભાં થઈ જાય છે. પરાવાણીને સંગીતનો સાથ મળે તો મડદાં બેઠા કરવાની તાકાત આવી જાય.

કહળસંગ બાપુ, પાનબાઈ અને ગંગા સતી આ ત્રણેય ઘરયોગી હતા, વનયોગીઓ ગુફાયોગીઓ અને હિમાલય યોગીઓ કરતાં પણ આવા ઘરયોગીઓ મહાન કહેવાય. કળ સંગ બાપુના દેહત્યાગ પછી ગંગાસતીએ પાનબાઈને લક્ષ્ય કરીને બાવન દિવસો સુધી આ બાબત ભજનો સંભળાવેલા તે જ 'પરાવાણી' બની ગયાં. આ એજ અમરવાણી છે.

♦♦♦

પુસ્તકનું નામ : **ગાંધીજીની કહાણી**
લેખક : મૂળલેખક - લૂઈ ફિશર
અનુવાદક : સોમાભાઈ પટેલ અને
મગનભાઈ નાયક
પ્રકાશક : અક્ષરભારતી પ્રકાશન
૫, રાજગુલાબ વાણિયાવાડ,
ભુજ - ૩૭૦૦૦૧.
ફોન નં. : ૦૨૮૩૨-૨૫૫૬૪૯
૨૩૦૧૪૩
મૂલ્ય : રૂા. ૫૦/- પાના : ૨૫૬
સંશોધિત આવૃત્તિ : ૨૦૧૭




મહાત્મા ગાંધીજીનું જીવન મહાસાગર જેવુ વ્યાપક અને ગહેરું છે. નાના પુસ્તકમાં લેખકે સઘળી મહત્વની ઘટનાઓ સમાવવાનો પ્રયત્ન કર્યો છે.


પ્રસ્તુત, પુસ્તક ત્રણ ભાગમાં વિભાજિત છે. પહેલો ભાગ છે 'અંત અને આરંભ' - જે નાટકીય રીતે તેમના મૃત્યુથી શરૂ થાય છે. અને પછી સંક્ષેપમાં જન્મ, ઈંગ્લેન્ડમાં અભ્યાસ અને દક્ષિણ આફ્રિકામાંના તેમના કામ સુધી વિસ્તરે છે. બીજો ભાગ 'ગાંધીજી ભારતમાં' - તેમાં

દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી ભારતમાં આવી સ્વાતંત્ર્યની લડતનું નેતૃત્વ કરે છે. સાથે પ્રજા જાગૃતિ અને પ્રજાનિર્માણનું કાર્ય કરે છે, તેની વાત લઈને આવે છે અને ત્રીજો ભાગ 'બે રાષ્ટ્રોનો ઉદય' - માં ભારત વિભાજનની પીડાભરી -દુઃખભરી કથની તેમજ ગાંધીજીની નોઆખલીની યાત્રા અને તેમના અંતિમ દિવસોની વાત હૃદયસ્પર્શી રીતે મૂકે છે. આમ આ નાના પુસ્તકમાં પણ ગાંધીજીનું સમગ્ર જીવન, તેમના સત્ય-અહિંસાદી જીવતરમાં પ્રત્યક્ષ કરવાના મહાન પ્રયોગો, વિદેશી સરકાર સાથેનો તેમનો દીર્ઘકાલીન સંઘર્ષ, ભારતના સુપ્ત જીવન જાગૃતિના પ્રયાસો-પ્રાણસંચાર અને તેમના સેવાકાર્યોમાંથી પ્રગટતો માનવતાનો અદભુત ઉદ્ઘોષ પ્રગટે છે.

પ્રસ્તુત પુસ્તક 'ગાંધીજીની કહાણી' વાંચનાર શાશ્વત પ્રકાશના અજવાળે સ્વ અને સર્વના શ્રેયાર્થે રાહ કંડારી શકશે તેવી અટલ શ્રદ્ધાનો ઉન્મેષ અનુભવાય છે.

♦♦♦

પુસ્તકનું નામ : **સ્પર્શના**
લેખક/કવિ : મુનિ રાજસુંદરવિજય
પ્રકાશક પ્રાપ્તિસ્થાન : શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ કાર્યાલય, વાસણવાળા કમ્પાઉન્ડ, વિશ્વનંદિકર જૈન દેરાસર સામે, ભગવાન નગરનો ટેકરો, અરૂણ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૭.
મો. ૯૪૨૬૦૧૦૩૨૩
મૂલ્ય : રૂા. ૮૦/- પાના : ૧૦+૧૧૮
આવૃત્તિ : પ્રથમ




મુનિશ્રી રાજસુંદર-વિજય રચિત 'સ્પર્શના' કાવ્યસંગ્રહના કાવ્યે અછાંદસ પર નિર્ભર છે. મુનિશ્રી પાસે મજબૂત શબ્દભંડાર અને ધારદાર સંવેદના છે. છંદ્રોબદ્ધત્તાની સાથે સાથે આ પુસ્તકમાં આપણને તૃપ્તિ થાય એવું ઘણું બધું કે એક કેળવાયેલો દૃષ્ટિકોણ છે અને સ્થિતિને પારખવાની સમજણ પણ છે.


કવિની વૈચારિક ભૂમિકા સબળ છે. શબ્દરચનાની સહજતા અને સરળતા આપણને ગમી જાય તેવી છે. વિષયને દૃશ્યનો આકાર આપવાનું સાર્મથ્ય દેખાઈ આવે છે. અભિવ્યક્તિમાં ભારોભાર હળવાશ જળવાઈ છે.

મુનિશ્રી પાસે સર્જનાત્મકતાને ખપ લાગે એવું ઘણુ બધું છે એટલે તેઓશ્રી પાસે ગઝલની અપેક્ષા રાખવી એ અતિશયોક્તિ નહિ ગણાય.

જૈન સાહિત્યમાં નામકરણ વગરની આ ગઝલ પ્રક્રિયા અથવા ગઝલ પરંપરા સદી જૂની છે. અને એ પરંપરાને મુનિશ્રીને અનુસરવાની ભલામણ કરી શકાય. અને એ તેમના માટે અઘરું નથી. એમની સૂઝ અને સમજ દ્વારા ગઝલ સ્વરૂપ પ્રગટ થાય તેમ છે. અને તે ગુજરાતી ગઝલ માટે લાભદાયી પૂરવાર થઈ શકે એમ છે.

♦♦♦

પુસ્તકનું નામ : **સંતાનનું શિક્ષણ - એક સાધના** (બાળ શિક્ષણ વિશેના પ્રેરક લેખો)
લેખક : ડૉ. ઊર્મિલા શાહ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧.
ફોન નં. ૦૭૯-૨૨૧૪૪૬૬૩
મૂલ્ય : રૂા. ૧૭૦/- પાના : ૧૦+૧૯૮
આવૃત્તિ : પ્રથમ ૨૦૧૭





ડૉ ઊર્મિલા બહેને માનસશાસ્ત્રમાં ડૉક્ટરેટ કર્યુ છે અને વર્ષો સુધી બાળકોને નજીકથી જોયા છે, સમજ્યાં છે. એમની વ્યથાની કથાએ એમના હૃદયને સંવેદનાથી ભરી દીધું છે. એટલેજ પોકારી ઊઠે છે 'શું બાળકોને આપણે રોબોટ બનાવવા છે, કે જીવંત માનવ?' સંતાનનું ઘડતર એક સાધના છે' તેમ જ સંતાનનું શિક્ષણ - ભણતર પણ આજે સાધના બની ગયું છે. પાર વિનાની સમસ્યાઓથી ઘેરાયેલો વિદ્યાર્થી ક્યારેક આત્મહત્યા સુધી પહોંચી જાય છે.

બાળ ઉછેરના માર્ગદર્શન માટે પોતાના દીર્ઘ અનુભવના નિચોડ પરથી ડૉ ઉર્મિલાબહેન એક પછી એક પુસ્તક માબાપ અને શિક્ષકોને આપતાં રહે છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એમના પુસ્તકો પુરસ્કૃત થતાં રહ્યાં છે. આ પુસ્તક પણ એ વાદીનું ગૌરવ શિખર બનશે તેવી શ્રદ્ધા છે.

આજનું શિક્ષણ અટપટું અને અધરું બની ગયું છે. બીજી બાજુ ટી.વી., ઈન્ટરનેટ, સેલફોન, વૉટ્સઅપ જેવા પ્રદૂષણો વચ્ચે જીવતા સંતાનોના મગજમાં સતત ઘર્ષણો ચાલતાં રહે છે. વાલીઓએ માળી બની એને ખાતર એ પાણી સીંચવાનું છે સાથ આપવાનો છે. એટલે જ આ પુસ્તક દ્વારા આ પ્રશ્નોનો જવાબ શોધવાનો રહેશે.

♦♦♦

પુસ્તકનું નામ : **શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવક પ્રસંગો** (Miracles)
લેખક : મુનિ રાજસુંદરવિજય
પ્રકાશક : શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ સેલર, વિમલનાથ ફ્લેટ, ૨, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
મોબાઈલ : ૯૪૨૬૦૧૦૩૨૩
મૂલ્ય : શ્રદ્ધા પાના : ૨૦ + ૧૨૪
આવૃત્તિ : દ્વિતીય




પ્યારા પ્રભુ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન વિ.સં. ૨૦૩૮માં પૂ. ગુરૂદેવશ્રીના પાવન સાન્નિધ્યમાં પ્રતિષ્ઠા થયા પછી પ્રભુનો પ્રભાવ - દિન-પ્રતિદિન વધતો જ ગયો. અનેક જીવો પ્રભુના પ્રભાવથી

ભાવિત થયાં છે. તો ઘણાં જીવોને પ્રભુની શ્રદ્ધા પણ ફળી છે. પ્રસ્તુત પુસ્તકમાં તે જ શ્રદ્ધા શબ્દસ્થ થઈ છે. પ્રભુનાં પ્રભાવનાં પ્રસંગોનું આલેખન થયું છે. તે તે પ્રસંગો લોકપ્રિય માસિક શાન્તિ સૌરભની 'પુણ્યસૌરભ' કોલમમાં ક્રમશઃ પ્રકાશિત થયા. હવે પુસ્તકાકારે પ્રકાશિત થાય છે.

સેંકડો વર્ષ પ્રાચીન આ પરમાત્માના પ્રભાવે ભૂતકાળમાં અનેક ભક્તોને પ્રભુના પ્રભાવ અને સ્વભાવના પરચા મળ્યા હશે. જે ઈતિહાસના ખૂણામાં છૂટાછવાયા આલેખાયા હશે.

અહીં એવા કેટલાંક વર્તમાન કાળનાં કિસ્સાઓ જ્યાં કયાંક પ્રભુનો પ્રભાવ પથરાયેલો જોવા મળે તો કયાક ભક્તનો ધરમૂળથી બદલાયેલા સ્વભાવ જોવા મળે છે.

પ્રભુના પ્રભાવના પ્રસંગો આપણે ત્યાં બહુજ વાંચવા-સાંભળવા મળતા હોય છે. પણ પ્રભુના પ્રભાવે સામી વ્યક્તિના સ્વભાવના પરિવર્તન દોષમાંથી ગુણવૃત્તિનો થયેલો ઉઘાડ.... એવા પ્રસંગો જોવા જાણવા મળતા નથી. આ પુસ્તકની બાળક તીર્થના પ્રસંગમાં પ્રભાવ કરતા સ્વભાવની છાંટ વધુ દેખાય છે. તીર્થનો મમ્મીપ્રત્યેનો અસભ્ય વ્યવહાર બદલાઈને સભ્યતામાં પરિણમે એજ પ્રભુનો પારસમણિ જેવો પરચો છે.

♦♦♦

પુસ્તકનું નામ : **મનોબુદ્ધિનો અંત પ્રજ્ઞાની અનુભૂતિ**


લેખક : દાદાજી ગાવંડ
શ્રી મુખે તેમની જીવન ગાથા

પ્રકાશક : દાદાજી ગાવંડ ફાઉન્ડેશન
તપોવન પોસ્ટ - બોરણે,
ઠોસેઘર રોડ, તાલુકા જીલ્લા - સતારા,૪૧૫૦૧૩,
મહારાષ્ટ્ર, ભારત

ફોન નં. ૦૨૧૬૨-૨૦૬૫૭૫/૭૬

કિંમત : રૂા. ૫૦૦/- પાના : ૩૯૮

આવૃત્તિ -પ્રથમ. ૪ સપ્ટેમ્બર - ૨૦૧૭




પરમપૂજ્ય દાદાજીની પ્રસિદ્ધ જીવનકથા ''ઈન્ટેલિજન્સ બિયોન્ડ થોટ''નો ગુજરાતી ભાષામાં અનુવાદ અમદાવાદનાં સુશ્રી છાયા ત્રિવેદીએ કર્યો છે. તેમનું આ કાર્ય પ્રશંસનીય છે.

શ્રી દાદા ગાવંડની આ જીવનકથા સમગ્ર માનસિક ક્રાંતિનો અને અંતઃકરણની શાશ્વત જ્યોત પામવાનો માર્ગ દર્શાવે છે.

સંપૂર્ણ એકાંતવાસમાં, તીવ્ર આંતરિક શોધને પરિણામે દાદાજીને એક શક્તિશાળી વિસ્ફોટનો અનુભવ થયો. જેને કારણે તેમના વિચાર મનનો ઢાંચો જ અસ્તવ્યસ્ત થઈ ગયો. એક સંપૂર્ણપણે નૂતન રહસ્યમય સ્વયં સ્ફૂરિત ઊર્જા તેમનાં અંતરંગમાં કાર્યરત બનીને તેમના મગજ કોષનું પરિવર્તન કરતી રહી. તેનું સમગ્રલક્ષી વર્ણન દાદાજીએ આ પુસ્તકમાં દર્શાવ્યું છે. એ ઉચ્ચ આયાની ઊર્જા વિચાર મનના સ્તરથી પર થઈને કાર્યાન્વિત બની રહી.

ચૈતન્યની એ ગૂઢ આયામી ગતિવિશે દાદાજીએ અહીં વિસ્તારપૂર્વક વિવરણ કર્યુ છે.

જિજ્ઞાસુ, સમાજસેવક, મનોવૈજ્ઞાનિક, તત્વજ્ઞ કે અન્ય કોઈપણ પ્રકારના જિજ્ઞાસુને આ અંર્તયાત્રા તેના પ્રવાસી બનવા માટે ઉત્સુક બનાવશે. આ ગ્રંથ એક સોનેરી સૂત્ર સમાન છે. કે જે આપને સ્વયંના અંતરંગ સાથે આપના અંતરાત્મા સાથે, પોતાના જીવનના સ્રોત સાથે જોડી દે છે.

**નીચેના બે પુસ્તકો વિનામૂલ્યે શ્રી મહેશભાઈ મહેતા તરફથી આપવાના છે.**

**પુસ્તકનું નામ :**

**(૧) શ્રી ચોવીસ તીર્થંકર ભગવંતોનું મહાપુરાણ**
**લેખક: હરિલાલ જૈન**

**(૨) આપણાં ભગવંતો ચોવીસ તીર્થંકર**

આ બંને પુસ્તકો સ્ટોક હશે ત્યાં સુધી ભેટ આપવામાં આવશે.

**પુસ્તકો મેળવવાનું સરનામું :**

સંપર્ક : જી-૨૯, દાદર મનીષ માર્કેટ, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (વેસ્ટ), રેલ્વે સ્ટેશનની બાજુમાં, ફોન. નં. ૯૮૬૯૯૭૨૮૨, ૦૨૨૨૪૩૮૦૭૧૨ અન્યથા મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસ પર પણ ફોન કરીને મેળવી શકો છો.

સંપર્ક : રાજ શાહ (સંપર્ક બપોરે ૧૨ થી ૫.૩૦ સુધી કરી શકાશે. રવિવારે બંધ.)

**મનન**

મન હોય
પછી જ મનન થાય.
મન ન હોય
તો મનન થાય જ નહીં
(શબ્દોમાં પણ લખી જોજો.)

**ધર્મલાભ**

સંયમી જીવો
'ધર્મ'ને લાભ માને છે.
જ્યારે
સંસારી જીવો
'લાભ'માં ધર્મ માને છે.

સંકલન : 'તારલા'
**લેખક : આ.વિ. રાજહંસસૂરિ મ.સા.**

# જ્ઞાન-સંવાદ

આ વખતે વર્ધમાન મહાવીર અને ઈન્દ્રભૂતિ ગૌતમ વચ્ચેના પ્રશ્ન-ઉત્તર મૂક્યાં છે.

**જે પુસ્તકના સંપાદક : જિતેન્દ્ર બી. શાહ,**

**પ્રકાશક - શ્રુતરત્નાકર, અમદાવાદ.**

**ગૌતમ** - 'હે ભગવન! કેટલાક અન્ય સંપ્રદાયીઓ કહે છે કે શીલ જ શ્રેય છે, બીજા કહે છે કે શ્રુત જ શ્રેય છે, ત્રીજા કહે છે કે અન્યોન્ય નિરપેક્ષ શીલ અને શ્રુત શ્રેય છે. તો હે ભગવન્! તેમનું કહેવું બરાબર છે?'

**પ્રભુ મહાવીર** - 'હે ગૌતમ! તે તે લોકોનું કહેવું મિથ્યા છે. ચાર પ્રકારના પુરુષો છે.'

(૧) શીલસંપન્ન પણ શ્રુતસંપન્ન નહીં, તે પાપથી નિવૃત્ત પણ ધર્મ જાણતા નથી.

(૨) શીલસંપન્ન નથી પણ શ્રુતસંપન્ન છે, તે પાપથી અનિવૃત્ત પણ ધર્મ જાણે છે.

(૩) શીલસંપન્ન અને શ્રુતસંપન્ન છે, તે પાપથી નિવૃત્ત અને ધર્મ જાણે છે.

(૪) શીલસંપન્ન નથી શ્રુતસંપન્ન નથી, તે પાપથી નિવૃત્ત નથી અને ધર્મથી અજ્ઞાત છે.

એટલે (૧) અંશતઃ આરાધક (૨) અંશતઃ વિરાધક (૩) સર્વાંશે આરાધક (૪) સર્વાંશે વિરાધક છે.

અન્ય કેટલાક પ્રસંગો :- (૧) શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના શ્રી કેશીકુમાર શ્રમણ સાથે શ્રી ગૌતમસ્વામીનો સંવાદરૂપે વાર્તાલાપ. પરિણામે શ્રી પાર્શ્વપ્રભુના શ્રમણો તથા શ્રમણોપાસકો પ્રભુ મહાવીરના સંઘમાં જોડાયા. અર્થાત્ ૪ યામને બદલે ૫ યામનો સ્વીકાર કર્યો. (યામ એટલે મહાવ્રત) 'શ્રમણો શ્વેત વસ્ત્ર જ રાખે (રંગીન નહીં)' નિયમ સ્વીકાર્યો.

(૨) ૪ જ્ઞાનના ધણી શ્રી પ્રથમ ગણધર આનંદ શ્રાવકને 'મિચ્છામી દુક્કડમ્' દેવા ગયા.

(૩) અતિમુક્તક કુમાર સાથે વાતચીત, પરિણામે બાળક અતિમુક્તકની દીક્ષા અને કેવળજ્ઞાન નવ વર્ષે.

(૪) પૃષ્ઠચંપાના રાજા ગાંગલિ તેમનાં માતા-પિતા પિઠર યશોમતીની દીક્ષા; ત્યાંથી ભગવાન પાસે જતાં રસ્તામાં જ સાધુ શાલ-મહાશાલ જે ગાંગલિ રાજાના મામા છે તે બંને તથા આ ત્રણેને કેવળજ્ઞાન થયું - પાંચેયને કેવળજ્ઞાન.

(૫) ઉદક પેઢાલપુત્ર - શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્ગ્રંથ સાથે શ્રાવકના પહેલા અણુવ્રત સંબંધી વાર્તાલાપ. પેઢાલપુત્ર શ્રી મહાવીર પ્રભુના સંઘમાં જોડાયા એટલે પ્રભુ મહાવીરની પરંપરામાં પ્રવેશ્યા.

(૬) હાલિક ખેડૂતે ગુરુ ગૌતમસ્વામી પાસે રાજી થઈ દીક્ષા લીધી, પણ ભગવાનને જોતાં જ ભાગી ગયો. ભગવાનને ભ્રમ ભાંગ્યો કે તે પૂર્વભવમાં સિંહ હતો. તેને મેં (ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં) મારી નાખેલ તેને તેં (સારથી-ગૌતમ સ્વામીનો જીવ) આશ્વાસન આપેલ તેથી તારા ઉપર ભક્તિરાગ, અને મને જોઈને વૈરીથી ભાગી ગયો, પણ સમકિત પ્રાપ્ત કરી ગયો.

(૭) અને એક વિશેષ... દેવશર્મા વિપ્ર સરળ પરિણામી, ધર્મનો ઈચ્છુક, તેને પ્રતિબોધ કરવા ભગવાનની આજ્ઞાથી ગયા. દેવશર્મા પ્રતિબોધ પામ્યો. પાછા વળતાં પ્રભુના મહાનિર્વાણની વાત જાણી, ખેદ, વેદના, વલવલાટ અને રાગમાંથી વૈરાગ્ય ને વૈરાગ્યથી વીતરાગ, કેવળજ્ઞાન, કેવળદર્શન પામ્યા. દેવોએ મહિમા કર્યો.

'ત્રૈલોક્ય બીજં પરમેષ્ઠિ બીજં, સદ્જ્ઞાન બીજં જિનરાજ બીજં;
યન્નામચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે।।' - અષ્ટક

**પંડિત ઈન્દ્રભૂતિ મિથ્યાત્વી કેમ? :** પોતે સર્વજ્ઞ નહીં હોવા છતાં સર્વજ્ઞ કહેવરાવતા હતા.

**સર્વજ્ઞ કેમ નહીં? :** પોતાને શંકા હતી તે છુપાવતા હતા. સર્વજ્ઞને શંકા હોય નહીં.

**શી શંકા હતી? :** જીવ છે કે નહીં? તે શંકા હતી. (જીવનું અસ્તિત્વ ન સ્વીકારે તે પણ મિથ્યાત્વ કહેવાય.)

**શંકા શા આધારે હતી? :** 'વેદ-પદનો અર્થ એહવો કરે મિથ્યારૂપ રે...' (દિવાળી દેવવંદન સ્તવન). વેદવાક્ય - 'વિજ્ઞાનઘન એવ...'નો અર્થ કરતાં જીવના અસ્તિત્વની શંકા થઈ.

**શંકા શી રીતે દૂર થઈ? :** પ્રભુએ તેનો સાચો અર્થ કરી બતાવ્યો. 'શ્રીમુખે સંશય સામિ સવે ફેડે વેદ પએણ તો.' (શ્રી ગૌતમસ્વામીનો રાસ) અને પછી તો...

''માન મેલ્હી મદ ઠેલી કરી, ભક્તિએ નામ શિશ તો;
પંચસયાસું વ્રત લીઓએ, ગોયમ પહેલો સીસ તો.'' (રાસ-૨૨-૨૩)

અને સાથે જ ગણધરલબ્ધિની પ્રાપ્તિ, સમ્યક્ત્વની પ્રાપ્તિ, દ્વાદશાંગીની રચના વગેરે અને ગુરુ ગૌતમસ્વામી પ્રથમ ગણધર બન્યા.

**તેમના ભાઈઓ પણ ગણધર છે? :** હા, બંને ભાઈઓ (૧) અગ્નિભૂતિ અને (૨) વાયુભૂતિ અનુક્રમે બીજા-ત્રીજા ગણધર છે.

**તેમને પણ શંકા હતી? શી? :** હા, કર્મ છે કે નહિ? જીવ-શરીર એક જ છે કે ભિન્ન?

**તે શંકાઓ પણ ભગવાનથી દૂર થઈ? :** હા, બંનેને ભગવાનથી જ શંકાઓનું નિવારણ થયું અને પ્રવજ્યા અંગીકાર કરી.

**બંનેને કેટલા શિષ્યો? :** દરેકને ૫૦૦-૫૦૦ શિષ્ય હતા, અને સર્વ શિષ્યો સાથે જ દીક્ષિત થયા.

એમ ત્રણ ભાઈઓ, ત્રણ ગણધરો, ત્રણેને એક-એક શંકા, ત્રણેને ૫૦૦-૫૦૦ શિષ્યો, ત્રણેના ગુરુ ભગવાન મહાવીર એક જ.

આવા ૪ જ્ઞાનધારક, પ્રથમ ગણધર, લબ્ધિવંત, જેને દીક્ષા આપે તે કેવળજ્ઞાન પામે, સર્વના ગુરુને પણ પ્રભુ 'મા સમયં ગોયમ પમાયએ' ગૌતમ, એક સમય પણ પ્રમાદ કરીશ નહીં - એમ કહેતા, ને વિનયવંત ગુરુ ગૌતમસ્વામી તેને આવકારતા, સ્વીકારમાં પ્રફુલ્લ બનતા.

**અનંત લબ્ધિમાન ગુરુ ગૌતમે લબ્ધિનો ઉપયોગ કેટલી વખત કર્યો ? શા માટે અને ક્યાં કર્યો ? :** ફક્ત બે જ વખત. મોક્ષ જવાની તાલાવેલી હતી. તે ખાતરી કરવા અષ્ટાપદે પહોંચ્યા તે એક વખત અને ખીરને અખૂટ કીધી તે બીજી વખત. એમ બે જ વખત લબ્ધિનો ઉપયોગ કર્યો અને કહેવાય છે કે ઉપયોગ તો એકે વખત મૂક્યો નથી. ખરા વિનીત !

**જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાન થાય તેવી લબ્ધિ બીજા કોઈ ગણધરને હતી ? :** ના, જાણવામાં નથી આવ્યું, ચોવીસે તીર્થંકર પરમાત્માના ૧૪૫૨ ગણધરો પૈકી બીજા કોઈને આવી લબ્ધિ ન હતી.

આપણે પણ તેઓશ્રી પાસે દીક્ષિત થયા હોત તો કેવળી થઈ મોક્ષસ્થાને હોત.

❑❑❑

પુસ્તક મેળવવા માટે સંપર્ક કરો : શ્રુત રત્નાકર, અમદાવાદ


## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૯ |
| ૩૪. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૦. | Inspirational Stories of Shravak | ૫૦ |
| ૪૧. | **રમાબેન વિનોદભાઈ મહેતા લિખિત** જૈન તત્ત્વનું સંક્ષિપ્ત વિવરણ | વિના મૂલ્ય |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે. નં. ૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બેંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટ બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# Jaina Concept of Aparigraha

Prof. Sagarmal Jain

**Aparigraha is the Need of our Age**

We are living in the age of science and technology. The advancement in our scientific knowledge has removed our religious superstitions and false dogmas. But unfortunately and surprisingly, side by side, it has also shaken our mutual faith, and faith in moral virtues as well as religio-spiritual values. The old social and spiritual values of life, acting as binding on humanity and based on religious beliefs, has been made irrelevant by scientific knowledge and logical thinking. Till date, we have been unable to formulate or evolve anew value structure, so necessary for meaningful and peaceful living in society, based on our scientific and logical outlook. We are living in a state of total chaos. Infect, the present age is the age of transition, old values have become irrelevant, and new ones have not been yet established. We have more knowledge and faith in atomic structure and power than the values needed for meaningful and peaceful life. Today, we strongly rely on the atomic power as our true rescuer, and discard thereligio-spiritual values as mere superstitions. Mr. D.R. Mehta rightly observed, "In the present day world with religion getting separated from daily life and spreading commercialization killing (violence) has increased many fold and sensitivity to (other) life whether animal or human has declined in proportion." For us human being is either a compiled machine or at least a developed animal, governed by his instincts endowed with some faculties of mechanical reasoning. Thus, we have developed a totally materialistic and selfish outlook.

The advancement in all the walks of life and knowledge could not sublimate our animal and selfish nature. The animal instinct lying within us is still forceful and is dominating our individual and social behavior and due to this our life is full of excitements, emotional disorders and mental tensions. The more advanced a nation, stronger the grip of these evils of our age over it. The single most specific feature by which our age may be characterised is that of tension. Now a day not only the individuals, but the total human race is living in tension.

Though outwardly we are pleading for Aparigraha and non-attachment yet by heart we still have strong faith in the law of the jungle, i.e. the dictum-'might is right. We are living for the satisfaction of our animal nature only, though we talk of higher social and spiritual values. This duality or the gulf between our thought and action is the sole factor disturbing our inner as well as outer peace. Once the faith in higher values or even in our fellow beings is shaken and we start seeing each and every person or a community or a nation withthe eyes of doubt, definitely, it is the sign of disturbed mentality.

Because of materialistic and mechanical outlook our faculty in faith has been destroyed and when the mutual faith and faith in higher values of co-operation and co-existence is destroyed, doubts takne pace. The doubt causes fear, fear gives birth to violence and violence triggers violence. The present violence is the result of our materialistic attitude and doubting nature. The most valuable thing, human race has lost in the present age, is none other than peace.

Science and technology has given us all the amenities of life. Though due to the speedy advancement in science and technology nowadays, life on earth is so luxurious and pleasant as it was never before yet because of the selfish and materialistic outlook and doubting nature of (man, which we have developled today, nobody is happy and cheerful, We are living in tension all the times and deprived of, even a pleasant sound sleep. The people, materially more affluent having all the amenities of life, are more in the grip of tension. Medical as well as psychological survey reports of advance nations confirm this fact. Tendency to consume alcoholic and sedative drugs is increasing day by day. It also supports the fact that we have lost our mental peace at the cost of this material advancement. Not only this, we have also been deprived of our nature way of living S. Bothara maintains "What unfortunately has happened is that the intoxication of ambition and success has made us forget even the natural discipline, which we, inherited from tha animal Because of the development of mental faculties

we have not only denied to accept social or religious check post but we also have denied natural checks. Now our life-cart has only accelerator, no break. Our ambitions and desires have no limits. They always remain unfulfilled and these unfulfilled desires create frustrations. These frustrations or resentments are the cause of our mental tension. Due to the light legged means of transportation, physical distances are no bars to meet the peoples of different nations, cultures and religions and thus, our world is shrinking. But unluckily and disdainfully because of the materialistic and selfish outlook, the distance of our hearts is increasing day by day. Instead of developing mutual love, faith and co-operation we are spreading hatred, doubt and hostility and thus deprived of peace, mental as well as environmental, the first and foremost condition of human living. Rabindra Nath Tagore righly observes, "For man to come near to one another and yet to continue to ignore the claims of humanity is a sure process of suicide.

Smt. Ramala Jain observes yet not only this, we are claiming the superiority of our own caste, creed and culture over others and thus throwing one class against the other. Now, not only in India but all over the world class-conflicts are becoming furious day by day and this disturbing the peace and harmony of human society.

Jainism, from its inception, accepts the oneness of human race and oppose these man made divisions of caste and creed. Lord Mahavira declared that human race is one[11]. He further says that there is nothing like inferiority and superiority among them. All men are equal in their potentiality. None is superior and inferior as such. It is not the class but the purification of self or a good conduct that makes one superior[12]. It is only through the concept of equality and unity of mankind, which Jainism preached from the very beginning, that we can eradicate the problem of disintergration and class-conflict. It is mutual faith and cooperation which can help us in this regard. Jaina acaryas hold that it is not the mutual conflict but mutual co-operation, which is the law of living. In his work Tattvartha sutra, Umasvati maintains that mutual cooperation is the essential nature of human being[13]. It is only through mutual faith, co-operation and unity that we can pave the way to prosperity and peace of manking. Jainas believe in the unity of mankind, but unity, for them doesn't mean absolute unity. By unity they mean an organic-whole, in which every organ has its individual existence but works for a common goal. i.e. human good. For them unity means, 'unity in diversity'. They maintain that every race, every religion and every culture has full right to exist, with all its peculiarities, but at the same time, it is its pious duty to work for the welfare of the whole humanity and be prepared to sacifice its own interest in the larger interest of humanity. In the Jaina text Sthanarigasutra we have the mention of Gramadharma, Nagaradharma, Rastradharma etc.[14] refering to one's duty towards one's village, city and nation that has to be fulfilled.

**Problem of Economic inequality and Consuner's Culture**

Economic inequality and vast differences in the mode of consumption are the two curses of our age. These disturb our social harmony and cause class-conflicts and wars. **Among the causes of** economic inequality, the will for possession, occupation or hoarding are the prime. Accumulation of wealth on the one side and the lust of worldly enjoyment of the other, are jointly responsible for the emergence of present-day materialistc consumer culture. A tremendous advancement of the means of worldly enjoyment and the amenities of life has made us crazy for them. Even at the cost of health and wealth, we are madly chasing them. The cast differences in material possession as well as in the modes of consumption have divided the human race into two categories of 'Haves' and 'Have-nots'. At the dawn of human history also, undoubtedly, these classes were existent but never before, the vices of jealousy and hatred were as alarming as these are today. In the past; generally these classes were cooperative to each other while at present they are in conflicting mood. Not only disproportionate distribution of wealth, but luxurious life which rich people are leading these days, is the main cause for jealousy and hatred in the hearts of the poor.

Though wealth plays an important role in our life and it is considered as one of the four Purusarthas i.e. the pursuits of life, yet it cannot be maintained as the

sole end of life. Jainas, all the time, consider wealth as a means to lead a life and not a destination. In *Uttaradhyayana sutra* it has been rightly observed "that no one that is unaware of treasurer of one's own protects one-self by wealth. But it does not mean that *Jaina acaryas* do not realise the importance of wealth in life. *Acharya Amratacandra* maintains that the property or wealth is an external vitality of man. One who deprives a person of his wealth commits violence. *Jainas* accept the utility of wealth, the only thing which they want to say is that wealth is always a means and it should not be considered as an end. No doubt wealth is considered as a means by materialist and spiritualist as well, the only difference is that for materialist it is a means to lead a luxurious life while for spiritualist, as well as *Jainas*, it is a means to the welfare of human society and not for one's own enjoyment. The accumulation of wealth in itself is not an evil but it is the attachment towards its hording and lust for enjoyment, which makes it an evil. If we want to save the humanity from class-conflicts, we will have to accept self imposed limitation of our possessions and modes of consumption. That is why *Lord Mahavira* has propounded the vow of complete non-possession for monks and nuns and vow of limitation of possession for laities. Secondly, to have a check on our luxurious life and modes of consumption. He prescribed the vow of limitation in consumption. The property and wealth should be used for the welfare of humanity and to serve the needy, he prescribed the vow of charity named as *Atithi samvibhaga*. It shows that charity is not and obligation towards the monks and weaker sections of society but through charity we give them what is their right. In Jainism it is the pious duty of a householder to fix a limit to his possessions as well as for his consumption and to use his extra money for the service of mankind. It is through the observation of these vows that we can restore peace and harmony in human society and eradicate economic inequality and class conflicts.

**Problem of the Preservation of Ecological Equilibrium**

The world has been facing a number of problems such as mental tension, war and violence, ideological conflicts, economic inequality, political subjugation and class conflicts not only today but from its remore past. Though some of these have assumed and alarming proportion today, yet no doubt the most crucial problem of our age is, or for coming generation would be, that of ecological disbalance. Only a half century back we could not even think of it. But today every one is aware of the fact that ecological disbalance is directly related to the very survival of human race and it is due to the economically unlimitted using of the natural gitter air, water etc. Jainism is opposed to them.

**Non-attachment means Regard for Other's Necessities**

As I have already mentioned that most burning problem of our age is the problem of mental tensions. The nations, who claim more civilised and economically more advanced, are much more in the grip of mental tensions. The main objective of jainism is to emancipate man from his sufferings and mental tensions. First of all we must know that what is the cause of these mental tensions. For, Jainism, First of all we must know that what is the cause of these mental tensions. For, Jainism, the basic human sufferings are not physical, but mental. These mental sufferings or tensions are due to the our attachment towards worldly objects. It is the attachment, which is fully responsible for them. The famous text *Uttaradhyayana-sutra (32/9)* mentions, "The root of all sufferings physical as well as mental. of everybody including gods, is attachment towards the objects of worldly enjoyment." It is the attachment, which is the root cause of mental tensions.

If mankind is to be freed from mental tensions it is necessary to grow a detached outlook in life. Jainism believes that the lesser will be the attachment the greater will be the mental piece. It is only whem attachment is vanished; the human mind will be free from mental tensions and emotional disorders. Jainism preaches the vow of complete non-possession for the ascetics and the vow to limit one's own possession for the house-holders, which are technically called as *aparigraha-mahavrata* and *parigrahaparimana-vrata* respectively.

**Aparigraha The Human Solution**

Our age is the age of science and technology. Science and technology have done a great service to the mankind by providing amenities of pleasant living;

scientific discoveries have enabled man to master Nature. But, now, man is showing the defects of 'slave turned master.' The scientific achievements and mastery over the nature have turned man into a selfish being open to temptation. Selfishness and temptation have eroded our spiritual and moral values of self sacrifice and service to the needy. In their place 18 till mad scramble for power and wealth, a mad race that has end angered our social institutions, these values can survive only if we check our selfish and greedy attitudes. Lord Mahavira in Uttaradhyayana Sutra has rightly observed 'wheere there is inner desire for material gain and possession of worldly objects of enjoyments, there is greed. The limitless desire for power and wealth has caused man to lose his sense of respect for others. This attitude, in turn, has created a gulf between haves and have notes, and this has resulted in the loss of mutual faith ans sense of brotherhood. The desire for power and possession has also given birth to the race for atomic weapons. This desire to accumulate more power and wealth is called 'parigraha'. and not to accumulate power and possession beyond minimum requirement constitutes the principle of aparigraha, a constituent of paficayama of Lord Mahavira's philosophy. Though Mahavira has laid Stress on the principle of non-violence (ahimsa) yet, he also observed that in the root of all violence and war there is the lust for power and possession. Therefore, in order to restore peace and brotherhood mid to uproot violence we will have to develop mutual faith and Sense of security. Everyone has right to use the, gift of the nature, but has no right to deprive others of using gifts.

In Jainism and Patanjali-yoga system the principle of non-possession (aparigraha) is accepted as fifth vow, but if viewed seriously it is the first basic principle, Jaina thinkers are of the view that if this very principle is violated all other vows automatically becomes violated because as the root of violence and theft there is lust for power and possession.

According to Uttaradhyayana Sutra the root of al mental and physical and mental suffering is the desire for worldly enjoyment, therefore only detachment from the worldly enjoyment can put an end to suffering. While materialism seeks to eliminate suffering by fulfilment of human desire it cannot eradicate the primal cause from which the stream of suffering wells up. Materialism does not have an effective means to quench the thirst for possession of worldly objects. It only attempts at temporary appeasement of a yearning, and this has the opposite effect of causing the desire to flare up like fire fed by an ablation of butter. Uttaradhyayana stales: Even if an infinite number of mountains of Gold and silvers, each as large as the Kailasa are conjured up, they would not be able to satisfy the human desire for possessions because the desire is as infinite as the sky.

The concepts of aparigraha do not forbid an individual to fulfil his basic needs such as hunger, thirst, etc. The fundamental message of this principle is to eradicate the desire for power and possessions and lust for sensuous enjoyments. This principle also makes us aware of every living beings right to nature's bounty. It questions the very concept of possession, for possession implies denying and depriving the others of their right to that which is possessed. This truth is stated in Mahabharata too: so for as fulfilment of on;es organic need is concerned everyone has the right to use the gifts of nature but one who tries to take possession of them and deprives others from them, is a thief.

Jainism is not alone in its belief that the root cause of suffering is attachment towards worldly objects and lust for their enjoyment. All spiritual traditions are agreed on this. In Dasavaikalika, aparigraha is defined as amurcha i.e. the detachment. Tattvarthasutra of Umasvati also supports this view. Amrtacandra also points out that he who is unable to root out the lust for enjoyment and attachment to his belongings, cannot be said to have been established in the vow of non-possession, and even if he gives up all his belongings, hi real sense attachment is an obstacle in the way of emancipation. Attachment is born out of 'mineness' which ultimately binds the soul. All misteries suffered by the self are born of attachments towards the alien associations and so it is imperative to abandon the sense of 'mineness' with regard to these external objects.

Jainism regards abandoning of 'I and mine sense' and attachment as the only way for self-realisation.

As long as there is attachment, one's attention is Iked not on self (soul), but on not-self, i.e. material objects. Materialism thrives on tills objects-oriented attitute or indulgence in the not-self, According to Jaina philosophers, the identification with the not-self and regarding worldly objects as a source of happiness are the hallmarks of materialism. It is true that by detached attitude one can free oneself from his mental as well as physical suffering. Jainism maintains that the attachment is responsible for all our worldly sufferings. The most intense vasanais called granthi which is nothing but a deep attachment towards worldly objects and a desire for their enjoyment. The classical term for Janism is Nigganthadhamma, The term nigganthameans one who has unknotted his hrdaya-granthi, or one who has eradicated his attachments and passions. The term 'Jaina' also conveys the same meaning; a true Jaina is one who has conquered his passions. Mahavira says the attachment towards sensuous objects is the root of our worldly existence. The five senses along with anger, conceit, delusion and desire are difficult to conquer, but when the self is conquered, all these are completely conquered. There is a vicious circle hi the origin of desire and delusion, desire is produced by delusion and delusion by desire. Attachment and hatred are the seeds of karma which have delusion as their source. Karma is the root of birth and death which is the sole cause of misery.

Aparigraha, one of the five Pancasilasis truly apart of universal ethics. Its role in restoring peace and harmony in the world cannot be neglected. It is needed to be closely associated with modern society, its economic growth, environment preservation consuming 'too much' or possessing 'too much' has become an object of social concern as this is a real threat to the social environment, Aparigraha is the solution as it means limiting consumption and acquisition.

The author of present title Dr. Kamla Jain has beautifully discussed these problems with their solution. In the first chapter of the book she has discussed consumerism as anti-human goal with various aspects of consumerism Mid their possible dangerous consequences, She has also thrown light on the different ways of controlling consumerism by establishing a solution in ichha-parimana (limiting one's desires). To substantiate her views she has cited the views of eminent thinkers and scholars. She has laid stress on co-ordination of science, technology and economics with ethics.

In second chapter Dr. Jain has expressed concern over environmental degradation. She traces the march of science and technology and shows how man has learnt to control nature to suit his purposes. But nature has also provided man with the capacity to think and to understand that nature's gifts are to be used intelligently. Conservation of natural resources is as important as their exploitation. She suggests proper environmental education and the establishing of agencies and institutions which can play an effective role in preservation and development of environments resources. In this context apart from discussing environmental degradation, she has tried to view the ecological issue from spiritualistic angle. She writes, "It is to be addressed to the people that mass rape of nature can be resisted only with spiritual strength. Our spirituality does not permit us to exploit nature for our self chosen purposes (p-69). For this to happen the author suggests the three fold practical ethics with (i) concept of co-existence (ii) concept of contentment (iii) concept of making best use of available resources.

Dr. Jain also point out that aparigraha is are a listic practical and rational principle with solid foundation in our social system. Defining various shades of aparigraha she stresses that it is murcha or asakti that is in the root of all possessions, internal or external.

This book helps us to realize that aparigraha, ichha-parimanais not as abstract philosophy but it is a vision of life, providing us with the solution to number of problems that society is facing today.

Dr. Jain's first book "The Concept of Pancasila in Indian Thought" published from our Institute in 1983 was welcomed by serious scholars of Indology from India and abroad.

In the present work she has analysed the concept of aparigraha in context of present day problems. In my opinion this work is a significant contribution in the field of socio-ethical studies. I am sure that the book will be well received by scholars as well as researchers. I must express my gratitude to Dr. Kamla Jain for approaching me to write the 'Forword' to this work. ❑❑❑

# Legitimate Dialect and Virtuous Speech!

**Prachi Dhanvant Shah**

The month of January is very endearing to my soul as this is the month when we celebrate my legendary hero, my father Dr. Dhanvant Shah's birthday. Papa, hailing with an intertwine childhood was unaware of his actual birthday, and so, for many years, he celebrated his birthday on different dates in January. Finally, when we three siblings were wise enough, picked up one date - 5th January and gave Papa a new birth date. January 5th, the most precious day of my life! And this invokes me to share my thoughts on the subject that was so very substantial for papa, and that is "right speech". As children, we were always enforced to dispel right speech with etiquettes. If we wanted to see Papa happy with us, we had to clasp ourselves to this fundamental precept and, so we always did. This reminds me of an incident of my childhood to share with you. In our growing age, we siblings were articled to receive phone calls whenever anyone called up at our residence in presence or absence of papa. But the way we were to answer phone calls, was very challenging for us at that time. We were to use a very definitive dialect for the same. "*Hello Namaste! Aap Kaun Bolo cho?" (Hello Namaste! May I know who is calling?)*. This statement for some reason was very embarrassing for us to speak. And so, we would push each other to receive the phone call. Eventually, me being the older one, would always feel responsible amongst us. That was not just enough. If Papa was not around, we were to say, "Please provide me your number and I would ask my papa to revert your call". It wasn't just as simple as to say, "please call after a while." Hence, receiving a phone call was a perplexity and an annoyance for us in those days. But eventually, as we matured, we realized that this simple habit of ours, of our childhood, was so very adequate for the tenacious podium of right speech today. As speech is a gizmo that reflects your culture, your integrity, and the pedestals of your clan.

The three Jewels of Jainism as known and deliberated by Bhagwaan Mahavir are Right Faith, Right Knowledge and Right Conduct. These three jewels would escort us to the path of salvation and lead our soul to the right conduit. But in today's world, we repeatedly surpass the most imperative Jewel of right conduct, that is responsible to silhouette our character and reflects our culture. The Jewel that can sparkle someone's heart or can shatter the same heart into pieces causing severe pain, causing a way of indirect violence. This jewel is the Gem known as Speech, Dialect, language...

Bhagwaan Mahavir has mentioned that 'one should not utter displeasing words that arouse ill feelings in others. One should not indulge in speech conductive to evil.' This is also considered as a hue of violence. And when Jainism is the religion of non-violence, then how can we cause this practice of violence in our daily life?

The human voice is the most powerful instrument we play, which has the most powerful voice in the world. It can edge a war or can spread peace and love with the mystical words "I love you"! It can lead to a viral misery or can soothe the deepest of a wound. Our voice led by a mode of language and speech that is echoed beholds various pitch of sounds. And these pitches of sounds that we use during our ordinary day, be it with our friends, family, at work or anywhere, imparts numerous clouts and stimulates several emotions for the person receiving your voice. Consequently, it is very much crucial and imperative to control our words, our speech and dialect. Why not find a way, to bring a wakeful quality of heart and mind, and infuse it in our ordinary moment of life? Why not be awakened about what we deliver through our speech in our day to day life? Take a moment and explore your words and speech you used today. Was your speech inadvertent even for a moment of the day? I'm sure the answer would be YES! A mindful speech is the most precious Gem we all need to treasure and pursue. And besides being mindful, a right speech that leads the speaker's attention would get people listening to you and not ignore.

Generation is changing and so is the thought process of this generation. Practical life has adapted to a rollercoaster ride, with set goals and priorities.

And in this busy life, no one has time to listen to words that are irrelevant and not vigilant. At the same time offending someone by means of speech is also a legitimate manner of violence. Everyone is just interested in listening to the speech that is for a purpose and soothes them. To reframe the same statement, allow me to put forth my standpoint, and structure the route into seven simple directions, which one must AVOID in their life.

* Judging while you are talking to someone. When we are indulging ourselves in a conversation with someone, be it anywhere, NEVER judge the person in conversation. No one likes to be judged and feel like a victim.

* **Gossip!** Never gossip and talk about a third person who is not present in a conversation. Because the fact is, after you are gone, the same person would be gossiping about you with someone else.

* **Negativity**. Do not ever talk negatively because it is very hard for someone to listen to negative talks as it would certainly not attract interest.

* **Complaining**. Just as negativity does not hold any relevance, it is certainly not significant to complain.

* **Excuses.** There is no room for an excuse for anyone to accept it. Some people have a habit of not accepting their mistakes but just blame others for their mistakes, giving excuses.

* **Exaggeration** leading to lies. Overstating a situation or a fact demeans a statement. Many times, we do so with a purpose of making our speech attractive, but the reality is, it loses the content of that statement. Which eventually leads to lying with the purpose of amplification.

* **Dogmatism,** which is a Confusion of facts with opinions. This kind of speech loses speaker's interest. When facts conflict with your opinion, it makes the speaker feel like he is listening to winds.

Consequently, for a legitimate dialect, one must follow a HAIL of principles.

**'H' – HONESTY.** Always be honest about what you deliver in your speech. Be clear in your words and straight in your talk.

**'A' – AUTHENTICITY.** Let your words be original and genuine. Hold truth in your speech.

**'I' – INTEGRITY.** Be your words. Say words which you would follow and so people can trust you.

**'L' – LOVE**. Let your words flow with love, care and concern. Wish good for everyone and say a dialect that would charm others and enlighten another heart. Spread the love with your words!

And of course, along with HAIL goes the pitch and volume of your speech. Different pitch and tone for every speech goes in a different form of deliveries. So, the consciousness of your pitch and tone is deliberately important.

History reveals that such splendid and legitimate speech from legendary personalities has bequeathed us a treasure box of scriptures, to pursue and impart our life without any dogmatism. *Shri Mahavira's* speech is engraved in devout ***Agam Shashtra***, wherein *Mahavira* has mentioned that one should not harm any living or nonliving being by means of speech as well. His teachings exclaim right conduct consists of three organs i.e. mind, body and speech. According to Jaina thinkers, equanimity of mind, body, and speech should be a directive principle of religious life. Also, as per *Buddhism*, right speech is one of the significant aspects of the noble eight-fold path. Buddha has mentioned that right Speech is one of the Five Precepts of ethical conduct. Right conduct by means of right speech is also the terrain upon which our life and our spiritual journey rest. Eventually, for all of us, the decisive goal of life is to attain happiness by means of inner peace, freedom from suffering in this lifetime and attain liberation releasing us from the cycle of birth and death.

Mindfulness is a deliberate way of practice before delivering a speech. Although, we land up being mindful only when we are practicing spiritually. And often spiritual practices are compartmentalized. We think of spiritual practices only when we are on a meditation cushion or in a spiritual zone. But besides these special moments, the huge phase of our day is covered by an ordinary zone where we are engrossed in our errands, and during this time we interact with people at work, people around, with our children or

***(Contd. on Page No. 32)***

# Jainism Through Ages

Dr. Kamini Gogri

LESSON - 4

**In this article we will study the spread of Jainism in Madhya Pradesh.**

Madhya Pradesh state is a gifted land where we can find large number of Jain pilgrimage destinations. Here we have organized a list of some of the popular Jain temples in Madhya Pradesh.

**Bundelkhand**, in the heart of India, has been an ancient centre of **Jainism**. It is mostly in modern **Madhya Pradesh**, but part of it is in **Uttar Pradesh.** Bundelkhand was known as Dasharna or Jaijakabhukti in ancient times. The **Betwa (Vetravati)** and **Dhasan (Dasharna)** rivers flow through it. It is one of the few regions in India where Jainism has a strong presence and influence. There are many ancient **tirthas** in Bundelkhand. Many of the modern scholars of Jainism are from this region. Many of the famous Jain **tirthas, Vidisha, Deogarh, Lalitpur (Uttar Pradesh), Karguanji (Jhansi), Chanderi, Kundalpur, Khajuraho, Aharji, Paporaji,** Drongir (chhatarpur), **Sonagir, Nainagiri, Pateriaji** etc. are in this region.

**Khajuraho :**

The temple of Parsvanath, dominating the walled enclosure of the Jain group, is probably older than the main temples of Khajuraho, judging by its relatively simple ground plan. Its origins are a mystery; although officially classified as a Jain monument, it may have been a Hindu temple that was donated to the Jains who settled here at a later date. Certainly, the animated sculpture of Khajuraho's other Hindu temples is well represented on the two horizontal bands around the walls, and the upper one is crowded with Hindu gods in intimate entanglements.

Among Khajuraho's finest work, they include Brahma and his consort; a beautiful Vishnu; a rare image of the god of love, Kama, shown with his quiver of flower arrows embracing his consort Rati; and two graceful female figures. A narrow strip above the two main bands depicts celestial musicians playing cymbals, drums, stringed instruments and flutes. Inside, beyond an ornate hall, a black monolithic stone is dedicated to the Jain lord Parsvanath, inaugurated as recently as 1860 to replace an image of another *tirthankara*, Adinath.

Immediately north of Parsvanath, Adinath's own temple, similar but smaller, has undergone drastic renovation. Three tiers of sculpture surround its original structure, of which only the sanctum, *shikhara* and vestibule survive; the incongruous *mandapa* is a much later addition. Inside the *garbha griha* stands the black image of the *tirthankara* Adinath himself. The huge 4.5m-high statue of the sixteenth *tirthankara*, Shantinath, in his newer temple, is the most important image in this working Jain complex. With its slender beehive *shikharas*, the temple attracts pilgrims from all over India, including naked sadhus.

**Gwalior :**

Near the Urwahi Gate at the southern entrance to the fort, the sheer sandstone cliffs around the fort harbour some imposing rock-cut Jain sculptures. Carved between the seventh and fifteenth centuries, most of the large honey-coloured figures depict the 24 Jain teacher-saviours – the *tirthankaras*, or "Crossing Makers" – standing with their arms held stiffly at their sides, or sitting cross-legged, the palms of their hands upturned.

Kundalpur is approximately twenty miles north-east of Damoh, Madhya Pradesh. With about sixty temples built m the eight and ninth century, Kundalpur is one of the most ancient and extensive Jain pilgrimage site in central India. Kundalpur is a Siddha Kshetra, which means, "Gateway to the State of Enlightenment." Two thousand steps lead to the foot of one of the peaks where several monuments of immense historical and religious significance stand amidst the breathtaking majesty of Mother Nature. Historically speaking, the development of Jainism in Kundalpur took place under the reign of the Kalchuri kings from the seventh to the thirteenth centuries. After the downfall of the Kalchuri dynasty, Jain temples, which were famous for their embellished architecture, were destroyed and abandoned. According to historical inscriptions, Bade Baba Temple was renovated in 1548, under the leader ship of Bhattraka Mahendrakirti, restoring the lost fame of Kundalpur.

Kundalpur is a place full of overwhelming natural beauty and is famous for its miraculous fifteen feet high statue of Bade Baba m Padmasana (seated posture). Kundalpur is a hilly area, semicircular m shape, and consists of sixty three temples m all, out of which forty are situated on the hill and the remaining 23 temples are scattered

throughout the valley and around the beautiful lake, Vardhaman Sagar. The temples 48 to 60 are large temples with majestic and beautiful spires. The twenty second temple on Kundalpur hill is known as Bade Baba Temple. This temple is laid out in the typical format m which the courtyard of the temple is on a raised platform, however the floor of the Garbha Griha (Inner Sanctum) is approximately at the same level as the ground level of the compound, makirig it necessary for devotees to climb a few steps to go up to the platform and then descend to the Garbha Griha.

Within this temple, the idol of Bade Baba is carved out of red sandstone and considered to be one of the rare statues of its kind in the world. On either side of Bade Baba are statues of Bhagwan Parshwanath, standing twelve feet in height. A peculiar feature of the idol of Bade Baba is that it does not exhibit a chin (identification mark) that would identify him as a specific Tirthankara. Until quite recently, the idol of Bade Baba was considered to be Lord Mahavira. Extensive research identified the two celestial beings that flank the mam statue as Gomukha Yaksha and Chakreshwary Devi, both of whom are associated with Lord Adinath, not Lord Mahavira. It was some time after this discovery was made public that the Jam. community accepted the idol of Bade Baba as the first Tirthankara, Lord Admath.

The other temple of beauty is the 49th, called Jal Mandir, an attractive temple situated in the middle of the beautiful lake, Vardhaman Sagar. The shimmering reflections of the temple spires against the cool water of the lake is a venerable feast for the worshippers.

The nearest railway station to Kundalpur, Damoh, is approximately twenty miles away and Hatta, the nearest village, is about ten miles away.

**Ujjain :**

The ancient name of ujjain city was Avantika Puskarandini and Vishala. Ujjain was the ancient capital of Malwa. During the reign of king Sudhanva, this city named as Ujjain. King Samprati, who on the advice of Acharya Aryasuhastisuri, built 1,25,000 Jain temples, installed 1,25,00,000 Jain Thirthankara idols and renovated 36,000 Jain temples was born in this city and made the city proud.

Acharya Aryasuhastisuri with his disciples came to Ujjain and stayed in Bhadra Sethani's vahanshala. Avanti Sukumal, the son of Bhadra sethani, residing on the seventh floor of his house, heard the monks reciting some stotras and he was stunned. He got Jatismaran gyan (knowledge about previous birth). He saw that he was a dev of "Nalini Gulm Viman" in his previous birth. He took Diksha immediately with his parents permission at midnight and got his gurus permission to take Santhara. He went near the Kantharika kund and stood in deep meditation. A fox saw muni Avanti sukumal and due to previous enmity killed him. His son Mahakal, under instructions of Arya Suhastisurish-varji, built this splendid temple in memory of his father 250 years after the nirvana of Bhagwan Mahavir. The idol of Bhagwan Parshvanath was installed and was called Avanti Parshvanath in his fathers honour. As this temple was built by Mahakal, it came to be known as Mahakal Chaitya. During King Pushyamitra's (a devotee of Shiva) reign, this tirth became a Mahakal Mahadev (Shiva) temple. During the reign of King vikramaditya of Ujjain Shi Vriddhivadisuri was displeased with his disciple Kumudchandra and asked him to repent for his sins by travelling incognito. Hearing his preachings, 18 kings became his followers by becoming Jains. Kumudchandra came to Ujjain and slept in the Mahakal temple by keeping his legs towards the Shivaling. He was beaten for his behaviour by the kings order but nothing happened to him. Instead, the queen was beaten. King Vikramaditya was amazed by this incident. He asked for forgiveness and the reason for this miracle. Kumudchandra started chanting the very impressive Kalyan Mandir Stotra. As he was chanting the 11th verse, a beautiful idol of Bhagwan Parshvanath appeared from the Shivalinga. King Vikramaditya was very impressed by seeing this and he became a follower of Jainism. He gave the name" Shri Siddhasen Divakar" to Kumudchandra who became a great Acharya. This Tirth became famous and Jain religion gained prominence in Ujjain. At present, there are 32 temples. Of these 5 temples are big. The temple of Adinath in the city is the oldest temple in Ujjain and has a great history. It was here that Shripal and Mainasundari worshipped Bhagwan Adinath and did Navapad Oli and Shripal was cured of his disease. There is a newly constructed temple of Manibhadra Veer also here. There is a Dadawadi opposite the Avanti Parshvanath temple.

**Bhojpur :**

Shri Shantinath Digambar Jain Atishaya Kshetra Bhojpur is situated at a distance of 30 km from Bhopal, the capital of Madhya Pradesh, State of India, surrounded by dense

forests of Vindhyachal Mountain Range. This Kshetra is famous for miraculous idol of Bhagwan Shantinath (16th Teerthankar) 22½ feet high in standing posture; this was installed here by the consent of 'King Bhoj', the famous King of 'Dhar' during 11th century. According to the inscription on idol, it was reverenced in year 1100 AD.

This Kshetra is related to 'Acharya Mantunga', who was the writer of famous 'Bhaktamar Stotra'. Acharya Mantunga's place of penance – Siddha-Shila (a flat rock) and his shrine is also here. At the place of shrine, a pair of foot images is reverenced.

Acharya Mantunga (an introduction): - King Bhoj seated on the throne of Dhara Nagari (presently city of Dhar) in year 1100 AD. Great poet 'Kalidas' was one of the members of his assembly – Royal Court. One Jain poet 'Dhananjaya' was also becoming famous those days in the city. One day King Bhoj called Dhananjaya in his royal court and get introduced with him and praised him for his poems & wisdom.

Shri Dhananjaya told the king very politely that his all wisdom & knowledge was due to his teacher (Guru) Acharya Mantunga – a Jain Muni (Saint), he said that all the knowledge is due to the blessings of Acharya Mantunga. After knowing about the praise worth Acharya Mantunga, King Bhoj desired to meet with Acharya. King Bhoj ordered his servants to bring Acharya Mantunga to his royal court with honor. At that time Acharya were staying at Bhojpur and doing Tapa (Penance) for self – realization – purification. Servants of King Bhoj reached there, prayed Acharya again & again to go with them to city of Dhara to meet their King Bhoj. But ascetic saints have no purpose in meeting with King or any other persons. So Acharya gave no reply to servants and engrossed in deep Tapa or meditation. Servants returned to King and told about their failure. So the King Bhoj became angry and he ordered to bring the Acharya forcefully in his royal court. Servants do the same and thus Acharya were brought before King Bhoj. The king praised Acharya and requested to give some religious precepts to the audience present there. But up to that time looking unfavorable situations, Acharya decided to remain silent during such conditions. So all the prayers & requests of King were all in vain, so King became angry and he ordered to his soldiers to place the Acharya in prison. Thus Acharya were placed in prison.

In the prison Acharya Mantunga started the prayer of Bhagwan Adinath (the 1st Teerthankar), thus he wrote in Sanskrit language a great poem – the 'Bhaktamar Stotra' having 48 Chhanda (Verse), this is very popular Stotra among Jains, daily recited in so many families. It is supposed that every verse (Chhanda) of this Stotra has the power of Mantra and is helpful in getting the dreams materialized.

Due to the effect of Bhaktamar Stotra, Acharya Mantunga automatically came out of prison. The watchman saw this miracle, but thinking about the self-ignorance, he again closed Acharya in prison and checked the locks firmly. But after sometime locks of prison again opened and Acharya were free again. Seeing this the watchman hurried to the king and told him about the event. King came there and he ordered the soldiers to tie Acharya firmly with strong chains and kept in the prison having 48 locks. Acharya again recited Bhaktamar Stotra and all the 48 locks with chains broken. Acharya automatically came out of prison. Looking this miracle, King Bhoj felt down in the feet of Acharya, he pardoned for his mistake again & again.

After this, Acharya Mantunga entered the city of Dhara, due the effect of preaches & Tapa of Mantunga, so many peoples accepted Jain Dharma (religion).

Later on Acharya Mantunga stayed at Bhojpur he practiced for penance & meditation, tried to get rid of worldly affection & aversion. At the end, he accepted 'Sallekhana Vrit' and give up his body doing Tapa. Shrine of Acharya Mantunga and his Siddha Shila (a rock where Acharya seated for Tapa & meditation) is also here in Bhojpur. A pair of footprints of Acharya Mantunga are installed on the shrine.At a distance of 13 km from Dhara, in the village 'Ahu', ruins of 48 pillars may be seen where Acharya were kept during prison.Later on a huge temple of Bhagwan Shantinath was constructed here by the consent of King Bhoj and 22½ feet high standing idol of Bhagwan Shantinath was installed in the huge sanctum of temple.

Apart from the above many temple and sculpture are found in Madhya Pradesh.

**To Be Continued In The Next Issue**

❑❑❑

.
76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

(ક્રમશઃ પાનું ૫૨ થી)

સ્વીકારની સાથે સાથે વતન, વતનનું ઘર, શેરી, વતનની ધૂળ, માટી, તાંબા - પિત્તળના વાસણો ઘડાવાનો એ રણકાર, સીમ, વૃક્ષો, વગડો, વન, રૂપેણ - સરસ્વતીથી લઈને ગંગા-યમુના-હંબર નદીઓ, તારંગાની ટેકરીઓથી લઈને મુન્નાર ને હિમાલય, સોમનાથના દરિયાથી લઈને પૂરી ને કન્યાકુમારીનો દરિયો, ભેડાઘાટ, અમરકંટક, ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ, બદરીનાથ, નાયગરા, આકાશ, અવકાશ, ગ્રહો, ઉપગ્રહો - સમગ્ર બ્રહ્માંડનો ઋણ સ્વીકાર... સહુએ મને અઢળક પ્રેમરસ, સૌંદર્યરસ પાયો છે, જીવન ધન્ય ધન્ય બનાવ્યું છે, ને જે બાકી રહી ગયું છે તેને માટે ફરી ફરી મનુષ્ય અવતાર લેવાનું મન ન થાય તો જ નવાઈ.

આ ક્ષણે હું જાણે મારા અંતિમ સમયમાં પહોંચી ગયો છું તે મારી અંદરનો દીવો, બુઝાઈ જતાં પહેલાં, વધારે તેજ ફેલાવે છે. ઘોડિયામાં બાળક જેમ લખારી કરે તેમ આ અંતિમ સમયમાં મારી વૃદ્ધચેતના લખારીએ ચડી છે. સાંધ્ય આરતીના દીવાની જેમ એક પછી એક પ્રગટતાં જાય છે ખૂબ જૂનાં સ્મરણો ને અજવાળું અજવાળું થતું જાય છે જાણે દેહની ભીતર અને બહાર. હોલવાતાં પહેલાં બધી ઈન્દ્રિયો પણ વધારે ઓજસવતી બની છે. બહેરા કાનને સ્પષ્ટ સંભળાય છે ગજેન્દ્ર મોક્ષનો પાઠ. લગભગ અંધ આંખોને દેખાય છે ગીતાના પંદરમાં અધ્યાયના શ્લોકોનું અજવાળું, શિવે જટામાં ઝીલેલી એ ક્ષણની ગંગાના જળનો સ્વાદ જાણે મારી જીભ ઉપર ને તાળવામાં તો જાણે કૈલાસ પર પ્રગટતા સૂર્યનું અજવાળું અજવાળું તથા માનસરોવરની પ્રશાંત શીતળતા... ષટ્ચક્રમાં જાણે વારે વારે દોડ્યા કરે વીજઝબકાર...

ધીમેથી આંખો ખોલું છું. મારી પથારીની આજુબાજુ સ્વજનો વીંટળાયાં છે. (પાણિયારે દીવો કરી દીધો હશે, ગંગાજળની લોટી, તુલસીપત્ર, ચોકો કરવા માટે ગાયનું છાણ વગેરે સામગ્રી તૈયાર રાખી હશે...) દીકરીનો ચિંતાભર્યો અવાજ મારા કાને પડે છે -

'પપ્પા, મને ઓળખી?'

હોઠના ખૂણેથી સ્મિત રેલાવી તથા આંખોમાં સ્મિત ચમકાવી હું 'હા' પાડું છું. દીકરી જન્મી એ ક્ષણે તો જાણે મારી અંદર હજાર હજાર નવરાત્રિના લાખ લાખ દીવા પ્રગટી ઊઠેલા ઝળહળ ઝળહળ! ને દીકરીના જન્મવેળાના રૂદનમાં મને સંભળાયા હતા એની કન્યાવિદાય વેળાના શરણાઈના સૂર...

મનોમન દીકરીને કહું છું -

'તને સંભળાય છે બેટા? દૂર... સુદૂર ક્ષિતિજમાં બજે છે એ શરણાઈના મંગલ સૂર?! હું આવીશ પાછો, મોક્ષ નહિ, હુંય માગું નરસિંહની જેમ વારંવાર અવતાર; શ્રી અરવિંદ કહેતા, મળેલાં જ મળે છે, આપણેય મળતાં રહીશું વારંવાર...'

અરે! દીકરીની આંખમાંથી તો આ રેલા ચાલ્યા... ઊંચકાતો નથી મારો અશક્ત હાથ... દીકરીનાં આંસુ લુછવા; પણ મારી નજરથી લુછું છું એનાં આંસુ... મારી આ નજર જોઈ એનાં આંસુ અટકેય છે. મનોમન હું એને જે કહું છું એ બધું એના સુધી પહોંચેય છે.

મારી નજર પડે છે મારા પુત્ર પર. એના ચહેરા પરના ધીર, વીર ભાવોમાં છુપાયેલી ચિંતાની રેખાઓ કળાય છે. ભાવુકતા છુપાવીને એ કાઠો હોવાનો ડોળ કરે છે.

થાય છે, સંતાનોનાં સંતાનો ભણી જો નજર કરીશ તો પછી એ નજર પાછી નહિ વાળી શકું, આથી આંખો મીંચું છું ને નજર ભીતર ભણી વાળું છું. આ ક્ષણે જાણે અનુભવાય છે - 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...'

આમ જુઓ તો ક્યાં છે કશુંય અંતિમ?! આમ જુઓ તો ક્યાં કશુંય નાશ પામે છે?!

મારી આંખોને નંબર આવ્યા એ અગાઉ તો મારી આંખોનું તેજ પ્રગટી ઊઠેલું મારા સંતાનોની આંખોમાં... મારી આંખોમાં મોતિયો આવ્યો એ અગાઉ તો મારી આંખોનું તેજ ઝળહળી રહેલું સંતાનોનાંય સંતાનોની આંખોમાં...

મારાં બે જન્મ વચ્ચેનો અવકાશ ધબકે છે મારાં મૃત્યુકાવ્યોની પંક્તિઓ વચ્ચેના અવકાશમાં...

પંચમહાભૂત ફરી પહેરાવશે મને વસ્ત્રો ને હું આવીશ પાછો.

મારી પથારીની આજુબાજુ બેઠેલાં પ્રિયજનો તરફ મારી હોલવાતી જતી નજર ફેરવવાનું વળી મન થઈ આવે છે પણ આંખો મીંચેલી જ રાખું છું. મારા મરણ પછીયે આ આંખો મીંચાવાની નથી. સમયસર નેત્રદાન થશે તો મારી આ આંખોથી બે જણા જોઈ શકશે જગતને... મારી બંને કિડની થકી મળી શકશે બે દરદીઓને નવજીવન...

મારો અવાજ ચાલ્યો ગયો છે બે દિવસથી... પણ, ભૂતકાળમાં નજર કરું છું તો સંભળાય છે - દીકરો યુવાન થયો ને એનો અવાજ બદલાયો એ ક્ષણે જ મારા અવાજનો રણકો રોપાઈ ગયેલો એના અવાજમાં! હૂબહૂ! મારાં ન વહેલાં આંસુઓય જાણે રોપાઈ ગયાં છે મારી દીકરીના હૈયામાં...

મંગલ વિદાયનો મને અણસાર આવેલો ત્યારે જ મેં યાદ કરાવ્યું હતું દીકરાને મારું વસિયતનામું. ખાસ તો યાદ કરાવેલું નેત્રદાન, કિડનીદાન. લખ્યું હતું મેં વસિયતનામું ખૂબ અગાઉથી કારણ, મરણ જેટલું નિશ્ચિત બીજું કશું જ નથી જીવનમાં. મારા જન્મ સાથે જ જન્મ્યું હતું મારું મરણ. મારી સાથે જ ઉછરતું ગયું મારું મરણ. મારા આ દેહના અંત સાથે જ મારા મરણનોય અંત.

ઉનાળામાં ક્યારેક અળાઈઓ થઈ હશે ને માએ શંખજીરૂ લગાવ્યું હશે એ સિવાય કદી પાઉડર પણ લગાવ્યો નથી. ક્યારેય કોઈ સુગંધિત સ્પ્રે છાંટ્યો નથી કે કાનમાં અત્તરનું પૂમડું ખોસ્યું નથી. મારા મૃતદેહને માત્ર સફેદ કપડું ઓઢાડજો. એને ફૂલ, અબીલ, ગુલાલ કે કશાયથી શણગારશો નહિ.

મારા પિતા કર્મકાંડમાં માનતા. આથી માતા-પિતાની પાછળ મેં બધી જ વિધિ કરાવેલી. મુંડન કરાવેલું. પણ હું એ બધી વિધિમાં માનતો નથી. આથી મારી પાછળ કોઈ વિધિ કરશો નહિ એવો આદેશ તો નથી આપતો. પણ જો વિધિ ન થાય તો એય મને ગમશે. અને જો બધી વિધિ કરવાની સંતાનોની ભાવના હોય તો એમની ભાવનાને ઠેસ ન પહોંચે એય મને ગમશે - આવું બધું લખેલું વસિયતનામામાં...

આ ક્ષણે નાભિશ્વાસ શરૂ થઈ ગયો છે. કેવળ નાભિ ઊછળે છે, હાથ-પગ શાંત થઈ ગયા છે ને ઠંડા ને ઠંડા પડતા જાય છે. મારું હૃદય તો ધબકતું રહેવાનું છે સંતાનોના હૈયામાં ને એમનાંય સંતાનોના હૃદયમાં...

આ ક્ષણે શ્વાસ ખૂબ ઝડપથી ચાલે છે. શ્વાસનેય જાણે ઉતાવળ છે પંચમહાભૂતમાં ભળી જવાની. પડિયામાં દીવો પેટાવીને લોકો ગંગાના પ્રવાહમાં મૂકે એમ હુંય જાણે મનોમન મારું હોળું પેટાવીને વહેતું મૂકું છું ગંગામાં...

હું વહી રહ્યો છું ગંગામાં...

હું વહી રહ્યો છું અવકાશમાં...

(૧૬/૮/૨૦૧૭) ❑❑❑

- બી/૩૦૩, અર્જુન ગ્રીન્સ,
મેનારવ હોલ પાસે, ઘાટલોડિયા,
અમદાવાદ - ૩૮૦૦૬૧.

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

## અંતિમ લખારી

## ચોગેશ જોષી

આંતરકૃતિત્વને જાણનાર અને માણનાર, ઝીણી નજરે જોનાર અને પારખનાર એવા સેજલબહેનનો મેઈલ આવ્યો હતો. (૨૭ માર્ચ, ૨૦૧૭ ના રોજ) - 'પ્રબુદ્ધ જીવન' માટે નિમંત્રણ પાઠવ્યું હતું. વિષય હતો, 'જો મારા જીવનનો આ અંતિમ પત્ર હોય કે ડાયરીનું પાનું હોય તો હું એમાં શું લખીને જવા ઈચ્છું.'

૨૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ વોટ્સએપ પર સંદેશો આવ્યો, 'તમારા કાલ્પનિક અંતિમ પત્રની રાહ છે... શું લાગે છે, મળશે મને ?'

આ ક્ષણે અંતિમ પત્ર (કાલ્પનિક) લખવા માટે કલમ હાથમાં લઉં છું ને હું જાણે પહોંચી જાઉં છું મારા અંતિમ સમય (વાસ્તવિક ?!) માં... કપાયેલો પતંગ અદ્ધરની હવામાં લાગી જાય ને પવન પડી ગયો હોવા છતાંય એ પતંગ ઊંચે ને ઊંચે જતો જાય એમ હુંય જાણે જતો જઉં છું ઊંચે ને ઊંચે... ચારેકોર વૈતરણીના કાદવ જેવો અસીમ અંધકાર ને પેલે પાર આંખો અંજાઈ જાય તેવું તેજસ્વી અજવાળું મને સાદ પાડે છે એના બેય હાથ લંબાવીને... ને મનેય મન થઈ આવે છે આ લોકની વિદાય લેવાનું, મને સાદ પાડતા મંગલ અજવાળા ભણી જવાનું; સ્વજનો, પશુ-પંખી-વનસ્પતિ-જીવ-જંતુઓ, - સમગ્ર જીવસૃષ્ટિને 'આવજો' કહેવાનું... જે નિર્જીવ લાગે છે એની ભીતર રહેલા 'જીવ' સમા ન્યુક્લિઅસ, ઈલેક્ટ્રોન્સ, પ્રોટોનનેય 'આવજો' કહેવાનું...

જગતમાં જે સુંદર છે, અસુંદર છે; સજીવ છે, નિર્જીવ છે - સહુએ મને ભરપુર જીવાડ્યો છે. જન્મ પછી મને માનું ધાવણ મળ્યું એ જ તો જાણે જગદ્‌જનનીનો સાક્ષાત્કાર... ધાવતો ત્યાં લગી માનો ઋણી હતો પણ અન્નપ્રાશનની ક્ષણથી હું રવિન્દ્રનાથ કહે છે તેમ, જગત આખાનો ઋણી થઈ ગયો... એનું ઋણ ચુકવાય તેમ નથી; પર્યાવરણનું ઋણ પણ ચુકવાય તેમ નથી... ઊંઘવા માટે મને અંધારું મળ્યું ને જાગવા માટે, જાગીને જોવા માટે અજવાળું ! મ્હોરવા, મહેકવા માટે મને ૭-૭ ઋતુઓ મળી... !

માએ પ્રથમવાર મને ઘોડિયામાં સુવાડ્યો, ઝુલાવ્યો એ ક્ષણે માત્ર મારા કાનને નહિ, પણ સમગ્ર દેહને નરસિંહના ઝૂલણાનો અનુભવ થયો. માના હાલરડાનો લય, સ્વર કાને પડ્યો તો કાન જાણે થઈ ગયા હોઠ ને ધાવવા લાગ્યા મારી માતૃભાષો, ગળથૂથીમાંના મધની જેમ મળ્યો મને માતૃભાષાનો મધમીઠો છંદોલય...

થોડો મોટો થયો એ પછી, ઓટલા પર મોટી બાના રેશમી ખોળામાં માથું મૂકીને સૂતો હોઉં; આજુબાજુ મા ઉપરાંત શેરીની નાની મોટી સ્ત્રીઓ બેઠી હોય, ને મોટી બા બધાંને પ્રેમાનંદના આખ્યાન સંભળાવતાં હોય - 'કુંવરબાઈનું મામેરૂં', 'નળાખ્યાન' વગેરે. ઊંઘના ઘેનમાં હુય એ સાંભળતો ગર્ભમાં રહેલા અભિમન્યુની જેમ. મોટી બાના બહેન - લહેજા, આનંદથી ઊંચો થતો એમનો સ્વર કે પાત્રના દુ:ખથી ભારે, ગળગળો થતો એમનો સાદ... એમની આંગળીઓ મારા વાળમાં ફરતી રહેતી ને પાંખો ફફડાવતી પરીઓ ક્યારે એમના દેશમાં લઈ જતી, કશી ખબર રહેતી નહિ. એ પરીઓની પાંખોનો અવાજ હજીય ઘણી વાર મારા કાનમાં ગુંજે છે. એ સમયના ઘણા બધા દશ્ય-શ્રાવ્ય (અંશો) હજીય જળવામાં છે મારી ધબક્ ધબક્ કરતી હૃદય-દાબડીમાં. (વીડીઓ - ક્લિપ્સ કોઈ હાર્ડ ડિસ્કમાં સ્ટોર કરવાની જરૂર જ ક્યાં હતી ?! અને આમેય હાર્ડ-ડિસ્ક ક્યાં કશુંય સાચવવાની હતી ?! હૃદય-દાબડીમાં સચવાય એટલું સાચું.)

કેટકેટલું સચવાયું છે નાની એવી મારી (હૃદય-દાબડી)માં - જન્મ પછીનો માનો સ્પર્શ, માની સોડમ, મોટી બાનો સ્પર્શ, પિતાશ્રીના કંઠે વહેતા સ્તોત્ર, પાટીમાં ઘૂંટાતો એકડો, પાટીમાં લખવાની પેનનો સ્વાદ, ક કમળનો ક (એમ બોલતાં જ, મારે કમળ જોઈએ - ની જીદ), 'ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ', 'શાન્તાકારમ્...', 'યાકુન્દે...' બાળગીત ગાતી વખતે સીતારામ માસ્તરનું હાલતું ડોકું, નાસ્તાના ડબ્બામાંનાં ઢબરાં પરનું થીજેલું સુગંધીદાર કણીદાર ઘી, નાસ્તાના ડબ્બામાંથી ચોરાઈ ગયેલા સુખડીના બે ટુકડા, કબૂતરોનું ઘૂઘૂઘૂ..., કબૂતરની ડોકમાં ચળકતા રંગો, મંદિરના શિખર પર બેઠેલો મોર, મોર એકાદ પીંછું ખેરવે તેની પ્રતીક્ષા, કંદોઈની દુકાન પાસે કાબરની ચાંચમાંનો ગાંઠિયો, શેરીની એ રમતો - ગિલ્લી-દંડા, વખત-રેંટ-મૂઠ-નાળ... ટપ્પી પડ્યા વિના જ લખોટી તકાવાનો એ કાવ્યધ્વનિ, સ્થિર ઘુમતા એ ભમરડાનું ગુંજન, મંદિરમાં આરતી ટાણે નગારું વગાડવા માટેની રાહ, એ ઘંટરાવ... (અત્યારેય જાણે ક્ષિતિજ પાર થતો ઘંટારાવ મને સાદ પાડે છે.) ખાખી ચડ્ડીના બદલે પેન્ટ, પરીક્ષાની ચિંતા, શૈશવને વધારે સ્ફૂર્તિલું બનાવનાર કસરત-શિક્ષક હિરાભૈ, ફિઝિક્સની સાથે મેટાફિઝિક્સ પણ ચેતનામાં રોપનાર પંડ્યા સાહેબ (સી.જે. પંડ્યા), મારા સર્વ ગુરુજનો, મારી સર્જકતાને સંકોરનાર સહુ મુરબ્બીઓ અને મિત્રો - આ બધાયના ઋણ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૧)

Postal Authority Please Note : If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : Sejal M. Shah
Temporary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.